# નિર્વાણમાર્ગનું રહસ્ય

વિવેચન લખનાર :
ભોગીલાલ ગિ. શેઠ

## શ્રીમદ્ રાજચંદ્ર

# નિર્વાણમાર્ગનું રહસ્ય

## વચનામૃત ૧૭૨ તથા ૮૭૫ પર વિવેચન)

વિવેચન લખનાર :
ભોગીલાલ ગિ. શેઠ

પ્રકાશક : શ્રે.મસ પ્રચારક સભા :
શ્રી એ. એમ. મહેતા
મોરવી હાઉસ, ત્રીજે માળે
ફલેટ નાં. ૩૫,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુબઈ- ૪૦૦ ૦૦૧
ફોન. : ૨૨૬૧ ૨૪૫૪.

૨.

પ્રાપ્તિ સ્થાન:

(૧) મોરવી હાઉસ, ત્રીજે માળે
ફલેટ નાં. ૩૫,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુબઈ- ૪૦૦ ૦૦૧
ફોન. : ૨૨૬૧ ૨૪૫૪.

ફોન: ૨૦૧ ૩૯ ૮૭

(૨) જયંતિલાલ ત્રિકમલાલ સંઘવી
૫૦-બી સ્થા. જૈન સોસાયટી,
નારણપુરા રેલ્વે ક્રોસીગ પાસે - ચાડજ
અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન. ન. ૪૦૦ ૦૩૦, ૪૬૫ ૯૫૭

(૩) ગીરીશ છોટાલાલ ભીખાણી
બી-૨, સિધ્ધાત, ક્રોક રોડ,
શારદાબાગ સામે
રાજકોટ ૩૬૦ ૦૦૧
ફોન ન. ઘર:- ૪૬૮ ૨૧
- દુકાન:- ૨૭૩ ૫૦

મુદ્રક : સુમિત રામ કોઠારી, કોનમ પ્રિન્ટર્સ,
ડાયેના સિનેમાની ગલીમાં, તારદેવ
મુંબઈ ૪૦૦ ૦૩૪, ફોન ૩૦૬ ૯૨૨૨

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

ત્રિવિધ તાપથી શેકાતા અને બળતા જીવોને એક સત્ પુરૂષો અથવા જ્ઞાનીપુરૂષો અને તેમનાં અમૃત-વચનો જ શીતળ જળ સમાન છે. આ ભયાકુળ સંસારને વિષે અન્ય કોઈ શરણરૂપ સાધન થયું નથી, છે નહીં અને થશે નહીં. જ્યાં સુધી આ સાધન છે અને તેનો આશ્રય છે, ત્યાં સુધી જ જીવને સુખ છે, શાતા છે; અને તેમાંય સત્પુરૂષનો સમાગમ-યોગ એ પરમોત્કૃષ્ટ સાધન છે.

એક વિદ્વાન પુરૂષે કહ્યું છે કે– ' હજાર ઉપદેશ કરતાં એક યુક્તિની અસર વધી જાય છે; હજાર યુક્તિઓ કરતાં એક આગમ-આપ્તપુરૂષનાં વચનની અસર વધી જાય છે; હજાર આગમ કરતાં એક દૃષ્ટાંતની અસર વધી જાય છે અને હજાર દૃષ્ટાંતો કરતાં પણ એક સંસર્ગની-સત્સમાગમની અસર વધી જાય છે. "

મહાત્મા શંકરાચાર્યજીનું એક વાક્ય છે :—

क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका ।

" ક્ષણવારનો પણ સત્પુરૂષનો સમાગમ તે સંસારરૂપ સમુદ્ર તરવાને નૌકારૂપ થાય છે. "

આ લઘુ ગ્રંથમાં પરમ આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પોતાના શિષ્ય મુનિશ્રી લલ્લુજી મહારાજ ( પ્રભુશ્રી ) ઉપર લખાયેલ બે અમૃતપત્રો નં. ૧૭૨ તથા ૮૭૫ પરનું વિવેચન છે. તે પત્રોમાં નિર્વાણમાર્ગનું રહસ્ય પ્રગટ કરતાં એ પરમ-કૃપાળુ પુરૂષે ઉપર કહ્યો તે ભાવ ઉલ્લાસથી ગાઇ, તેનો વિસ્તાર કરી સાચા મુમુક્ષુજનો પર પરમ ઉપકાર કર્યો છે. સમીપ-મુક્તિગામી જીવને પ્રતિપાદિત કરેલો ત્રિકાળી સત્ય સિદ્ધાંત

સહજ પ્રતીતરૂપ થવા યોગ્ય છે. વ્યવહારજ્ઞાનની પ્રાપ્તિ વ્યવહાર-જ્ઞાનના નિષ્ણાત પુરૂષ પાસેથી થઇ શકે છે તેમ પરમાર્થજ્ઞાનની પ્રાપ્તિ પરમાર્થજ્ઞાનના અનુભવી મહાત્મા પાસેથી થઈ શકે એ સમજાય તેવો પ્રકાર છે. પરમકૃપાળુ શ્રીમદ્‌જીએ આપેલ આ બોધ સહુને હિતકારી અને કલ્યાણકારી થાઓ.

ભાવનગર, સાધના પ્રેસવાળા શ્રી ગિરધરલાલ ફુલચંદ શાહે આ ગ્રંથ સમયસર છાપી તૈયાર કરી આપ્યો તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

૩૪, મોરબી હાઉસ, ગોવા સ્ટ્રીટ, લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૧ સંતચરણોપાસક
તા. ૨૧-૫-૧૯૭૭ ભોગીલાલ ગિ. શેઠ

*

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના

આત્માના માર્ગે ભવ્ય જીવોને વાળવામાં સહાયરૂપ થનાર આ ગ્રંથની પહેલી આવૃત્તિની નકલો ખલાસ થવાથી અને વાચક વર્ગ તરફથી આ ગ્રંથની માગણી ચાલુ રહેવાને કારણે બીજી આવૃત્તિ પ્રગટ કરીએ છીએ.

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રનાં પત્રાંક નં. ૧૭૨ અને ૮૭૫ની ઊંડાણભરી સમજણ આપી આ ગ્રંથની મૂલ્ય-વત્તા સમજાવનાર શ્રી ભોગીલાલ ગિ. શેઠનો દેહોત્સર્ગ તા. ૨૨-૭-૧૯૮૧ના રોજ થયો એ સખેદ નોંધીએ છીએ.

આ બીજી આવૃત્તિ શ્રેયસ પ્રચારક સભાના ટ્રસ્ટીઓ તરફથી પ્રકાશિત કરવામાં અમને અત્યંત હર્ષ થાય છે.

તા. ૧-૬-૮૩ શ્રેયસ પ્રચારક સભાના ટ્રસ્ટીઓ.

જે તીર્થંકરદેવે સ્વરુપસ્થ આત્માપણે થઈ—વક્તાવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.

પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારનાં ફળમાં સત્પુરૂષને વિષે જેનાં વચનથી ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરના વચનને નમસ્કાર કરીએ છીએ.

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત્મારૂપ પુરૂષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે, તે જીવ પ્રાપ્ત થવા અર્થે યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે, પ્રાપ્તિ ન થઇ, તે જીવ જે વડે સહજ પ્રાપ્ત થાય છે, તે જ કહેવા વિષે જેનો ઉદ્દેશ છે, તે તીર્થંકરનાં ઉદ્દેશ વચનને નમસ્કાર કરીએ છીએ.

—શ્રીમદ્ રાજચંદ્ર (૪૩૬)

અહો ! સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ,
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસપ્રધાન માર્ગના મૂળ
સર્વજ્ઞદેવ,
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતીત કરાવ્યો
એવા પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવ,
આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો, જયવંત વર્તો.

—શ્રીમદ્ રાજચંદ્ર
( હાથનોંધ ૩/૨૪ )

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.
શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.
ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.

—શ્રીમદ્ રાજચંદ્ર
( શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર )

# વિષયસૂચિ


વચનામૃત નં. ૧૭૨ .... .... ૧

વિવેચન .... .... ૨

પરમાર્થમાર્ગનો મર્મ .... .... ૧૩

વિદ્યમાન સત્પુરૂષની જરૂર શા માટે છે ? ૧૫

સત્પુરૂષ અને જ્ઞાનીપુરૂષ .... ૨૪

સત્પુરૂષની પ્રાપ્તિ કેવી રીતે થાય .... ૨૬

તેમની પ્રાપ્તિ થયા પછી શ્રદ્ધા કરવી .... ૨૯

નિર્વાણમાર્ગ માટેના સાત બોલ :

૧ નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો .... ૩૦

૨ સત્પુરૂષની ભક્તિ પ્રત્યે લીન થવુ .... ૩૦

એ ભક્તિ પ્રાપ્ત કેવી રીતે થાય ? .... ૩૯

૩ સત્પુરૂષોનાં ચરિત્રોનું સ્મરણ કરવુ .... ૪૩

૪ સત્પુરૂષોનાં લક્ષણનું ચિંતન કરવું .... ૫૩

૫ સત્પુરૂષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું .... ૬૨

૬ તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં .... ૬૮

૭ તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું .... ૮૨

આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું .... ૯૨
એ જ સર્વ શાસ્ત્રનો મર્મ પામવાનો
મહામાર્ગ છે .... ૯૬
ગમે તો આજે, ગમે તો કાલે.... .... ૯૮
સર્વકાળ એ જ કહેવા જીવવા ઈચ્છનાર .... ૧૦૦
ઉદાસીનતા પ્રેરક વચનો .... .... ૧૦૨
વચનામૃત નં. ૮૭૫ :
સત્પુરૂષનો અચિંત્ય ઉપકાર .... ૧૧૯
વિવેચન : .... .... ૧૨૨
અહો, સત્પુરૂષનાં વચનામૃત .... ૧૨૪
સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર .... ૧૩૪
સ્વરુપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ .... ૧૩૬
પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવ .... ૧૪૨
છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી .... ૧૪૫
શ્રી સદ્ગુરુ મહિમાદર્શક વચનો .... ૧૪૮

# શ્રીમદ્ રાજચંદ્ર

# નિર્વાણમાર્ગનું રહસ્ય

## પરમ આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રનો
## અમૃત પત્ર (નં. ૧૭૨)

મોહમયી કાર્તિક સુદિ ૧૪, બુધવાર ૧૯૪૭

સત્ જિજ્ઞાસુ માર્ગાનુસારી મતિ,
ખંભાત.

ગઈ કાલે પરમ ભક્તિને સૂચવનારૂં આપનું પત્ર મળ્યું. આહ્‌લાદની વિશેષતા થઈ.

અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે; આ એક અવાચ્ય, અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે. જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?

---

આ પુસ્તકમાં કૌંસમાં આપેલ આંક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસથી પ્રગટ થયેલ પુસ્તક "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથના છે, તેની નોંધ લેવા વિનંતિ છે.

( ૧ ) નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો;
( ૨ ) સત્પુરૂષની ભક્તિ પ્રત્યે લીન થવું;
( ૩ ) સત્પુરૂષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું;
( ૪ ) સત્પુરૂષોનાં લક્ષણનું ચિંતન કરવું;
( ૫ ) સત્પુરૂષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું;
( ૬ ) તેનાં મન, વચન કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં;
( ૭ ) તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.

આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું, નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે, સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય, પરમ રહસ્ય છે. અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો, ઇશ્વરના ઘરનો મર્મ પામવાનો મહા માર્ગ છે.

અને એ સઘળાનું કારણ કોઇ વિદ્યમાન સત્પુરૂષની પ્રાપ્તિ, અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે.

અધિક શું લખવું ? આજે, ગમે તો કાલે, ગમે તો લાખ વર્ષે અને ગમે તો તેથી મોડે અથવા વહેલે, એ જ સુઝયે, એ જ પ્રાપ્ત થયે છૂટકો છે. સર્વ પ્રદેશે મને તો એ જ સમ્મત છે.

સર્વ કાળ એ જ કહેવા માટે
જીવવા ઇચ્છનાર રાયચંદની
વંદના.

**વિવેચન** : મુનિશ્રી લલ્લુજી મહારાજ ઉપર લખાયેલ અદ્‌ભુત માર્ગદર્શકરૂપ, માર્ગનો મર્મ બતાવનાર આ પત્ર અહીં પૂરો થાય છે; અને પૂજ્ય અંબાલાલભાઈ મારફત તેમને મોકલાય છે. જીવ સ્વભાવથી એટલે સમજણના અભાવે વિકલ્પી છે અને દોષ જોવાની વૃત્તિવાળો છે તે પરમ કૃપાળુ ભગવતના જ્ઞાનમાં હોઈ શ્રી અંબાલાલભાઈ ઉપરના પત્રાંક ૧૭૧ જેની સાથે આ પત્ર નં. ૧૭૨ બીડેલ હતો, તેમાં ચેતવણીરૂપ વચનો લખ્યાં છે. તે આ રહ્યાં :—

“પત્ર લખવાનો ઉદ્દેશ મારા પ્રત્યે ભાવ કરાવવા માટેનો છે, એમ જે દિવસ જણાય તે દિવસથી માર્ગનો ક્રમ વીસર્યા એમ સમજી લેજો. આ એક ભવિષ્યકાળે સ્મરણ કરવાનું કથન છે.”

આ ચેતવણી આપવાનો અર્થ એવો નથી કે શ્રી અંબાલાલભાઈ ( કે મુનિશ્રી ) પત્રમાં જણાવેલ આશયવાળો ભાવ કરશે તેથી ચેતાવ્યા છે; પરંતુ વાતની જાગૃતિ રહે અને વર્તમાન કે ભવિષ્યમાં જરા સરખો અન્ય પ્રકારનો અસત્ય વિચાર સ્વપ્નમાં પણ ન આવે તે હેતુએ વચનો લખ્યાં છે. ઉપરાંત આ ચેતવણી–આ વચનો વાંચનાર, સમજવાનો પ્રયાસ કરનાર આપણા સહુ માટે છે એ પણ વિસ્મરણ કરવા યોગ્ય નથી.

**હવે પત્રના લખાણ તરફ વળીએ.**

પ્રથમ મુનિશ્રીને કરેલું સંબોધન વિચારીએ. પરમ કૃપાળુ ભગવંતની શૈલી એવી અદ્વિતીય, સચોટ અને અર્થભાવસૂચક

છે કે વાંચનાર તેમાંથી ઘણું મેળવી શકે, સુવિચારવાન હોય તો અંતર્ગત ભાવ જાણી શકે, જે જાણીને તેનો આત્મા સંતોષ પામે, પ્રસન્ન થાય, અહોભાવ સંપન્ન થાય અને તેના નિર્મળ શીતળ ઝરણથી ઠરી જાય. પોતપોતાની દશાનુસાર તેને અર્થ સમજાય અને તે પ્રમાણમાં લાભનું કારણ થાય. આ શૈલીમાં જે પ્રકારે સંબોધન કરવામાં આવ્યું હોય, તે તેની આત્મ-સ્થિતિ બતાવનાર હોય છે. રાગ કે રાગની અતિરેકતા ન હોવાને લીધે અને જ્ઞાનની નિર્મળતાને કારણે સંબોધનમાં જીવની જે ભૂમિકામાં સ્થિતિ હોય તે જ યથાર્થતાએ દર્શાવવામાં આવી હોય છે; તેનાથી અધિક કે ન્યૂન ભાવદર્શક વચનો ક્યારે પણ ઉપયોગમાં લીધાં નથી, તે કૃપાળુ ભગવંતની જ્ઞાનપ્રકાશની ઉજ્વળતા અને નિર્મળતા, રાગદ્વેષ રહિતપણું, પ્રમાણિકતા અને સત્યતાનો ઉઘાડી રીતે સ્પષ્ટ નિર્દેશ કરી જાય છે. આ ઉત્તમ ગુણોને અમારા તમારા પ્રેમવંદન હો!

અહીં મુનિશ્રીના સંબોધનમાં પ્રથમ શબ્દ છે, "સત્ જિજ્ઞાસુ." જેના હૃદયમાં સત્ એટલે શુદ્ધાત્મા પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા, પ્રબળ ઇચ્છા થઈ છે તે સત્ જિજ્ઞાસુ; જેના અંતરમાં સત્‌ની જેને પ્રાપ્તિ થઈ છે એવા જ્ઞાની પુરૂષ કે સત્પુરૂષના એકાંત કલ્યાણકારી સમાગમ યોગની અભિલાષા તીવ્રપણે વર્તે છે, તે સત્ જિજ્ઞાસુ. તેથી મુનિશ્રીની અંતરંગ દશાસ્થિતિ આ પ્રમાણે છે.

સંબોધનના બીજા શબ્દમાં "માર્ગાનુસારી મતિ" એમ કહ્યું. માર્ગને એટલે કલ્યાણમાર્ગને, પરમાર્થમાર્ગને,

વીતરાગમાર્ગને કે જ્ઞાનીના માર્ગને અનુસરવાની, માર્ગ પર ચાલવાની બુદ્ધિ જેની થઈ છે તે "માર્ગાનુસારી મતિ" જ્ઞાનીનો માર્ગ યથાતથ્ય જેમ છે તેમ જાણવો હોય તો તે માત્ર જ્ઞાની પુરૂષના સમાગમ યોગે જાણી શકાય. આ રહસ્યભાવની સમજણ મુનિશ્રીને છે તેથી પ્રથમના સંબોધનમાં "સત્ જિજ્ઞાસુ" શબ્દો લખ્યા. જો માત્ર સત્ જિજ્ઞાસુ હોય અને માર્ગમાં પ્રવેશી ચાલવાની બુદ્ધિ ન થઈ હોય, માર્ગનું આરાધન કરવાની વૃત્તિ ઊઠી ન હોય એટલે તેટલી શિથિલતા હોય, તેટલો પ્રમાદ હોય તો તેને "સત્ જિજ્ઞાસુ" એટલું જ સંબોધન સંભવે. મુનિશ્રીને આજ્ઞામાં રહી પરમાર્થમાર્ગનું આરાધન કરવાની બુદ્ધિ થઈ છે.

આ પછી પત્રનો પ્રારંભ થાય છે, તેમાં મુનિશ્રીનો પરમ કૃપાળુ દેવ પ્રત્યે પરમ ભક્તિ દર્શાવતો પત્ર મળ્યાનું જણાવે છે. અહીં "પરમ ભક્તિ" શબ્દ અગત્યનો છે. આપણી સ્મૃતિમાં છે કે મુનિશ્રીએ કૃપાળુ દેવના સત્સમાગમનો, દર્શનનો અને વચનનો સૌથી પ્રથમ લાભ અંબાલાલભાઈના સહકારથી ખંભાત ક્ષેત્રે ઉપાશ્રયમાં લીધો હતો અને તે જ વેળાએ તેઓએ જ્ઞાની ભગવંતને આત્માથી ઓળખી લીધા હતા અને મુનિદશામાં હોવા છતાં ગૃહસ્થદશામાં સ્થિત એવા કૃપાળુ દેવને સ્વયં પ્રેરણાથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી આત્મશ્રેયનો માર્ગ ખુલ્લો કર્યો હતો. આ નાનકડો અને નાજુક પ્રસંગ શું સૂચવી જાય છે? પૂર્વના કોઈ રાગબંધનવાળા શુભ પુણ્યાનુબંધના ઉદયે કોઈ મનુષ્યને પ્રથમ નજરે બીજા પરત્વે સ્નેહ

ઉભરાઈ આવે છે અને પરસ્પર પ્રીતિની ગાંઠથી બંધાય છે; તેમ અહીં તેવાજ કોઈ ઉદયના પરિણામે પરમાર્થથી આત્મા આત્માનું અનુસંધાન થયું, જિજ્ઞાસુ આત્માએ જ્ઞાની આત્માની ઓળખાણ કરી, પ્રેમભક્તિના અજબ આકર્ષણે મુનિશ્રીનો દેહ શાંતરસમાં ઝૂલતા આત્મત્વપ્રાપ્ત પુરૂષનાં ચરણોમાં સહજા-સહજ ઢળી પડ્યો. અલૌકિક દૃષ્ટિના ઉઘાડથી લૌકિક દૃષ્ટિ છિન્નભિન્ન થઈ અને શ્રદ્ધા-પ્રેમ-રસ સભર અંતરના સામ્રાજ્યનો ઉદય મુનિશ્રીના હૃદયમાં શરૂ થયો.

આવી પ્રેમ શ્રદ્ધાથી વર્ધમાન થયેલી પરમ ભક્તિ તેનું કાર્ય પ્રગટતાએ ન કરે એમ બનવું કઠણ છે; મુનિશ્રીએ તે પરમ ભક્તિને ધવલ પત્ર પર વચનો દ્વારા પ્રગટ કરી અને અંદરમાં રહેલા ભાવો જણાવી કોઈ પ્રકારે સંતોષ સાથ આનંદ લીધો. સુશિષ્યનું લક્ષણ કેવું હોય તે અહીંથી સુગમ-તાએ જાણવા મળે છે; આ સ્થળે માત્ર મુખ્ય લક્ષણની વાત કહી છે.

આવો પરમ ભક્તિને સૂચવનારો પત્ર પરમ કૃપાળુ દેવને મળ્યો, વાંચ્યો ત્યારે તેમના લખવા મુજબ તેમને **આહ્લાદની વિશેષતા થઈ.**

અત્રે કોઈ એમ ધારે અને અર્થ કરે કે પરમ કૃપાળુ દેવ મુનિશ્રીની પોતા પ્રત્યેની પરમ ભક્તિથી પ્રસન્ન થયા અને માનસહિત આહ્લાદ વિશેષતાએ અનુભવ્યો, તો તેવી ધારણા તેના કલ્યાણના બારણાં બંધ કરનાર છે અને તે અર્થ

"માર્ગનો ક્રમ વીસર્યા" બરાબર છે. વાસ્તવમાં તો એમ છે કે "જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી. પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી અને મનન તથા નિદિધ્યાસનનો હેતુ થતો નથી, માટે મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્ત્તવ્ય છે એમ સત્પુરૂષોએ કહ્યું છે." (૨૦૦). વળી "જે સત્પુરૂષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણના અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે તે ભક્તિને અને તે સત્પુરૂષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!"

(૪૯૩)

ત્યારે પરમ કૃપાળુ દેવને આહ્લાદની વિશેષતા થઈ તેનાં સાચા કારણ વિચારવાં અને જાણવા ઘટે છે.

જ્ઞાની પુરૂષને સર્વ જીવ પ્રત્યે એક સરખો પ્રેમ અને કરૂણાભાવ હોય છે; તેમાં ય જે જીવ અનિત્ય અને ભયાકુળ એવા દુઃખમય સંસારથી છૂટવા ઇચ્છે છે અને અવ્યાબાધ અનંત સુખમય નિજ સ્વરૂપમાં સ્થિતિ કરવા ચાહે છે, તે જોઈ જ્ઞાની પુરૂષને આહ્લાદ ઉદ્ભવે છે, અને તે ઉદ્ભવવું સહજ જ હોય છે; ત્યાં તે જીવ અનંત કાળના પરિભ્રમણમાંથી છૂટશે તે ભાવ, કરૂણાભાવ તેમના આહ્લાદનું સ્વાભાવિક કારણ બને છે. વળી છૂટવાના કામી સત્પાત્ર મુમુક્ષુ જીવને સદ્ગુરુ

અને તેમની પ્રેમભક્તિરૂપ સત્સાધનોની પ્રાપ્તિ થતી જોઈ જ્ઞાની પુરૂષને આહ્લાદની વિશેષતા, ઉપર કહ્યું તેમ, સહજ પ્રકારે થાય છે. આવું જ મુનિશ્રીના પરમ ભક્તિને સૂચવનારા પત્રથી કૃપાળુ ભગવંતને આહ્લાદની વિશેષતા થઈ હતી અને તે વાત ગુપ્ત ન રાખતાં, મુનિશ્રીના આત્માને બળ મળે, ઇચ્છિત કાર્યમાં ઉત્સાહ વધે અને તેઓ સાચા રાહ પર છે તેનો સ્વીકાર દર્શાવતાં તેઓનો ઉમંગ ઉલ્લસિત થાય તે હેતુએ તે વાત પ્રગટ કરી અને તેમ કરવાથી મોટો ઉપકાર કર્યો એમ કહેવામાં ખોટું નથી. જ્ઞાની પુરૂષની સનાતન શૈલી આ પ્રકારની હોય છે.

શિષ્યની અંતરંગ પરમ ભક્તિરૂપ દશા એટલે તેની સત્પાત્રતા જોઈ શ્રી સદ્ગુરુને તેની યોગ્યતાનુસાર માર્ગનો મર્મ જણાવવાની વૃત્તિ સહજ સ્ફુરી આવે છે. જેથી શિષ્યનો આત્મા કલ્યાણને પામે. એ નિયમ પ્રમાણે પરમ કૃપાળુ દેવ નિર્વાણમાર્ગનું રહસ્ય સાત અદ્ભુત બોલથી પ્રગટ કરે છે, અને તેમ કરતાં પહેલાં પૂર્વ ભૂમિકા તૈયાર કરવા માટે વિચારમાં ગરકાવ કરી દે અને હૃદયમાં સોંસરાં ઉતરી જાય તેવાં અનુપમ વચનો પ્રકાશે છે, તે વચનો આ પ્રમાણે છે :—

**"અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે; આ એક અવાચ્ય, અદ્ભુત વિચારણાનું સ્થળ છે; જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?"**

અહીં પ્રથમ જ જીવની અનાદિકાળથી પ્રવાહરૂપે ચાલી આવતી ભૂલ અથવા ભ્રાંતિ બતાવી છે. એ ભૂલને વિચારદશા-રૂપ એરણ પર મૂકી, સદ્‌વિવેકરૂપ છીણી દ્વારા અને તેના પર સદ્‌ગુરુના બોધરૂપ હથોડાના મારથી દેહ અને આત્માની એકતારૂપ ભૂલ ભાંગી જાય છે અને દેહ તથા આત્મા ભિન્ન ભિન્ન પ્રકારે શ્રદ્ધામાં આવે છે. "દેહાદિથી ભિન્ન સ્વ–પર પ્રકાશક એવો જ્યોતિ સ્વરૂપ" અને "અટલ અનુભવ સ્વરૂપ" એવો આત્મા શ્રદ્ધા દર્પણમાં પ્રકાશિત થાય છે. પરંતુ તેમ થવાનું કાર્ય કેટલું વિકટ છે તે અમે બતાવ્યું છે; "અનાદિ-કાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે" (૧૬૬) છતાં ભ્રાંતિ ટળી નથી; શાસ્ત્રોમાં સહસ્રગમે જપ, તપાદિ ક્રિયાઓ ઉપદેશી છે, તે કરવા છતાં ભૂલ ભાંગી નથી અને એમને એમ ચાલી આવી છે. જે પત્રાંક ૨૬૫માં કાવ્ય દ્વારા જણાવ્યું છે.

"યમનિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો.

મન પૌન નિરોધ સ્વબોધ કિયો,
હઠ જોગ પ્રયોગ સુતાર ભયો;

જપ ભેદ જપે તપ ત્યૌંહી તપે,
ઉરસેંહિ ઉદાસી લહિં સબપૈં.

સબ શાસ્ત્રન કે નય ધારી હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ”

આથી એ સિદ્ધ થાય છે કે “ પરિભ્રમણ કરતો જીવ અનાદિકાળથી અત્યાર સુધીમાં અપૂર્વને પામ્યો નથી; જે પામ્યો છે તે બધું પૂર્વાનુપૂર્વ છે. ” (૧૮૩) અથવા “ જગતના અભિપ્રાય પ્રત્યે જોઇને જીવ પદાર્થને બોધ પામ્યો છે. જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઇને પામ્યો નથી. જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે તે જીવને સમ્યક્‌દર્શન થાય છે. ” (૩૫૮). આમ જીવને અનંત કાળથી આટલું બધું કરવા છતાં અને અત્યંત પરિશ્રમ વેઠવા છતાં પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે, તે આશ્ચર્યકારક છે. નિજ સ્વરૂપની આત્મામાં પરિણામરૂપ પ્રતીતિ આવી શકી નથી તેનું શું કારણ હશે? અને તે કેવી રીતે આવે તે ઊંડા વિચાર માગે છે. એટલે જ કૃપાળુ ભગવંતે આ વચનો કહ્યાં છે કે “ આ એક અવાચ્ય અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે. ”

આ વચનો અત્યંત ગંભીર આશયવાળાં અને મર્મયુક્ત છે. આત્માની પરિણામરૂપ પ્રતીતિનું કાર્ય ઇન્દ્રિયોના જ્ઞાન દ્વારા

મન કે બુદ્ધિ (બાહ્ય) થકી કે શાસ્ત્રોનાં બહુ વાંચન કે શ્રવણથી થતું નથી. મન કે બુદ્ધિ, વાંચન કે શ્રવણ તે કાર્યમાં માત્ર સહાયભૂત થઈ શકે, પરંતુ જે હેતુ સાધ્ય કરવાનો છે તે તેનાથી થાય તેમ બનવું અસંભવિત છે.

આ કાર્ય માત્ર વિચારણાથી થઈ શકે; અને તે વિચારણા કેવી હોય? તે જણાવવાને અર્થે પરમ કૃપાળુ દેવે બે વિશેષણો આપ્યાં છે. એક 'અવાચ્ય' અને બીજું 'અદ્‌ભુત.' આ બે વિશેષણો વિસ્તારથી અથવા ઊંડાણથી સમજવાની જરૂર છે અને ત્યારે જ મર્મ ખુલ્લો થશે.

વિચારણા કેવી કરવાની છે? તો કહ્યું કે અવાચ્ય એટલે વચનથી દર્શિત ન થઈ શકે તેવી ગુપ્ત, સહજ અને સ્વાભાવિક; અને અદ્‌ભુત એટલે વિસ્મય પમાડે તેવી, અપૂર્વ તરફ પ્રેરે તેવી, તેવું ક્યારેય ઘણું કરીને ન બન્યું હોય તેવી, અને આશ્ચર્યકારક ફળ પ્રાપ્તિ કરાવે એવી. આ પ્રમાણે ક્યારે બની શકે? તો નિઃશંકતાએ આ સમાધાન આપી શકાય કે આત્મવીર્યની પ્રેરણાથી આત્મામાં પ્રેમનું અવાચ્ય સ્ફુરણ થાય ત્યારે. એટલે આત્માની ઓળખાણ આત્માથી જ થાય છે. આત્મા પોતે જ પોતાને પોતા થકી પ્રેમ દ્વારા ઓળખી લે છે. અને તેમ થવામાં પરમ ઉત્તમ નિમિત્ત છે, સત્પુરૂષ પ્રત્યેનો પ્રેમ. આ પ્રેમની દોરીથી સત્પુરૂષનો આત્મા અને પોતાનો આત્મા જોડાય છે અને અનંતકાળની ભ્રાંતિ ટળે છે. બાકી અન્ય

પ્રકારથી, વિચારથી કે બુદ્ધિથી, આત્માની ઓળખાણ અને પ્રતીતિ આવી શકતાં નથી.

અને તે કારણે કૃપાળુ ભગવંત હવે પછીનાં વચનો સુંદર શૈલીમાં અસરકારક રીતે પ્રકાશે છે કે :—

**"જ્યાં મતિની ગતિ નથી**
**ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય ?"**

આત્મ સ્વરૂપના ગુપ્ત સ્થળે પહોંચી તેની માત્ર ઝાંખી કરવાની શક્તિ જ્યારે બુદ્ધિમાં નથી, અર્થાત્ જે સ્થળે મતિની ગતિને પહોચવા અસમર્થતા છે, ત્યાં વચન, જે સ્થૂલ છે, તેની શક્તિ ક્યાંથી હોય ? બુદ્ધિ અને વિચાર જે અતિ સૂક્ષ્મ છે અને ઘણે દૂર સુધી પહોંચવાના બળવાળાં છે, તેમ છતાં તે આ અગમ્ય અને અગોચર સ્થળે જઈ શકતા નથી; તો પછી તેનાથી સ્થૂળ–અતિ સ્થૂળ–એવાં જે વચન તે ક્યાંથી પહોંચી શકે ?

આથી તે ગુપ્ત સ્થળે એટલે આત્મસ્વરૂપની ઊંડી ઊંડી ગુફાના સ્થાનકે પહોંચવા માટે, આત્મજ્ઞાન અને આત્મદર્શનથી માંડી ઠેઠ અનંત સુખ સ્વરૂપ એવા નિર્વાણ સુધીના ઉત્તમોત્તમ કર્ત્તવ્યરૂપ કાર્યની નિઃશંક સફળતા માટેનો અચૂક ઉપાય હવે પછી સાત બોલથી શ્રી ભગવંત પરમ અનુગ્રહતાથી જણાવે

છે. એ સાત અદ્દભુત બોલને વિસ્તારથી સમજવાનો યત્ન કરીએ એ પહેલાં, પરમકૃપાળુ દેવે કહ્યું તેમ :—

**"એ સઘળાંનું કારણ કોઇ વિદ્યમાન સત્પુરૂષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે."**

એ વચનોને યથાતથ્ય સમજવાનો, તેની યથાર્થતા સિદ્ધ કરવાનો અને તેનું રહસ્ય જાણવા માટેનો પ્રયાસ કરીએ; કેમ કે તે વાત ખૂબ ખૂબ અગત્યની છે અને કલ્યાણના પ્રારંભ માટે સમજવી અત્યંત આવશ્યક છે.

"એ સઘળાંનું કારણ" એટલે નિર્વાણના અર્થે ઉપદેશેલા સાત બોલની સાચી સમજણ, સાચી શ્રદ્ધા અને સાચા આરાધનનું કારણ "એક વિદ્યમાન સત્પુરૂષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે."

**પરમાર્થમાર્ગનો મર્મ :**

કલ્યાણપ્રાપ્તિનો જે માર્ગ છે અને તેનું જે રહસ્ય છે તે શાસ્ત્રવાટે મળી શકતાં નથી. "શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરૂષના અંતરાત્મામાં રહ્યો છે." (૫૮). "'ધર્મ' એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર્ સંશોધનથી તે પ્રાપ્ત થાય છે.

તે અંતર્ સંશોધન કોઈક મહાભાગ્ય સદ્‌ગુરુ અનુગ્રહે પામે છે" (૪૭), "શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે: મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ.... અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તો પણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્ મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે." (૨૦૦)

પરમ કૃપાળુ દેવે માર્ગનો જે મર્મ છે, તે અહીં આ પત્રમાં પ્રગટપણે ખુલ્લો કરી બતાવ્યુ કે "માર્ગને પામેલો માર્ગ પમાડશે" (૧૬૬). આથી એમ જણાવ્યું કે જીવનો પરમાર્થમાર્ગમાં પ્રવેશ એક વિદ્યમાન સત્પુરૂષની પ્રાપ્તિથી અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધાથી થાય છે અને પ્રગટ કરેલા રહસ્ય ઉપર કૃપાળુ દેવે પોતાના વચનામૃતમાં ઠેર ઠેર ભાર દીધો છે, જેથી તે રહસ્ય જિજ્ઞાસુ પુરૂષના લક્ષમાં આવે અને અનંતકાળની ભ્રાંતિ ટાળવા માટે સદુપાય કરે.

"શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર"માં ધર્મનો મર્મ બતાવતાં કૃપાળુ દેવ પ્રકાશે છે કે :—

"છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્ત્તા તું કર્મ;
નહીં ભોક્તા તું એહનો, એ જ ધર્મનો મર્મ.
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.

શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ. ”

અર્થાત્ જીવનો દેહાધ્યાસ છૂટે તો તે કર્મનો કર્તા કે ભોક્તા થતો નથી અને તે કારણે જુનાં કર્મોની નિર્જરા થાય છે ને નવિન કર્મનો બંધ થતો નથી, તેથી જીવ કર્મોથી વિમુક્ત થાય છે; અને આથી એ જ ધર્મનો મર્મ છે. ત્યારે અહીં દેહાધ્યાસ કેમ છૂટે તેનું રહસ્ય અથવા માર્ગનો મર્મ જણાવ્યો છે. આવું અદ્‌ભુત, પરમ કલ્યાણકારક માર્ગદર્શન આપીને જીવો પર અસીમ કરૂણા કરીને પરમ ઉપકાર કર્યો છે.

તેમણે ગુપ્તભેદ પ્રગટ કરતાં “ કોઈ વિદ્યમાન સત્પુરૂષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા ” ઉપર ખૂબ ભાર મૂક્યો છે, તેથી તે પર વિચાર કરીએ.

## વિદ્યમાન સત્પુરૂષની જરૂર શા માટે છે ?

માર્ગની પ્રાપ્તિની ઇચ્છાવાળા જિજ્ઞાસુ માટે એક આવશ્યક અંગ તરીકે પ્રત્યક્ષ વિદ્યમાન સત્પુરૂષ કે જ્ઞાની પુરૂષનો આશ્રય કર્ત્તવ્યરૂપ છે એવો સિદ્ધાંત પરમ કૃપાળુ દેવે પ્રતિપાદન કર્યો છે, તેના કારણમાં તેમનાં જ વચનો જોઇએ.

પત્રાંક ૫૨૭ માં શ્રી માકુભાઈ તરફથી એક પ્રશ્ન આવેલ તે શ્રી સોભાગભાઇને જણાવી તેનો ઉત્તર શ્રી સોભાગભાઈ તથા શ્રી ડુંગરશીભાઈ બંને વિચારીને સવિસ્તર લખે એમ કહ્યું. તે વચનો આ પ્રમાણે છે.

"શ્રી મહાવીર સ્વામીથી હાલનું જૈન શાસન પ્રવર્ત્યું છે, તેઓ વધારે ઉપકારી? કે પ્રત્યક્ષ હિતમાં પ્રેરનાર અને અહિતથી નિવારનાર એવા અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુ વધારે ઉપકારી? તે પ્રશ્ન માકુભાઈ તરફથી છે. અત્ર એટલો વિચાર રહે છે કે મહાવીરસ્વામી સર્વજ્ઞ છે અને પ્રત્યક્ષ પુરૂષ આત્મજ્ઞ—સમ્યક્‌દૃષ્ટિ છે, અર્થાત્ મહાવીરસ્વામી વિશેષ ગુણસ્થાનકે વર્તતા એવા હતા. મહાવીરસ્વામીની પ્રતિમાની વર્તમાનમાં ભક્તિ કરે, તેટલા જ ભાવથી પ્રત્યક્ષ સદ્‌ગુરુની ભક્તિ કરે એ એમાં હિતયોગ્ય વિશેષ કોણ કહેવા યોગ્ય છે? તેનો ઉત્તર તમે બંને વિચારીને સવિસ્તર લખશોજી." (૫૨૭)

આ પ્રશ્નનો ઉત્તર મળ્યો હોય તેવું વચનામૃતમાંથી જાણી શકાતું નથી. તેથી બીજાં વચનો જોઈએ.

"પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાનીઓ જો કે મહાજ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં; એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં; પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન હોય તે જ દોષને જણાવી કઢાવી શકે. જેમ દૂરના ક્ષીર સમુદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં, પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે." (૪૬૬)

"જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો

જ્ઞાની પુરૂષના લક્ષમાં હોય છે, અને તે પરમ સત્સંગે કરી સમજી શકાય છે; માટે તેવા વિકલ્પ કરવા મૂકી દેવા.” (૪૬૬)

“પૂર્વે થઈ ગયેલા મોટા પુરૂષનું ચિંતન કલ્યાણકારક છે; તથાપિ સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ શકતું નથી; કારણ કે જીવે શું કરવું તે તેવા સ્મરણથી નથી સમજાતું, પ્રત્યક્ષ જોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ અને તેથી એમ નિશ્ચય થાય છે કે તે જોગનું અને તે પ્રત્યક્ષ ચિંતનનું ફળ મોક્ષ હોય છે. કારણ કે **મૂર્તિમાન મોક્ષ તે સત્પુરૂષ છે** મોક્ષે ગયા છે એવા (અર્હંતાદિક) પુરૂષનું ચિંતન ઘણા કાળે ભાવાનુસાર મોક્ષાદિક ફળદાતા હોય છે. સમ્યક્ત્વ પામ્યા છે એવા પુરૂષનો નિશ્ચય થયે અને યોગ્યતાના કારણે જીવ સમ્યક્ત્વ પામે છે.” (૨૪૯)

“ પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મ વિચાર.
સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિન સ્વરૂપ.
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય.

સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.
માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.”

(શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર)

"બારમે ગુણસ્થાનકે વર્તતા આત્માને નિદિધ્યાસનરૂપ ધ્યાનમાં શ્રુતજ્ઞાન એટલે મુખ્ય એવાં જ્ઞાનીનાં વચનોનો આશય ત્યાં આધારભૂત છે, એવું પ્રમાણ જિનમાર્ગને વિષે વારંવાર કહ્યું છે. બોધબીજની પ્રાપ્તિ થયે, નિર્વાણમાર્ગની યથાર્થ પ્રતીતિ થયે પણ તે માર્ગમાં યથાસ્થિત સ્થિતિ થવાના અર્થે જ્ઞાની પુરૂષનો આશ્રય મુખ્ય સાધન છે અને તે ઠેઠ પૂર્ણ દશા થતાં સુધી છે; નહીં તો જીવને પતિત થવાનો ભય છે, એમ માન્યું છે. તો પછી પોતાની મેળે અનાદિથી ભ્રાંત એવા જીવને સદ્ગુરુના યોગ વિના નિજ સ્વરૂપનું ભાન થવું અશક્ય છે, એમાં સંશય કેમ હોય? નિજ સ્વરૂપનો દૃઢ નિશ્ચય વર્તે છે તેવા પુરૂષને પ્રત્યક્ષ જગદ્ વ્યવહાર વારંવાર ચૂકવી દે એવા પ્રસંગ પ્રાપ્ત કરાવે છે, તો પછી તેથી ન્યૂન દશામાં ચૂકી જવાય એમાં આશ્ચર્ય શું છે? પોતાના વિચારના બળે કરી, સત્સંગ સત્શાસ્ત્રનો આધાર ન હોય તેવા પ્રસંગમાં આ જગદ્ વ્યવહાર વિશેષ બળ કરે છે. અને ત્યારે વારંવાર શ્રી સદ્ગુરુનું માહાત્મ્ય અને આશ્રયનું સ્વરૂપ તથા સાર્થકપણું અત્યંત અપરોક્ષ સત્ય દેખાય છે." (૫૭૫)

"જ્ઞાની પુરૂષનો સત્સંગ થયે અને તેના માર્ગને આરાધ્યે જીવને દર્શન મોહનીય કર્મ ઉપશમે છે કે ક્ષય થાય છે, અને અનુક્રમે સર્વ જ્ઞાનની પ્રાપ્તિ થઈ જીવ કૃતકૃત્ય થાય છે, એ વાત પ્રગટ સત્ય છે." (૫૪૮)

"પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું (!) તે

પરાભક્તિની છેવટની હદ છે. એક એ જ લય રહેવી તે પરાભક્તિ છે. પરમ મહાત્મ્યા ગોપાંગનાઓ મહાત્મા વાસુદેવની ભક્તિમાં એ જ પ્રકારે રહી હતી; પરમાત્માને નિરંજન અને નિર્દેહરૂપે ચિંતવ્યે જીવને એ લય આવવી વિકટ છે, એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે. તે જ્ઞાની પુરૂષનાં સર્વ ચારિત્રમાં ઐકયભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં વિરાજમાન પરમાત્માનો ઐકયભાવ હોય છે; અને એ જ પરાભક્તિ છે. જ્ઞાની પુરૂષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે અને તેની ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્યમૂર્તિ જ્ઞાની રૂપ પરમાત્માની ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી એવો શાસ્ત્ર લક્ષ છે. પરમાત્મા આ દેહધારી રૂપે થયો છે એમ જ જ્ઞાની પુરૂષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિ રૂપ હોય છે. આ વિષે શ્રીમદ્ ભાગવતમાં ભગવદ્ ગીતામાં ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ્ય પ્રશંસ્યો છે; અધિક શું કહેવું ? જ્ઞાની તીર્થંકર દેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચ પરમેષ્ટિ મંત્રમાં "નમો અરિહંતાણં" પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે; એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાની પુરૂષની ભક્તિ; અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે. (૨૨૩)

ઉપરનાં સર્વ વચનોને પક્ષપાત રહિતપણે, પૂર્વે બંધાયેલ આગ્રહનો ત્યાગ કરીને, નિર્મળ ચિત્તથી વિચારતાં સિદ્ધ થશે કે આત્મ કલ્યાણ અર્થે પ્રત્યક્ષ, વિદ્યમાન, દિવ્ય મૂર્તિ દેહધારી ભગવાનરૂપ સત્પુરૂષ કે જ્ઞાની પુરૂષનો સમાગમ યોગ જરૂરી છે અને તેમની ભક્તિ પરમ આવશ્યક છે. એવા રૂડા પુરૂષનો પ્રત્યક્ષ સમાગમ ન હોય અને ભક્તિ ન હોય તો જીવને માર્ગની પ્રાપ્તિ થવી સંભવતી નથી. પરમકૃપાળુ દેવ પત્રાંક ૭૭૧માં અતિ સ્પષ્ટપણે જણાવે છે. તે પત્રના છેલ્લા પારામાં સમકિતની પ્રાપ્તિ સંબંધે અતિ અતિ બળવાન, સુંદર, ભાવવાહી શબ્દોથી જણાવ્યું છે; વચનશૈલી અદ્ભુત, આત્માને ઝડપથી સ્પર્શે અને પકડે તેવી વિના પ્રયાસે આત્મામાંથી નીકળી છે; જ્યાં વિષય અત્યંત ઉપકારી હોય ત્યાં વાણીનું પ્રકાશવું પણ તેવું હોય જ. આ પારાના છેડે જે વચનો છે તે આ પ્રમાણે છે :—

“ તથારૂપ પુરૂષના પ્રત્યક્ષ યોગ વિના એ સમકિત આવવું કઠણ છે. તેવા પુરૂષનાં વચનરૂપ શાસ્ત્રોથી કોઈક પૂર્વે આરાધક હોય એવા જીવને સમકિત થવું સંભવે છે; અથવા કોઈ એક આચાર્ય પ્રત્યક્ષપણે તે વચનના હેતુથી કોઈક જીવને સમકિત પ્રાપ્ત કરાવે છે. ” (૭૭૧)

આ વચનોથી નિયમ એ બતાવ્યો કે પરમાર્થમાર્ગની પ્રાપ્તિ તથારૂપ પુરૂષના પ્રત્યક્ષ યોગથી થાય છે; અથવા કોઈ જીવ પૂર્વનો આરાધક હોય એટલે પૂર્વભવમાં તેને કોઈ તેવા

પુરૂષનો સમાગમ યોગ થયો હોય, આશ્રય ભક્તિ કરી હોય પરંતુ કોઈ પ્રમાદ, મરણ આદિ કારણથી કાર્ય પૂર્ણ ન થયું હોય, તેવા જીવને બીજા ભવમાં પ્રત્યક્ષ સદ્ગુરુના યોગ વિના તે જ પુરૂષનાં વચનરૂપ શાસ્ત્રોથી સમકિત થવું સંભવે છે. આમ બને તો પણ પ્રતિપાદિત સિદ્ધાંત હાનિને પામતો નથી. કેમ કે પૂર્વભવમાં એક વાર તેને તેવા પુરૂષનો યોગ થયો જ હતો અને ત્યારપછીના બીજા ભવમાં સદ્ગુરુના સમાગમ અને આશ્રયની ઇચ્છા છતાં તેમાં સફળતા ન મળી. હવે ત્રીજા પ્રકારમાં કોઈ એક આચાર્ય પ્રત્યક્ષપણે તે વચનના હેતુથી કોઈક જીવને સમકિત પ્રાપ્ત કરાવે છે. આ વચનો અત્યંત સ્પષ્ટ હોઈ સમજી શકાય તેવાં છે.

પરમકૃપાળુ દેવે માર્ગનો મર્મ બતાવતાં વિદ્યમાન પ્રત્યક્ષ સત્પુરૂષ કે જ્ઞાનીપુરૂષના સમાગમ અને આશ્રયભક્તિ ઉપર અત્યંત ભાર મૂકયાનું કારણ સહજ સદ્વિચારથી લક્ષગત થઈ સમજાય તેવું છે. પોતે પૂર્વભવમાં શ્રી મહાવીર પ્રભુના શિષ્ય હતા ત્યારે તેમણે આ વાત જાણી હતી તેમ પ્રગટ અનુભવી હતી અને આ ભવમાં જાતિસ્મરણ જ્ઞાનના ઉઘાડથી તેની સ્મૃતિ તાદૃશ્ય થઈ હતી; અને તેથી જ જીવોના નિજ-કલ્યાણાર્થે આ પરમ રહસ્ય ભારપૂર્વક દર્શિત કરી પરમ ઉપકાર કર્યો છે.

આ પરમ હિતકારી સિદ્ધાંત સંબંધે કોઇને કિંચિત્ માત્ર અંદેશો કે આશંકા ન રહે તે હેતુએ પરમ કૃપાળુ દેવે પોતાનો અનુભવ દૃષ્ટાંતરૂપે કહ્યો છે. જુઓ, આ રહ્યાં તે વચનો—

"ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરૂષનાં ચરણારવિંદ તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે; સેવે છે અને સેવશે. **જ્ઞાન પ્રાપ્તિ એથી અમને થઈ તી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાન પ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે."** (૧૯૪)

સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ એ છે એની પ્રતીતિ માટે સૂત્રના આધારે હવે અમૂલ્ય વચનો પ્રકાશે છે. જેથી આ સ્વતંત્ર પોતાનો અભિપ્રાય છે એવો જો જીવને ભાવ આવે તો તેની યથાયાગ્ય નિવૃત્તિ થાય.

"સૂયગડાંગ સૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :

હે આયુષ્યમાનો! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરૂષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યા નથી, અથવા રૂડા પ્રકારે કરી તે ઉઠાવ્યો નથી, અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે."

સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા શ્રી મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે : ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરૂષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.

આ એક સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

आणाए धम्मो आणाए तवो ।

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ, આજ્ઞાનું આરાધન એ જ તપ. ( આચારાંગ સૂત્ર ) (૧૯૪)

યાદ હશે કે આ વિવેચન નીચેનાં વચનો પર ચાલે છે :–

" એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરૂષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે. "

તેમાં 'એ સઘળાં' પરત્વેની સમજણ અપાઈ ગઈ છે. તથા માર્ગની પ્રાપ્તિ વિદ્યમાન. સજીવન મૂર્તિ સત્પુરૂષ કે જ્ઞાની પુરૂષના નિમિત્તથી શા માટે છે તે પણ સવિસ્તર જણાવાયું છે. હવે 'કોઈ' વિશેષણ સંબંધે સમજણ લઈએ, 'કોઈ' એટલે અમુક જ નહીં પણ જે કાળે જે ક્ષેત્રે તથા રૂપ દશાને પ્રાપ્ત થયેલા ગમે તે સત્પુરૂષ કે જ્ઞાની પુરૂષ વિદ્યમાન હોય તેમાંના ગમે તે, એમ કહેવાનો સ્પષ્ટ અંતર આશય છે. જ્ઞાની પુરૂષની વાણી એકાંતને ગ્રહણ કરાવવાવાળી ક્યારે પણ ન હોય. માત્ર શ્રી તીર્થંકર પ્રભુના હૃદયમાં જે ત્રિકાળી સત્ય

સિદ્ધાંત હોય તે બતાવનારી અને સર્વને એકાંત હિતકારી થાય એવી જ હોય અને એમ જ છે, કોઈ જ્ઞાની એક જ્ઞાનીનો પક્ષ ગ્રહીને અનંત જ્ઞાનીઓની આશાતના થાય તેવું ત્રણ કાળમાં કરે નહીં; તેવું તો અજ્ઞાનીના સંબંધમાં બનવું સંભવિત છે; વળી અજ્ઞાનીઓ અનંત જ્ઞાનીઓની આશાતના થવારૂપ દોષ થાય છે તે ઘણું કરીને જાણતા પણ હોતા નથી. પરમાર્થની ઇચ્છાવાળાએ તેવા દોષથી અવશ્ય બચવું.

## સત્પુરૂષ અને જ્ઞાની પુરૂષ :

જેની પરમાર્થ હેતુએ પ્રાપ્તિ આવશ્યક છે, તેની આત્મદશા કેવી હોય, તેનાં લક્ષણો કેવાં હોય તે જાણવું જરૂરી બને છે. તો તે સંબંધે પરમ કૃપાળુ દેવે પોતે જ જે સમજાવ્યું છે તે જોઈએ :

" સત્પુરૂષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે, શાસ્ત્રમાં નથી, સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે." (૭૬)

" એક અંશ શાતાથી કરીને પૂર્ણ કામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરૂષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરૂષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ." (૨૧૩)

હવે જ્ઞાનીપુરૂષ સંબંધે કહેલાં વચનો જોઈએ.

"ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે" તે જ્ઞાની પુરૂષ. ( ૧૯૪ )

"આત્માને વિષે વર્તે છે એવા જ્ઞાનીપુરુષો સહજ પ્રાપ્ત પ્રારબ્ધ પ્રમાણે વર્તે છે. વાસ્તવ્ય તો એમ છે કે જે કાળે જ્ઞાનથી અજ્ઞાન નિવૃત્ત થયું તે જ કાળે જ્ઞાની મુક્ત છે; દેહાદિને વિષે અપ્રતિબદ્ધ છે. સુખદુઃખ હર્ષ શોકાદિને વિષે અપ્રતિબદ્ધ છે એવા જે જ્ઞાની તેને કોઈ આશ્રય કે અવલંબન નથી....તેને સાતા અસાતામાં કંઈ કોઈ પ્રકારે રાગદ્વેષાદિ કારણ નથી, તે બંનેમાં ઉદાસીન છે. જે ઉદાસીન છે તે મૂળ સ્વરૂપે નિરાલંબન છે." ( ૩૭૩ )

"મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાની દશા, બાકી કહીએ ભ્રાંત.
સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન."

( શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર )

સત્પુરુષ અને જ્ઞાનીપુરુષ વચ્ચે જે ભેદ છે તે માત્ર મોહનીય કર્મના ક્ષયોપશમની તરતમતાને લીધે ઉત્પન્ન આત્મ-દશાની અપેક્ષાએ છે. સાતમા ગુણસ્થાને ઠીક આગળ વધી સત્પુરુષનું પદ પ્રાપ્ત કરે ત્યારથી કેવળી થાય ત્યાં સુધીની દશામાં સ્થિત એ સર્વ સત્પુરુષ કહેવાય છે. છઠ્ઠે ઉત્કૃષ્ટ પહોંચ્યા

હોય અને સાતમા ગુણસ્થાનમાં પ્રવેશ કરવાની તૈયારીમાં હોય અથવા સાતમામાં પ્રવેશ કર્યો હોય અને આગળનો વિકાસ સાધ્યો ન હોય તે જ્ઞાની પુરુષ, પરમકૃપાળુ દેવનાં વચનામૃતની અંદર જ્યાં જ્યાં જ્ઞાની અથવા જ્ઞાનીપુરુષ, શબ્દ વપરાયો છે ત્યાં ત્યાં તે અહીં જણાવ્યા તે અર્થમાં છે : ચોથા અથવા પાંચમા ગુણસ્થાને વર્તતા જ્ઞાની સંબંધની વાત સમજવી.

## એવા સત્પુરૂષ કે જ્ઞાની પુરૂષની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

પરમ કૃપાળુ દેવે આદેશ આપ્યો કે "બીજું કંઈ શોધ મા, માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણ કમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.... એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઈચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ."
(૭૬)

અહીં જે શોધવાનું કહ્યું તે વન, ઉપવન, જંગલ કે ગિરિ ગુહામાં ભમી ભમીને શોધ કરવાનું નથી કહ્યું અને તેમ થઈ શકવું કે થવું અત્યંત કઠણ છે. વળી એવા સત્પુરુષ કે જ્ઞાની પુરુષ પૂર્વના પ્રારબ્ધોદયે ગૃહસ્થદશામાં હોય તો તે કાર્ય અત્યંત અત્યંત કઠણ બની જાય છે. તેથી અહીં જે શોધ કરવા માટેનો આદેશ છે તેનો અર્થ એમ જણાય છે ને ઘટે છે કે તેવા તથારૂપ પુરૂષની પરિચયથી ઓળખાણ કરવી;

અને ઓળખાણ થયે સર્વસ્વ અર્પણ કરવું. આ ઓળખાણ કંઈક ઊંચે આવેલ આત્માથી થાય છે.

વળી કૃપાળુ દેવ અનેક સ્થળોએ જણાવે છે તેમ જીવને જ્ઞાની પુરુષનું ઓળખાણ થવું બહુ વિકટ છે. તેથી તેવી યથાર્થ ઓળખાણ થાય તે હેતુએ તેમણે નિમિત્તો બતાવ્યાં છે.

"પણ જ્ઞાનદશા અથવા વીતરાગ દશા છે તે મુખ્યપણે દૈહિક સ્વરૂપ તથા દૈહિક ચેષ્ટાનો વિષય નથી. અંતરાત્મ ગુણ છે અને અંતરાત્મપણું બાહ્ય જીવોના અનુભવનો વિષય ન હોવાથી જ્ઞાની કે વીતરાગને તે ઓળખી શકતા નથી. કોઈક જીવ સત્સમાગમના યોગથી, સહજ શુભ કર્મના ઉદયથી, તથારૂપ કંઈ સંસ્કાર પામીને જ્ઞાની કે વીતરાગને યથાશક્તિ ઓળખી શકે; તથાપિ ખરેખરું ઓળખાણ તો દૃઢ મુમુક્ષુતા પ્રગટ્યે, તથારૂપ સત્સમાગમથી પ્રાપ્ત થયેલ ઉપદેશને અવધારણ કર્યે, અંતરાત્મવૃત્તિ પરિણમ્યે, જીવ જ્ઞાની કે વીતરાગને ઓળખી શકે." (૬૭૪)

"મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે." (૨૫૪) આ વચનો ઊંડા, અર્થગંભીરતાયુક્ત અને અનુભવે સમજાય તેવાં છે.

આ પરથી જણાશે કે જ્ઞાનીપુરુષની ઓળખાણ જીવની યથાતથ્ય યોગ્યતા આવવાથી થાય છે; એટલે કે સર્વ પ્રથમ તેના સહજ પૂર્વના શુભ કર્મનો ઉદય થાય, તેના પરિણામે

તેના અંતરમાં મુમુક્ષુતા (જેની વ્યાખ્યામાં, સર્વ પ્રકારની મોહાસક્તિથી મુંઝાઈ એક મોક્ષને અર્થે યત્ન કરવાની તીવ્ર વૃત્તિ) પ્રગટ થાય અને પછી તે ભાવ કે વૃત્તિને લીધે સત્સંગ ને સત્સમાગમનું આરાધન કરવાનું થાય અને સત્સમાગમમાં નિર્વાણમાર્ગને ઉપદેશનારાં વચનો શ્રવણ થાય ત્યારે તેના ઉલ્લસિત આત્માનું ગુપ્ત અનુસંધાન જ્ઞાનીપુરુષ કે સત્પુરુષના પવિત્ર આત્મા સાથે થતાં તે જ્ઞાનીપુરુષને ઓળખી લે છે.

પત્રાંક ૨૫૪માં કહ્યું કે મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે, તે સત્ય છે : તેવો જેને અનુભવ થયો છે, તે તેના સાક્ષી છે. સત્પુરુષની સત્પુરુષતા તેમની નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે: તેમનાં વચનોમાંથી નીતરતી પ્રેમ અને કરુણાની અમીરસધારા, વચનો પ્રકાશતા હોય તે વેળાએ તેમની પરમ ઉદાસીનતા અને ગંભીરતા, પોતાના પ્રગટેલા ઉત્કૃષ્ટ ગુણો અંતરમાં શમાવી દીધા છે. એવી તેમની મુખમુદ્રા પર અંકિત થયેલી છાપ મુમુક્ષુને દૃષ્ટિગોચર થાય છે અને તેથી તેનામાં પ્રેમ અને શ્રદ્ધા ગુણ પ્રગટીને ખીલતા જાય છે.

આ પરથી સમજાશે કે મોક્ષ દુર્લભ નથી પણ દાતા દુર્લભ છે. અર્થાત્ એવા સત્પુરુષ કે જ્ઞાનીપુરુષની પ્રાપ્તિ થવી દુર્લભ છે. તે પ્રાપ્તિનો અભાવ રહે ત્યાં સુધી દ્રઢભાવે પ્રાપ્તિની અને આશ્રય ભક્તિની ભાવના ભાવવી, પ્રત્યેક કાર્ય કરતાં વિચારથી વર્તવું, પોતાને વિષે લઘુપણું રાખવું, પોતાના દોષ દેખાય તેવી અપક્ષપાત બુદ્ધિ રાખી તેની નિવૃત્તિ કરવા પ્રયત્ન

કરવા અને સરળતાના ગુણુને આગળ રાખી વર્તના કરવી. આના ફળ રૂપે પોતાની વિશેષ યોગ્યતાને અને નિરંતરની જ્ઞાનીપુરૂષની આશ્રય ભક્તિની ભાવનાને લીધે સત્પુરૂષનો કે જ્ઞાનીપુરૂષનો યોગ સહજા સહજ આવીને મળશે; ભાવના જેટલી બળવાન અને હૃદયના નિશ્ચયભાવથી થયેલી હશે તેમ પ્રાપ્તિનો યોગ શીઘ્રતાએ થશે. જેવી ભાવના તેવું ફળ એ અટલ સિદ્ધાંત જેમ અન્ય સ્થળોએ તેમ અહીં કાર્યકારી થાય છે.

## સત્પુરૂષની પ્રાપ્તિ થયા પછી તેમના પ્રત્યે અવિચળ શ્રદ્ધા કરવી :

એવા તથારૂપ પુરૂષની પ્રાપ્તિ અને ઓળખાણુ થયા પછી મુમુક્ષુનું પરમ હિતકારી કર્ત્તવ્ય એ છે કે તે પુરૂષમાં અડોલ, અવિચળ શ્રદ્ધા કરવી. એ શ્રદ્ધા એવી હોવી ઘટે કે કોઈના ડગાવ્યા ડગે નહીં, ચળાવ્યા ચળે નહીં. પરંતુ સ્વાત્માથી ઉત્પન્ન થયેલ શ્રદ્ધામાં સ્થિર રહે; એટલું જ નહીં પણુ તે પુરૂષનાં વ્યવહારથી દેખાતા અસત્ય વચનને સત્ય માને. દૃષ્ટાંત તરીકે પ્રકાશિત દિવસ હોંય તેમ છતાં જ્ઞાની પુરૂષ એમ કહે કે રાત્રિ છે અથવા ઘોર અંધકાર છે, તો તે વાત મુમુક્ષુ શિષ્ય કોઈ પણુ શંકાનો ભાવ ન કરતાં સ્વીકારે છે; અને જ્યારે તે પુરૂષ શિષ્યને પૂછે છે કે “ પ્રત્યક્ષ દિવસ છે, છતાં અમે કહ્યું કે અંધકાર છે તો તેં તેનો સ્વીકાર શા પરથી કર્યો ? ” ત્યારે અવિચળ શ્રદ્ધાવાન શિષ્ય ઉત્તરમાં કહે કે, “ હે પરમ કૃપાળુ, મને આપનામાં ને આપનાં વચનોમાં જેટલી શ્રદ્ધા છે,

તેટલી મારાં નયનોનાં કાર્યમાં નથી. હવે કૃપા કરી આપનાં વચનોનો પરમાર્થ આપ જ સમજાવો." ત્યારે પરમાર્થ પ્રગટ કરતાં જ્ઞાની પુરૂષ કહે છે કે, "જો, સર્વત્ર જીવો મિથ્યાત્વ રૂપી અંધકારમાં રહીને સ્વચ્છંદે પ્રવૃત્તિ કરી રહ્યાં છે. આ અજ્ઞાનરૂપ અંધકાર દેખીને મેં તને ઉપરનાં, વ્યવહારથી અસત્ય છતાં પરમાર્થથી સત્ય એવાં વચનો કહ્યાં." તે સાંભળીને શિષ્ય ખૂબ પ્રસન્ન ચિત્ત થયો. સંક્ષેપમાં શ્રદ્ધાનું સ્વરૂપ આવું હોવું ઘટે છે તેમ અહીં કહેવાનો ગંભીર આશય છે અને તે પરમ ઉપકારી છે.

## નિર્વાણ માર્ગ માટેના સાત બોલ :

શરૂમાં પત્ર આપ્યો છે, ત્યાં સાત અદ્ભુત બોલ કહ્યા છે, જેના હૃદયપૂર્વકના શ્રદ્ધાયુક્ત આરાધનથી નિર્વાણ એટલે મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી તે બોલ સંબંધે વિચારણા કરી તેની યથાર્થતા સમજી લઇએ. તેમાં પ્રથમના બે બોલ :—

**(૧) નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો.**

**(૨) સત્પુરૂષની ભક્તિ પ્રત્યે લીન થવું.**

સાતે બોલમાં આ બે બોલ મુખ્ય છે, કેમ કે તે બેના આરાધનથી નિર્વાણની પ્રાપ્તિ હોય છે. બાકીના પાંચ બોલ છે તે આ બેનો વિસ્તાર છે અને તે બંનેને ટેકારૂપ એટલે સહાય કરનાર છે; વૃત્તિમાં શિથિલતા ન આવે અથવા પડવાનું ન બને તેવા અત્યંત કલ્યાણકારી શુભ હેતુએ તે પાંચ બોલ પ્રકાશ્યા

છે, જો જીવની વિચારશક્તિ તીક્ષ્ણ હોય અને થોડું કહેવાથી ઝાઝું સમજી શકે તેવી હોય, તો તે પાંચ બોલને જૂદા કહેવાની આવશ્યકતા ન રહે; પરંતુ આ કાળ અને આ ક્ષેત્ર આજે હીન અવસ્થાથી ગ્રસિત છે અને જીવનું વિચારબળ યથાયોગ્યપણે પ્રવર્તતું નથી તેથી તેનો થોડો વિસ્તાર કર્યો છે અને આ સાત બોલથી કહેવા છતાં દરેક જીવ પરમાર્થને બરાબર સમજશે એમ નિશ્ચયથી કહેવું કઠણ છે; કેમ કે સત્યપરમાર્થને સમજનાર જીવો અલ્પ સંખ્યામાં હોવા સંભવિત છે.

પરમાર્થ માર્ગની પ્રાપ્તિનો મૂળ પાયો છે વૈરાગ્ય અને ઉપશમ અથવા સમ્યક્દશાનાં પાંચ લક્ષણો–શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા છે. આ પાંચ લક્ષણો–આ બે બોલમાં કેવી રીતે ગર્ભિતપણે સમાય છે, તે જોતાં પહેલા પ્રથમ તેની વ્યાખ્યા જે પરમકૃપાળુ દેવે કહી બતાવી છે તે જોઇએ.

" ક્રોધાદિક કષાયોનું સમાઈ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય એવી આત્મદશા થવી અથવા અનાદિ કાળની વૃત્તિઓ શમાઈ જવી તે ' શમ '.

" મુક્ત થવા સિવાય બીજા કોઈપણ પ્રકારની ઇચ્છા નહીં, અભિલાષા નહીં તે ' સંવેગ '. "

" જ્યારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું ત્યારથી હવે ઘણી થઈ, અરે જીવ ! હવે થોભ એ ' નિર્વેદ '. "

" માહાત્મ્ય જેનું પરમ છે એવા નિસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે ' શ્રદ્ધા '–' આસ્થા ', "

"તે સઘળાંવડે જીવમાં સ્વાત્મ તુલ્ય બુદ્ધિ તે 'અનુકંપા'."
(૧૩૫)

અને હવે 'ઉદાસીનતા' અને 'ભક્તિ' શબ્દોના અર્થ અને ભાવને સમજીએ. ઉદ્ એટલે ઉપર અથવા ઊંચે અને આસન એટલે બેસવું. તેથી ઉદાસીનતા એટલે મનની ઉપર બેસવું અર્થાત્ જગત પ્રત્યેની કોઈ રૂચિઓ, વૃત્તિઓ આત્મામાં ન ઉઠવી તે.

"સુખકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા;
અધ્યાત્મની જનની, તે ઉદાસીનતા." (૭૭)

"જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો કલેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ."
(૧૦૭)

એથી સ્પષ્ટ થશે કે જ્યાં સંસાર સંબંધે રાગ દ્વેષની પરિણતિ વર્તતી નથી અને આત્મા તે ભાવોથી પર રહે તે ઉદાસીનતા; અથવા જેટલે અંશે તે ભાવોથી પર રહેવું એટલે આત્માથી ન જોડાવું, તેટલે અંશે ઉદાસીનતા.

આ ઉદાસીનતા પહેલાંની અવસ્થામાં વૈરાગ્ય અર્થાત વિરાગતા અવશ્ય હોય છે અને વિરાગતા જે પ્રમાણમાં હોય, તે પ્રમાણમાં 'શમ' એટલે ઉપશમભાવ હોય; આથી સિદ્ધ થયું કે ઉદાસીનતા કહેતાં જ વૈરાગ્ય અને ઉપશમ તેમાં આવી જાય છે. આત્મિક વિકાસનો ક્રમ આ પ્રમાણે છે : વિરાગતા,

ઉદાસીનતા અને વીતરાગતા. પહેલું બીજાનું કારણ છે અને બીજું ત્રીજાનું કારણ છે. માટે જ અહીં પરમ કૃપાળુ દેવે નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો એ ઉપદેશ કર્યો. હવે આ વૈરાગ્ય એટલે જ સંસાર પ્રત્યેનો અરૂચિભાવ અથવા અનાદિની સંસારસુખ પ્રત્યેની વાસનાનું મંદપણું, જેને શાસ્ત્રીય ભાષામાં "નિર્વેદ" કહે છે. અને આ કહી તેવા પ્રકારની વાસનાનું મંદ થવાનું કારણ બીજા કોઈ સાચા વાસ્તવિક સુખ પ્રત્યેનું લક્ષ અને શ્રદ્ધા છે, જે સત્પુરૂષના સમાગમે અને ઉપદેશ વચનોના શ્રવણથી આવે છે. પરમ કૃપાળુએ બીજા બોલમાં સત્પુરૂષની ભક્તિ પ્રત્યે લીન થવાનું કહ્યું, ત્યાં પ્રથમ તો તેમની સાચી ઓળખાણ થાય અને શ્રદ્ધા આવે કે આ પુરૂષ સાચા છે અને પછી તેમનાં વચનોની પ્રતીતિ થાય કે સંસારસુખની માન્યતા છે તે ભ્રાંતિ છે અને જે આત્મિક સુખ છે તે સત્ય છે. આથી અત્યાર પર્યંતના આત્માના પરિભ્રમણ માટે 'અનુકંપા' આવે અને છૂટવાના ભાવ થાય અર્થાત્ મોક્ષની અભિલાષા પ્રગટે તે "સંવેગ" છે. આમ આ બે બોલમાં સમ્યક્ દશાનાં પાંચે લક્ષણો ગુપ્તપણે સમાવેશ પામે છે. તેથી આ બોધ કેવળ શાસ્ત્ર અનુસાર છે અથવા જે તીર્થંકર પ્રભુએ ધર્મ પ્રરૂપ્યો છે, તે જ છે, કાંઈ ફરક નથી, ન્યૂનાધિકતા નથી.

શ્રી જિનદેવે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો અજ્ઞાન ટાળી રાગ દ્વેષનો ક્ષય કરવો તે મોક્ષનો માર્ગ છે. તે ઉપાયને અત્રે પ્રથમના બે બોલથી જણાવ્યો છે.

" જીવ પોતાને ભૂલી ગયો છે, અને તેથી તેને સત્‌સુખનો વિયોગ છે એમ સર્વધર્મસમ્મત કહ્યું છે.

" પોતાને ભૂલી ગયા રૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે, એમ નિઃશંક માનવું.

" જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ એ સ્વાભાવિક સમજાય છે. છતાં જીવ લોક લજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

" જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી, તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે, પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો.

" જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

" જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એક નિષ્ઠાએ તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય....

" શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ.

એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે." (૨૦૦)

"જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે, એવી સજીવન મૂર્તિના બોધને આત્મામાં ઉતારી તેમની આજ્ઞાપૂર્વક, આ કહ્યાં તે વચનોનું સ્મરણ કરે તો તેમાં બતાવેલ ફળ મળે. તે વચનો છે :—

"હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈપણ મારાં નથી. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગ દ્વેષનો ક્ષય થાય." (૬૯૨)

ઉપરનાં વચનોથી અજ્ઞાન, રાગ અને દ્વેષ કેમ ટળે તે કહ્યું; અને તે આ બે બોલથી કેવી રીતે સિદ્ધ થાય છે તે સમજવું કઠિન નથી, છતાં સંક્ષેપથી કહીએ. પહેલા બોલમાં "નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો" એમ કહેવાથી રાગ દ્વેષની પરિણતિ અનુક્રમે ઘટાડતા જવાનું સૂચવ્યું, જેથી આત્મા સમ પરિણામી અને સ્થિર સ્વભાવવાળો થતો જઈ શુદ્ધ થાય. બીજા બોલમાં "સત્પુરૂષની ભક્તિ પ્રત્યે લીન થવું" એ કહ્યું; ત્યાં ભક્તિ એટલે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણભાવ ક્યારે આવે ? તો ઉત્તરમાં કહી શકાય કે સત્પુરૂષની તેમના સાચા સ્વરૂપે ઓળખાણ થાય અને પ્રતીતિ આવે ત્યારે; અને જ્યારે તેવું બને ત્યારે અજ્ઞાન ટળે, અજ્ઞાન ટળવાથી અને જ્ઞાન થવાથી રાગ દ્વેષ અવશ્ય ઘટતા જાય, ક્ષીણતાને પામતા જાય અને અંતમાં ક્ષય થાય. અજ્ઞાન, રાગ, દ્વેષના જવાથી નિજાનંદ, અનંત અવ્યાબાધ સુખસ્વરૂપ, પરમ શુદ્ધતા પ્રગટ થાય, અને તે જ મોક્ષ છે.

આમ આખો મોક્ષમાર્ગ "સત્પુરૂષની ભક્તિ પ્રત્યે લીન

થવું" એ વચનોમાં સમાય છે. તે થોડા વિસ્તારથી જોઈએ. ઉપર કહ્યું તેમ રૂડા એવા "ભક્તિ" શબ્દમાં ત્રણ ભાવો અંતર્ગત રહ્યા છે: (૧) પ્રેમ (૨) શ્રદ્ધા અને (૩) અર્પણતા.

જ્યાં પ્રેમ છે ત્યાં શ્રદ્ધા છે. પ્રેમને ટકાવનાર, ઉજ્વળ રાખનાર, સાથે સાથે રહેનાર પદાર્થ છે તે શ્રદ્ધા છે. પ્રેમ ને શ્રદ્ધા એક જ સિક્કાની બે બાજુ છે. પ્રેમ અને શ્રદ્ધા વધતાં અર્પણતા આવતી જાય છે અને વિકસે છે. આ ત્રણની એકતા એટલે ભક્તિ. આ ગુણોનો ત્રિવેણી સંગમ એટલે અગોચર અને અગમ એવા અલૌકિક પદાર્થનો અનુભવ.

વિદ્યમાન સજીવનમૂર્તિ સત્પુરૂષમાં પ્રેમ એટલે તેના દેહમાં પ્રેમ નહીં પણ દેહથી ભિન્ન, અનંત ઐશ્વર્ય, વૈભવ અને ગુણોથી સુશોભિત જ્યોતિસ્વરૂપ, સ્વ–પર પ્રકાશક આત્મા પ્રત્યે, સત્ પ્રત્યે, સત્યસ્વરૂપ પ્રત્યે પ્રેમ અને આદર, આથી જડ અને ચેતન વચ્ચેની વહેંચણી, દેહ અને આત્મા વચ્ચેની સાચી અને યથાર્થ ખતવણી, સત્પુરૂષમાં પ્રેમ કરવાથી સહજ થાય છે અને તેને સાચું જ્ઞાન કહે છે. વળી સત્પુરૂષ ઉપદેશ વચનથી તે જ વાત જણાવે છે ત્યારે તે જ્ઞાનની દ્રઢતા થાય છે. આને વ્યવહારથી સમ્યક્જ્ઞાન કહ્યું છે. સત્પુરૂષના સ્વરૂપ અને વચનોમાં વિશ્વાસ તે શ્રદ્ધા. શ્રદ્ધાનું સ્વરૂપ સાચું હોઈ અને તેની આત્મામાં પ્રતીતિ થતાં, તેને વ્યવહાર સમ્યક્દર્શન કહે છે.

જ્યારે પ્રેમ અને શ્રદ્ધા ક્રમે કરીને વધી શુદ્ધતા પ્રત્યે

જાય છે અથવા બીજા શબ્દોમાં જ્યારે પ્રેમની ઉજ્વળતા અને નિર્મળતા થાય છે તથા શ્રદ્ધા એકાગ્રપણે પ્રવર્તે છે, ત્યારે પ્રેમ સમાધિ આવે છે. પ્રેમ સમાધિ એટલે ભગવાનરૂપ સત્‌-પુરૂષના અથવા બોધસ્વરૂપ શ્રી ગુરુના સતત્‌ સુખરૂપ સ્મરણથી ઉત્પન્ન થતી એકાગ્રતા અને એકાગ્રતાના પરિણામે જન્મ પામતી આનંદપ્રદ શૂન્યતા; અને આ અનુભવ અદ્‌ભુતતા સર્જવા સમર્થ થાય છે. એટલે કોઈ અતીવ શુભ અને સુભગ પળે સ્વાત્માનુભૂતિ અર્થાત્‌ નિશ્ચય સમકિત અથવા સમ્યક્‌દર્શન થાય છે. વ્યવહારથી ગણાતું સમ્યક્‌જ્ઞાન આ નિશ્ચય સમ્યક્‌-દર્શનના પ્રભાવથી નિશ્ચય સમ્યક્‌જ્ઞાન થઈ જાય છે. બંનેની નિશ્ચયથી ઉત્પત્તિ એક જ સમયે છે. આમ પ્રેમ અને શ્રદ્ધા સમ્યક્‌જ્ઞાન–દર્શનની સાથે સંબંધિત છે, એ બંને વચ્ચે સામ્યતા છે, એ આથી સ્પષ્ટ સમજાશે.

હવે સમજવાનું રહ્યું તે ભક્તિમાં સમાવેશ પામેલો ત્રીજો ભાવ, અર્પણતા. અર્પણતા એટલે ઇચ્છાની સોંપણી. મન, વચન અને કાયાની સર્વ પ્રવૃત્તિ શ્રી સદ્‌ગુરુના પવિત્ર ખોળામાં અર્પણ કરવી. અહં–મમત્વભાવનો આત્મબુદ્ધિએ ત્યાગ કરવો, અને શ્રી સત્પુરૂષ કે સદ્‌ગુરુની આજ્ઞાનુસાર વર્તવું.

જેમ જેમ સત્પુરૂષ પ્રત્યે શિષ્યના ભાવો પ્રેમ અને શ્રદ્ધા-રૂપી ગુફાની ઊંડાણમાં જાય છે અને અર્પણતાનો પ્રકાશ તેને અજવાળી સહાયભૂત થાય છે તેમ તેમ તે બંને ગુણોની વિશુદ્ધતા વધે છે, દોષોનું જવું થાય છે; સૂક્ષ્મ દોષો દેખાવા

શરૂ થાય છે અને તેના ક્ષય માટેનો પુરૂષાર્થ ગુરૂ આજ્ઞામાં રહી થાય છે અને ઇચ્છાઓ ક્ષીણ થતી જાય છે. આ પ્રમાણે રાગ દ્વેષનું, ઇચ્છાઓનું ક્ષીણ થવુ, તેનો સંયમ થવો તે વ્યવહાર સમ્યક્ચારિત્ર છે. બીજી બાજુ પ્રેમગુફાની અંદર વધારે ને વધારે ઊંડા જવાનું થાય છે અથવા બીજા શબ્દોમાં સત્સ્વરૂપના અનન્ય ચિંતન તરફ જવાય છે અને તેમ થાય છે ત્યારે ગુરૂની આજ્ઞાના આરાધનથી અને તેના ફળરૂપે તેમની કૃપાદ્દી પોતાના શુદ્ધ સ્વરૂપી ચૈતન્યાત્માનો શુદ્ધ અનુભવ થાય છે. આ નિશ્ચય સમ્યક્ચારિત્ર છે અને તેજ પ્રકારના પુરૂષાર્થથી એટલે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણુતારૂપ ભક્તિથી આખરે કૈવલ્ય પદને આત્મા પ્રાપ્ત થાય છે. આ પરથી એ પણ સિદ્ધ થશે કે ભક્તિ એટલે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણુતા તથા શ્રી જિનના સિદ્ધાંતમાં પ્રરૂપેલ સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્ર વચ્ચે કોઈ ભેદ નથી. શબ્દો જુદા જુદા પણ ભાવો એક સરખા છે.

પ્રથમના બે અત્યંત અગત્ય અને પરમ ઉપકારી બોલની વિચારણા સવિસ્તર કરી અને તેનાથી પ્રતીતિ આવશે કે, "ભક્તિ એ સર્વોપરી માર્ગ છે" અથવા મોક્ષનો ધુરંધર માર્ગ છે એમ જે કૃપાળુ ભગવંતે કહ્યું તે કેવળ સત્ય છે. વળી તે માર્ગ સરળ, સુગમ, સ્વચ્છ અને ટુંકો છે તે સહજ સમજાશે. અન્ય માર્ગમાં, "જ્ઞાન માર્ગ દુરારાધ્ય છે; પરમાવગાઢ દશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાનાં ઘણા સ્થાનક છે. સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા, અતિપરિણામીપણુ એ આદિ કારણો

વારંવાર જીવને તે માર્ગે પડવાના હેતુઓ થાય છે; અથવા ઊર્ધ્વ ભૂમિકા પ્રાપ્ત થવા દેતાં નથી.

"ક્રિયા માર્ગે અસદ્ અભિમાન, વ્યવહાર આગ્રહ, સિદ્ધિ-મોહ, પૂજા સત્કારાદિ યોગ અને દૈહિક ક્રિયામાં આત્મનિષ્ઠાદિ દોષોનો સંભવ રહ્યો છે.

"કોઈક મહાત્માને બાદ કરતાં ઘણાં વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે અને આજ્ઞાશ્રિત-પણું અથવા પરમ પુરૂષ સદ્ગુરુને વિષે સર્વાર્પણ સ્વાધીનપણું શિરસાવંઘ દીઠું છે અને તેમજ વર્ત્યા છે." (૬૯૩)

અન્ય માર્ગના દોષોથી બચવા માટે અને સરળ મોક્ષ-માર્ગ સરળતાથી પ્રાપ્ત થાય એ હેતુએ પરમ અનુગ્રહ કરી ઉપદેશ કર્યો અને માર્ગનો મર્મ પ્રગટ કર્યો કે:—

"ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને એ સત્ પુરૂષના ચરણ સમીપે રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે." (૨૦૧)

## પરંતુ એ ભક્તિ પ્રાપ્ત કેવી રીતે થાય?

"જ્ઞાની પુરૂષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી. જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે.

જ્ઞાની પુરૂષના ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવુ સુલભ થાય છે." (૫૭૨)

જ્ઞાનમાર્ગના આગ્રહીને તેના આગ્રહ અને ભ્રમ ટળે તે બતાવનાર વચનો, પૂજ્ય મહાત્મા ગાંધીજીનો પ્રશ્ન "અભણને ભક્તિથી મોક્ષ મળે ખરો કે?" તેના ઉત્તરરૂપે છે તે અહીં ઉતારીએ છીએ.

"ભક્તિ જ્ઞાનનો હેતુ છે, જ્ઞાન મોક્ષનો હેતુ છે, અક્ષર-જ્ઞાન ન હોય તેને અભણ કહ્યો હોય, તો તેને ભક્તિ પ્રાપ્ત થવી અસંભવિત છે એવું કંઈ છે નહીં. જીવ માત્ર જ્ઞાન-સ્વભાવી છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે, નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે. સંપૂર્ણ જ્ઞાનની આવૃત્તિ થયા વિના સર્વથા મોક્ષ હોય એમ મને લાગતું નથી; અને જ્યાં સંપૂર્ણ જ્ઞાન હોય ત્યાં સર્વ ભાષાજ્ઞાન સમાય એમ કહેવાની પણ જરૂર નથી. ભાષાજ્ઞાન મોક્ષનો હેતુ છે તથા તે જેને ન હોય તેને આત્મ-જ્ઞાન ન થાય એવો કાંઈ નિયમ સંભવતો નથી." (૫૩૦)

"ભક્તિ, પ્રેમરૂપ વિના જ્ઞાન શૂન્ય જ છે; તો પછી તેને પ્રાપ્ત કરીને શું કરવું છે? જે અટક્યું તે યોગ્યતાની કચાશને લીધે; અને જ્ઞાની કરતાં જ્ઞાનમાં વધારે પ્રેમ રાખો છો તેને લીધે જ્ઞાની પાસે જ્ઞાન ઇચ્છવું તે કરતાં બોધસ્વરૂપ સમજી ભક્તિ ઇચ્છવી તે પરમ ફળ છે." (૨૯૩)

ઉપરનાં વચનો જ્ઞાનમાર્ગના આગ્રહીને પક્ષપાત રાખ્યા વિના, નિર્મળ ચિત્તથી વિચારતાં માર્ગદર્શક રૂપ થશે અને આગ્રહરૂપ અંધકાર ટળી જઈ પ્રકાશ પથરાશે એ નિઃસંદેહ છે. વળી અહીં એમ કહેવાનો આશય નથી કે જ્ઞાનના ગ્રંથો એટલે કે સત્ શ્રુત વાંચવા જ નહીં કે તેનો અભ્યાસ ન કરવો કેમ કે તેવી એકાંત પક્ષને ગ્રહનારી વાણી સત્પુરૂષની ક્યારે પણ ન હોય તેમ ઉપદેશ તેવો હોય નહીં. જ્યારે સત્પુરૂષના સમાગમ યોગનો અભાવ હોય ત્યારે શું કરવું? તે સંબંધે શ્રીગુરુભક્ત શિષ્યને તેની યોગ્યતાનુસાર અમુક ગ્રંથ અવગાહવાનું કે સમાગમ વેળાએ આપેલ બોધને ચિંતવી અનુપ્રેક્ષણ કરવાનું કહે છે, તો ક્યારેક વળી ઊંચા જ્ઞાનના ગ્રંથને વિચારવાની આજ્ઞા આપે છે. પરંતુ મુખ્યપણે તો ઊંડા અને અત્યંત કલ્યાણકારી જ્ઞાનનાં તત્ત્વો, નિયમો, સિદ્ધાંતો, ભેદો તો તેઓ જ સ્વમુખેથી સુશિષ્યને એકાંતમાં કહી બતાવી અચિંત્ય ઉપકાર કરે છે. આ તેમની નિષ્કારણ અનંત કરુણા છે અને આજ્ઞાંકિત વિનયી સુશિષ્ય તેને તત્કાળ જાણી લે છે. તેનાથી તેનો આત્મા પ્રેમ તરબોળ થાય છે અને પ્રેમામૃત રસથી ભીંજાયેલ તેનો આત્મા સત્પુરૂષની, શ્રીગુરુની "નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં" લીન થાય છે ત્યારે તેની આત્મદશા સહજ વધે છે, એ અનુભવગમ્ય વાત અનુભવ કરવા યોગ્ય છે.

આ વિવેચન પરથી સમજાશે કે "જ્ઞાની પ્રત્યે બરાબર પ્રતીતિ થાય ને રાત દિવસ તે અપૂર્વ જોગ સાંભર્યા કરે તો

સાચી ભક્તિ પ્રાપ્ત થાય" (ઉપદેશ છાયા–૮) "સત્પુરૂષની ભક્તિમાં લીન થવું." તેનો અર્થ પણ યથાર્થપણે આથી સમજાશે અને તેમ થતાં આગળ આગળની દશામાં આવતાં એ પણ સ્પષ્ટ થશે કે "પરમ પુરૂષની મુખ્ય ભક્તિ, ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય એવા સદ્‌વર્તનથી પ્રાપ્ત થાય છે. ચરણ પ્રતિપત્તિ (શુદ્ધ આચરણની ઉપાસના) રૂપ સદ્‌વર્તન જ્ઞાનીની મુખ્ય આજ્ઞા છે, જે આજ્ઞા પરમ પુરૂષની ભક્તિ છે." (૮૮૫) અહીં કહેલું સદ્‌વર્તન અથવા શુદ્ધ આચરણની ઉપાસના ભગવાનરૂપ સત્પુરૂષની મુખ્ય ભક્તિથી, એટલે પ્રેમ, શ્રદ્ધા તથા અર્પણતાથી ઉત્પન્ન હોય છે. જ્યાં અર્પણતા અર્થાત્ ઈચ્છાનો ક્રમિક ત્યાગ નથી, અથવા આજ્ઞાકિતપણું નથી; ત્યાં શુદ્ધ આચરણ વા આત્માને કલ્યાણરૂપ વર્તન નથી. આ "ભક્તિ પૂર્ણતા પામવાને યોગ્ય ત્યારે થાય છે કે એક તૃણ માત્ર હરિ પ્રત્યે યાચવું નહીં, સર્વ દશામાં ભક્તિમય જ રહેવું." (૨૫૦) અહીં ભક્તિમય એટલે પ્રેમમાં લીનપણે, શ્રદ્ધામાં લીનપણે અને અર્પણતામાં (આજ્ઞામાં) લીનપણે એ ગૂઢ અર્થ છે, અને એ દશા મોક્ષ અપાવનાર છે.

આટલો મોટો અને ગુપ્ત આશય આ બે બોલમાં રહ્યો છે; ઊંડાણમાં ડૂબકી માર્યા વિના તે આશય ભેદને પકડવો અત્યંત દુષ્કર છે; ઊંડા ઉતરવાથી તે સહજ સમજાઈ સ્પષ્ટ થાય છે; માર્ગપ્રાપ્તિનો મર્મ હસ્તગત થાય છે અને આરાધન માટેની અપૂર્વ વૃત્તિ હૃદય કમળમાં ઉત્પન્ન થઈ કાય રૂપે અનાયાસે પરિણમે છે. આત્માનો મોક્ષ કરાવવામાં સમર્થ એવા

આ માર્ગનો મર્મ પ્રકાશનાર જ્ઞાનમૂર્ત્તિ, ચૈતન્ય મૂર્તિ ને શાંત-મૂર્તિ શ્રી રાજચંદ્રદેવને અમારા તમારા અતિ ભક્તિભાવે ત્રિકાળ નમસ્કાર હો, નમન હો, વંદન હો. વીતરાગ ધર્મ પ્રેરક તેમનાં અમૃતમય, કલ્યાણમય, અપૂર્વ વચનો ત્રિકાળ જયવંત વર્તો, જયવંત વર્તો. શ્રી તીર્થંકર મહાવીર પ્રભુના હૃદયમાં જે વાત હતી તે જાણી લઈ, તેનો મર્મ, તેનું અદ્ભુત રહસ્ય, પ્રકાશમાં લાવી જે અનંત ઉપકાર કર્યો છે, તેનો બદલો વાળી શકાય તેમ નથી. "જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરૂં છું. આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરૂષના મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવ પર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ." (૪૧૭)

હવે પછીના પાંચ બોલ પ્રથમના બે બોલને સહાયકારી છે, ટેકો આપનાર છે, ઉજ્વળતા આપનાર છે. જ્યાં જ્યાં ક્ષતિ દેખાય કે સ્ખલનનો સંભવ જણાય, ભાવમાં મંદતા આવે કે આચારમાં શિથિલતા પ્રવેશે. ત્યાં ત્યાં આ પાંચ બોલની સ્મૃતિ દોષ ટાળવાનું અનુપમ કાર્ય કરે છે. ટુંકામાં બાકીના આ પાંચ બોલ તે પ્રથમના બે બોલનો અપેક્ષાએ વિસ્તાર છે અને સાધનામાં પરમ ઉપકારી થાય છે. તે હવે જોઈએ.

## સત્પુરૂષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું

આ ત્રીજા બોલમાં "સત્પુરૂષ" શબ્દ બહુવચનમાં વપરાયો છે તે ધ્યાન ખેંચે છે. બીજા બોલમાં એક સત્પુરૂષને

ઓળખી, તેમના એકનો આશ્રય કરી, તેમની ભક્તિમાં તનથી અને મનથી જોડાઈ લીન થવાનું કહ્યું હતું. આ બોલમાં ભૂતકાળમાં થઈ ગયેલા અને વર્તમાનમાં બીજા જે કોઈ સત્પુરૂષો જાણવામાં હોય તેમનાં ચરિત્રોનું સ્મરણ કરવા ઉપદેશ કર્યો; પરંતુ આત્મકલ્યાણ અને આત્મશ્રેય અર્થે તો એકનો જ આશ્રય કરવો. તે એટલા માટે કે જીવની વૃત્તિ સ્વભાવે (એટલે સમજણના અભાવે) દોષવાળી, ચંચળ અને અસ્થિર રહી છે અને તે કારણે ઝાઝાને વળગવાથી ઊલટી ચિત્તની વિક્ષેપતા વધે, વિકલ્પો વધે અને સ્થિરતા લાવવાનો સદ્હેતુ છે તે પાર ન પડે, વળી અન્ય સ્થળોએ સિદ્ધાંત સમજાવતાં વચનો અપેક્ષાએ કહ્યાં હોય તે અપેક્ષાની સમજણ ન હોય અને તેથી વિરોધ દેખાય ત્યારે મતિ મુંઝાય અને ચિત્ત વિમાસણમાં પડી અટવાય અથવા ભ્રાંતિથી ખોટું ગ્રહણ થાય, જે મહત્ અકલ્યાણનું તેમ સંસાર પરિભ્રમણ વધવાનુ સ્પષ્ટ કારણ જાણી એક જ સત્પુરૂષની આશ્રય ભક્તિમાં રહેવાનો અત્યંત કરૂણાભાવે ઉપદેશ કર્યો છે. વાસ્તવમાં તો એમ છે કે આ કાળે આ ક્ષેત્રે ઝાઝા સત્પુરૂષોનું હોવું અત્યંત દુર્લભ છે અને તેથી પણ વિશેષ દુર્લભ તેમને ઓળખી પ્રતીતિ લાવવાનું કાર્ય છે; પરંતુ અહીં ઉપદેશેલાં બોધવચનો તો સર્વ કાળને માટે એક સરખાં છે, માટે ઉપરનું વિવેચન કરવાની આવશ્યકતા જણાવાથી તેમ કર્યું છે, જેથી જે ત્રિકાળી સત્ય સિદ્ધાંત છે તેનું યથાર્થતાએ ગ્રહણ થઈ આત્મામાં પરિણામરૂપ થાય. બીજી વાસ્તવિક વાત એ છે કે જેનામાં દૃઢ મુમુક્ષુતા ઉત્પન્ન થઈ છે અને

મોક્ષાભિલાષ પ્રબળપણે વર્તે છે, તેને પૂર્વના મહત્ પુણ્યના ઉદયે પોતાના માટે યોગ્ય એવાં સત્પુરૂષ કે જ્ઞાની પુરૂષનો સમાગમયોગ આવીને મળે છે. તેમનામાં જ શ્રદ્ધા પ્રતિતી આવે છે અને તેમના એકનો સહજતાએ પણ નિશ્ચયપણે આશ્રય કરે છે, તેથી તેને અન્ય વિકલ્પમાં પડવાનો સંભવ ઉભો થતો નથી.

આટલું પ્રાથમિક કહ્યા પછી આ ત્રીજા બોલના ભાવ તરફ વળીને જોઈએ કે તે પ્રથમના બે બોલને કેવા પ્રકારે ઉપકારી થઈ સહાયભૂત થાય છે.

પ્રથમના બોલમાં નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવાનો આદેશ આપ્યો, એટલે સુખ દુઃખ, સંયોગ વિયોગ, લાભ અલાભ, જય પરાજય, સંપત્તિ વિપત્તિ આદિના પ્રસંગોએ આકુળતા વ્યાકુળતા કે હર્ષ શોક થવાથી આત્મા અસ્થિર પરિણામી થાય છે; તે અસ્થિર પરિણામો ઘટતા જાય, સ્થિરતા તરફ જઈ શકાય એવા પુરૂષાર્થમાં જવું તે ઉદાસીનતાના ક્રમનું સેવન છે. તેમ થવા માટે સત્પુરૂષની ભક્તિમાં લીન થવાનો આત્માનો પ્રયાસ જો કે કાર્યકારી થાય છે, તો પણ જીવની નિર્બળતાને કારણે સત્પુરૂષોનાં ચરિત્રોનું અવલંબન લેવું જરૂરી થાય છે અને તે લેવાથી આત્મામાં બળનો સંચાર થાય છે અને સ્થિર રહેવાનું સુલભ બને છે, તે કેવી રીતે તે જોઈએ.

દરેક જીવના જીવનમાં શાતા અશાતા વેદનીય કર્મોનો ઉદય આવે છે, ક્યારેક તીવ્રપણે તો ક્યારેક મંદપણે. શાતાથી

સુખનું અને અશાતાથી દુઃખનું વેદન થાય છે. તીવ્ર શાતાના ઉદયે સાંસારિક સુખનાં ઉત્તમ સાધનો સંપ્રાપ્ત થાય છે, ત્યારે તે જીરવવું કઠણ પડે છે અને ગર્વ, મદ, પ્રતિષ્ઠા મોહ, તૃષ્ણા એ આદિ દોષો ઉત્પન્ન થાય છે અને જીવને પછાડે છે. મુમુક્ષુ જીવને તેવા દોષનું ન્યૂનપણું હોય તે સંભવિત છે, છતાં દોષની નિવૃત્તિ હોતી નથી. તે નિવૃત્ત થવા અર્થે સત્પુરૂષોનાં ચરિત્રો સ્મરણમાં લાવવા યોગ્ય કર્યો. તેવા દોષ ભાવો અંતરમાં ઉપસ્થિત થતાં જ ભાવિ તીર્થંકર ભગવંતોની બાહ્ય રિદ્ધિ, વૈભવ આદિ અનુપમપણે હોવા છતાં, સર્વ શક્તિઓ હોવા છતાં તેઓ કેવા મનોવિજયી, શાંત, ગંભીર અને ઉદાસીન હતા, કેવા સ્વસ્થ અને સમપરિણામી હતા, આત્માની કેવી અદ્ભુત શાંત વીતરાગદશા હતી તે બધો પ્રકાર અંદરમાં અપક્ષપાત બુદ્ધિએ વિચાર કરવાથી મોક્ષાભિલાષી અને સાધનામાં ઉત્સાહી મુમુક્ષુજન શાંત ભાવને અવગાહે છે. અથવા કોઈ સમ્યક્દૃષ્ટિ ચક્રવર્તીને યાદ કરી તેમને રિદ્ધિ સિદ્ધિની કંઈ કમીના નથી, છતાં તેમને છ ખંડનું સ્વામીત્વપણું હોવા છતાં અને ચૌદ અદ્ભુત રત્નો તેમની સેવામાં હાજર હોવા છતાં તેઓ કેવા આશ્ચર્યકારક અલિપ્તતાથી રહેતા હતા, ગર્વ કે ગારવ અંશે પણ તેમની પાસે આવી શકતા નહોતા, એ આદિ પ્રકારના સ્મરણથી જિજ્ઞાસુ આત્માર્થી જીવ બોધ લઈ બળ મેળવી સમપરિણામે રહેવાનું શક્ય બનાવે છે. આ રીતે પુણ્યના ઉદયમાં સુખ પ્રાપ્તિ વેળાએ આત્મસ્થિરતા ને આત્મશાંતિ જાળવવા સત્પુરૂષ તથા જ્ઞાની પુરૂષનાં ચરિત્રો ઉપકારી થાય છે, અને ઉદાસીનતાના ક્રમમાં વિકાસ સાધી શકાય છે.

અને અશાતાના તીવ્ર ઉદયે, દૈહિક વેદના વિયોગ આદિ વખતે, માનસિક વ્યથા, સ્વજનાદિનાં મરણ પ્રસંગોએ ઉત્પન્ન થતો અકથ્ય ખેદ એ આદિ પરિસ્થિતિ હોય ત્યારે ચિત્ત સ્થિર રહેવું કે દુઃખને સમ્યક્ પ્રકારે વેદવું ઘણું ઘણું કઠણ છે. મુમુક્ષુ જીવને પણ તેવી આકરી કસોટીના પ્રસંગોએ આત્માને સ્વસ્થ રાખવો મુશ્કેલ બને છે, પરંતુ તેવા સંયોગો પ્રાપ્ત થાય ત્યારે ધીરજ, સમતા, ક્ષમા અને વેદવાની શક્તિ મેળવવા માટે તે સત્પુરૂષોનાં ચરિત્રોનું સ્મરણ કરે છે અને તે સ્મરણબળનું દાન કરી અનુપમ લાભ અને હિતનું કાર્ય સુલભપણે કરાવે છે, આત્મા વીર્યબળ પ્રગટાવતો જઈ નિજ ગુણોનો અંશે અંશે ઉઘાડ કરતો જાય છે. આવું અદ્દ્ભુત કાર્ય આવા સ્મરણ થકી સહજ થાય છે, અને તે અર્થે જ આ ત્રીજો બોલ પ્રકાશ્યો છે.

દૃષ્ટાંત લઇએ, ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચાર જ્ઞાનના ધર્ત્તા છે. અનેક આશ્ચર્યકારક લબ્ધિ અને સિદ્ધિઓના સ્વામી છે. શુદ્ધ આત્મસ્વભાવ પૂર્ણતાએ પ્રગટાવવાના કામી છે. તેવામાં પૂર્વ જન્મોના વેરી કમઠના જીવ( તે દેવગતિમાં છે )ના અંતરમાં પૂર્વનું વેર સાંભરી આવતાં ઉલ્લસે છે. વેરથી અનેકાનેક પ્રકારના ભય ઉપજાવનાર અને પ્રાણહાનિ થતાં વાર ન લાગે તેવા ઉપસર્ગો કરે છે. પ્રભુ કેવળ સમભાવે સ્થિર છે, તે જોઈ આખરે જળની વૃષ્ટિ ને ખૂબ ગાજવીજના ભયંકર કડાકા સાથે ભયાનક વરસાદ વરસાવે છે; પાણીની સપાટી ઊંચી ને ઊંચી આવી ઠેઠ પ્રભુના ખભા સુધી પહોંચે

છે; તે છતાં પ્રભુ સ્થિર ને અડોલ છે. તેમને ભય નથી, ખેદ નથી, ક્રોધ નથી, દ્વેષ નથી, તેમ કોઈ અન્ય ભાવ નથી. તેઓના આત્મામાં આ ભાવો છે :—

"સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ, માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ, પરમ શાંત, ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું, નિજસ્વરૂપમય ઉપયોગ કરૂં છું, તન્મય થાઉં છું." ( ૮૩૩ )

તેવામાં ધરણેન્દ્રદેવનું આસન ચળે છે અને ઉપયોગ મૂકી જોતાં પૂર્વભવનાં પોતાના રક્ષણદાતા અને સન્માર્ગ બતાવનાર એવા પરમ ઉપકારી પ્રભુને ઉપસર્ગ થાય છે તે જુએ છે. વિના વિલંબે, ઉપકારનો કોઈ અંશે બદલો વાળવાના હેતુએ ઉપસર્ગ દૂર કરવા એક વિરાટ કાય સર્પના પૃષ્ટ ભાગના ઘુંચડાથી પ્રભુનું આસન કરે છે અને વિશાળ સપ્તફણાની છત્રી બનાવી પ્રભુનું રક્ષણ કરે છે. પાણીની સપાટી ઊંચે ચડે છે, તેમ તેમ આસન પણ ઊંચી સ્થિતિએ આવે છે. ત્યારે કમઠનો જીવ થાકે છે અને તેનું જોર તૂટે છે. ત્યાં જ પ્રભુને કેવળજ્ઞાન પ્રગટે છે અને બધું શાંત થાય છે.

આ ઘોર, જીવલેણ, અત્યંત વિષમ ઉપસર્ગોની વેળાએ પ્રભુ કેવા નિરાગી ને નિર્વિકારી હતા ! કેવી પરમ શાંત અને

સમ આત્મદશા હતી! એ વેળાએ નહોતો પ્રભુને ઉપસર્ગ-કર્ત્તા પ્રત્યે કિંચિત્ દ્વેષ કે રક્ષણકર્ત્તા પ્રત્યે કિંચિત્ રાગ. તેઓ કેવળ સમતાભાવમાં હતા, સમાધિમાં સ્થિત હતા અને શુદ્ધોપયોગની સુધારસધારામાં તરબોળ હતા.

"પાર્શ્વનાથસ્વામીનું ધ્યાન યોગીઓએ અવશ્ય સ્મરવું જોઇએ. નિઃ૦—એ નાગની છત્રછાયા વેળાનો પાર્શ્વનાથ ઓર હતો!" (૨૧)

ભયંકર ઉપસર્ગોનું બીજું દૃષ્ટાંત અંતિમ ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનું સુપ્રસિદ્ધ છે. સૌથી મોટો ઉપસર્ગ તેમના પૂર્વભવના મહા વૈરી સંગમ દેવતા થકી થયો હતો; ઉપસર્ગના ભિન્ન ભિન્ન પ્રકારો અકથ્ય કષ્ટ આપનાર, પીડા અને ભય ઉપજાવનાર, સામાન્ય જીવના તો છાતીના પાટીયાં તત્કાળ બેસી જઈ પ્રાણઘાત કરે તેવા દુષ્ટ અને ઘાતકી હતા. છતાં જીવલેણ ઉપસર્ગોની સ્થિતિ વેળાએ પ્રભુની કેવી અદ્ભુત સૌમ્યતા હતી! કેવી વિસ્મયકારક ક્ષમા હતી! પરમ પરમ વૈરાગ્યની કેવી પ્રભાવિત ઉજ્વળતા હતી! પરમ આશ્ચર્ય-કારક ઉદાસીનતાની કેવી ઉત્તમ સ્ફુરણા હતી! કેવી ઉત્કૃષ્ટ નિર્ભયતા હતી! નિર્લોભતાની પરમ નિર્મળ અમૃતધારા કેવી સુગમપણે અને સહજતાએ પ્રવહતી હતી! પ્રભુના પ્રભુત્વથી આત્માનું અસંગપણું સર્વોત્કૃષ્ટતાએ કેવું દેદીપ્યમાન હતું! એવા સર્વ પ્રકારના સ્મરણથી મુમુક્ષુના અંતરમાં પ્રેરણાબળ, ઇચ્છાબળ અને નિશ્ચયબળનું આવવું સુગમ થાય છે.

એવું અનુપમ ત્રીજું દૃષ્ટાંત શ્રી કૃષ્ણ ભગવાનના નાના ભાઈ મહાયોગીશ્વર, અંતઃકૃત કેવળી શ્રી ગજસુકુમારનું અતીવ પ્રસિદ્ધ છે, તે સંક્ષેપે જોઇએ.

શ્રી ગજસુકુમાર વયમાં નાના, મનોહર રૂપવાળા અને સુવિવેકી છે. બાળ અવસ્થા છે. સગાઈ થઈ ચૂકી છે. તેવામાં શ્રી નેમનાથ તીર્થંકર પ્રભુના સમવસરણમાં પ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય આવતાં પ્રભુની પાસે દીક્ષા લે છે. આત્મ-સ્વરૂપની પ્રાપ્તિ માટે જેના અંતરમાં ઉછરંગ સમાતો નથી એવા આત્મવીર્યના કવચથી સુરક્ષિત સુકુમાર પ્રભુને વિનવી શીઘ્રાતિશીઘ્ર મોક્ષ કેમ થાય તેનો ઉપાય પૂછે છે. બાળયોગીની પરમ યોગ્યતા જોઈ પ્રભુજી ઉપાય બતાવે છે, કે જે પરમ વિષમ નિમિત્તો વચ્ચે પણ સમતા ધારણ કરી નિજ આત્મ-તત્ત્વમાં ઉપયોગને સબળપણે જોડી રાખે, તો જીવ અતિ અલ્પ કાળમાં શિવસુંદરીને વરે છે.

પ્રભુની આજ્ઞા અને આશિર્વાદ મેળવી મુનિવર ગજસુકુમાર સ્મશાનમાં જઈ આરાધના શરૂ કરે છે. કર્મના ઉદયાનુસાર શ્રી ગજસુકુમારના પૂર્વાશ્રમના સસરા સોમિલ પોતાની પુત્રીનું ભવિષ્ય બગડવાથી ક્રોધના અતિરેકમાં જમાઇને શોધતાં શોધતાં ત્યાં આવીને તેના માથા પર માટીની સગડી કરી બળતાં અંગારા મૂકે છે. મુનિવર સ્થિતિ પારખી લે છે અને પરમ સમતારૂપ પરમ શીતળ જળથી આત્મને ન્હવડાવે છે, ક્ષમાનીરથી પવિત્ર અને શુદ્ધ કરે છે તથા પરમ ઉદાસીનતાની ઉત્તમોત્તમ શ્રેણિ

પર આરૂઢ કરે છે અને પછી આત્માની પરમ શીતળ અમૃત-ધારા વરસાવી, ઉપયોગને સ્વભાવમાં સ્થિર કરી, ક્ષપક શ્રેણી માંડી બે ઘડીમાં કેવળી થઈ, છેલ્લું અયોગી ગુણસ્થાનક પૂર્ણ કરી પરમ શુદ્ધ થઈ સ્થિર થાય છે.

મુનિવરનાં અંતરમાં નહોતો ભય કે ક્રોધ, નહોતો વૈર કે વેદનાનો ભાવ. એ ભગવંત તો કેવળ સમતારસના યોગી અને આત્મરસના ભોગી હતા.

પવિત્ર પુરૂષોનાં આવા અદ્‌ભુત ચરિત્રોનું સ્મરણ કરવાથી મુમુક્ષુજનોને દુઃખના સમયે સમભાવે રહેવા માટે પ્રેરણાબળ મળે છે અને ઉદાસીનતાના ક્રમ પર આગળ ને આગળ ડગ ભરવાનું બની શકે છે.

આ દૃષ્ટાંતો પરથી એ પણ સમજાશે કે " શાતા અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત થવાના મૂળ કારણોને ગવેષતા એવા તે મહત્ પુરૂષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્ય વૃત્તિ ઉદ્‌ભવતી કે શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું, ઉલ્લાસ પામતું અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો. " (૯૧૩)

વળી તેના પરથી ઉત્તમ બોધ એ મળે છે કે :—

" ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મક સ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો

હોવાથી અબંધ દશાને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામ ધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઇ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપ મર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી, પરમં શુદ્ધ ચૈતન્ય સ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે, તેથી ઉપશમ થઇ, જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. ”

“ તે સન્માર્ગને ગવેષતા, પ્રતીત કરવા ઇચ્છતા, તેને સંપ્રાપ્ત કરવા ઇચ્છતા એવા આત્માર્થી જનને પરમ વીતરાગ સ્વરૂપ દેવ, સ્વરૂપ નૈષ્ઠિક નિસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ, પરમ દયા મૂળ ધર્મ વ્યવહાર અને પરમ શાંતરસ રહસ્ય વાકયમય સત્ શાસ્ત્ર, સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી પરમ ભક્તિ વડે ઉપાસવા યોગ્ય છે; જે આત્માના કલ્યાણનાં પરમ કારણો છે. ”
( ૯૧૩ )

આટલું વિવેચન કર્યા પછી ત્રીજા બોલનું જે અદ્ભુત માહાત્મ્ય છે, તેની પ્રથમના બે બોલને સહાય કરવા માટેની જે ઉપકારિતા છે, બળ પ્રદાન કરવા માટેની સમર્થતા છે તે સમજવું અઘરૂં નહીં થાય. ઉદાસીનતાના ક્રમથ આગળ વધવા

માટે ને વીતરાગ દશામાં જવા માટે તથા સત્પુરૂષની ભક્તિમાં લીન થવા માટે સત્પુરૂષોનાં ચરિત્રોનું સ્મરણ ઉત્તમ નિમિત્ત છે, તે સહજ વિચારથી દૃષ્ટિમાં આવવા યોગ્ય છે. સર્વ સત્-પુરૂષો પણ તે જ ભક્તિમાર્ગ આરાધીને સ્વાત્મદશાને પામ્યા હતા, પામે છે ને પામશે.

"આત્મામાં રમણ કરી રહ્યા છે એવા નિર્ગ્રંથ મુનિઓ પણ નિષ્કારણ ભગવાનની ભક્તિમાં પ્રવર્તે છે, કારણ કે ભગવાનના ગુણો એવા જ છે." (૨૭૮)

## (૪) સત્પુરૂષનાં લક્ષણનું ચિંતન કરવું

આ ચોથા બોલમાં સત્પુરૂષોનાં લક્ષણનું ચિંતન કરવાનું કહ્યું. જે વડે વસ્તુ કે પદાર્થ ઓળખાય તેને લક્ષણ કહે છે. લક્ષણ એ ગુણ પણ છે, પણ તેની વિશેષતા એ છે કે તે અન્યમાં હોતું નથી. જેમ જીવનું લક્ષણ ઉપયોગ છે, એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વેદકતા છે અને તેના થકી તે અજીવથી સ્પષ્ટ ભિન્ન પડે છે. એટલે ચેતન પુદ્ગલાદિ અચેતન પદાર્થથી નિઃશંક જુદો સમજાય છે, તેમ સત્પુરૂષ કે જ્ઞાની-પુરૂષ પોતાનાં લક્ષણોથી અજ્ઞાનીથી જુદા પડે છે.

સત્પુરૂષને નિશદિન આત્માનો ઉપયોગ રહે છે, તેમનું અદ્ભુત કથન અનુભવમાં આવે તેવું હોય છે; તેઓ જે કહે તે પરમાર્થ સત્યરૂપ જ હોય છે.

"સત્પુરૂષો તેમના લક્ષણોથી ઓળખાય, તેઓની વાણીમાં પૂર્વાપર અવિરોધ હોય, તેઓ ક્રોધનો જે ઉપાય કહે, તેથી

ક્રોધ જાય, માનનો જે ઉપાય કહે તેથી માન જાય. જ્ઞાનીની વાણી પરમાર્થરૂપ જ હોય છે."

( ઉપદેશ છાયા-૧૦ )

" જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરોધ, આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે; અને અનુભવ સહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે; શુષ્ક જ્ઞાનીની વાણીમાં તથારૂપ ગુણો હોતા નથી; સર્વથી ઉત્કૃષ્ટ જે પૂર્વાપર અવિરોધપણું તે શુષ્ક જ્ઞાનીની વાણીને વિષે વર્તવા યોગ્ય નથી, કેમ કે યથાસ્થિત પદાર્થદર્શન તેને હોતું નથી; અને તેથી ઠામ ઠામ કલ્પનાથી યુક્ત તેની વાણી હોય છે."

" પૂર્વકાળે જ્ઞાની થઈ ગયા હોય અને માત્ર તેની મુખવાણી રહી હોય તો પણ વર્તમાનકાળે જ્ઞાની પુરૂષ એમ જાણી શકે કે આ વાણી જ્ઞાની પુરૂષની છે, કેમ કે રાત્રિ દિવસના ભેદની પેઠે અજ્ઞાની–જ્ઞાનીની વાણીને વિષે આશય ભેદ હોય છે." (૬૭૯)

અહીં સુધી સત્પુરૂષ કે જ્ઞાની પુરુષનાં થોડાં લક્ષણો જોયાં તેમાં ચૈતન્યમય ચિત્તની દશા, આત્મામય ઉપયોગ અને અદ્‌ભુત તથા અપૂર્વ કથન, એકાંત ઉપકારી અને હિતકારક વાણી એ આદિ મુખ્યતાએ હતાં તે ઉપરાંત કૃપાળુદેવનાં બીજા વચનો જોઈએ.

" જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં અભોગી જેવા હતા, તે અવ્યવસાયી જેવા હતા, નિસ્પૃહ હતા અને સહજ સ્વભાવે

મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા." ( ૫૧૬ )

" જ્ઞાની પુરૂષોની પ્રવૃત્તિ, પ્રવૃત્તિ જેવી હોતી નથી. ઊના પાણીને વિષે જેમ અગ્નિપણાનો મુખ્ય ગુણ કહી શકાતો નથી, તેમ જ્ઞાનીની પ્રવૃત્તિ છે; તથાપિ જ્ઞાની પુરૂષ પણ નિવૃત્તિને કોઈ પ્રકારે પણ ઇચ્છે છે : પૂર્વે આરાધન કરેલાં એવાં નિવૃત્તિનાં ક્ષેત્રો, વન–ઉપવન, જોગ, સમાધિ અને સત્સાંગાદિ જ્ઞાની પુરૂષને પ્રવૃત્તિમાં બેઠાં વારંવાર સાંભરી આવે છે. તથાપિ ઉદય-પ્રાપ્ત પ્રારબ્ધને જ્ઞાની અનુસરે છે, સત્સંગની રુચિ રહે છે, તેનો લક્ષ રહે છે." ( ૪૪૯ )

ઉપરના બે અવતરણો પરથી ગૃહવાસમાં રહેવાનો પ્રારબ્ધોદય જેમને વર્તતો હોય તેવા સત્પુરૂષોનાં લક્ષણો કેવાં હોય, અંતરંગ ભાવસ્થિતિ કેવી હોય અને વ્યવહાર પ્રવૃત્તિ કેવા પ્રકારની હોય, તે અહીંથી જાણી શકાય તેમ છે. તેવા પુરુષની ઓળખાણ કેમ થતી નથી ?

" જ્ઞાની પુરૂષની ઓળખાણ નહીં થવામાં ઘણું કરીને જીવના ત્રણ મોટા દોષ જાણીએ છીએ. એક તો ' હું જાણું છુ, ' ' હું સમજું છું ' એવા પ્રકારનું જે માન જીવને રહ્યા કરે છે તે માન. બીજુ પરિગ્રહાદિકને વિષે જ્ઞાની પુરૂષ પર રાગ કરતાં પણ વિશેષ રાગ, ત્રીજું લોક ભયને લીધે, અપકીર્તિ ભયને લીધે અને અપમાન ભયને લીધે જ્ઞાનીથી વિમુખ રહેવું, તેના પ્રત્યે જેવું

વિનયાન્વિત થવું જોઈએ તેવું ન થવું, એ ત્રણ કારણો જીવને જ્ઞાનીથી અજાણ્યો રાખે છે. જ્ઞાનીને વિષે પોતા સમાન કલ્પના રહ્યા કરે છે; પોતાની કલ્પના પ્રમાણે જ્ઞાનીના વિચારનું, શાસ્ત્રનું તોલન કરવામાં આવે છે; થોડું પણ ગ્રંથ સંબંધી વાંચનાદિ જ્ઞાન મળવાથી ઘણા પ્રકારે તે દર્શાવવાની જીવને ઇચ્છા રહ્યા કરે છે. એ વગેરે જે દોષ તે ઉપર જણાવ્યા એવા જે ત્રણ દોષ તેને વિષે સમાન છે અને એ ત્રણે દોષનું ઉપાદાન કારણ એવો તો એક 'સ્વચ્છંદ' નામનો મહાદોષ છે; અને તેનું નિમિત્તકારણ અસત્સંગ છે." (૪૧૬)

આવા દોષો જ્યાં સુધી જીવમાં હોય ત્યાં સુધી સત્પુરુષોનાં લક્ષણો પર દૃષ્ટિ પહોંચી શકતી નથી અને તેથી તેઓ ઓળખી શકાતા નથી, તો પછી લક્ષણોનું ચિંતન કેવી રીતે કરી શકે? પરંતુ દોષો ઠીક ઠીક મોળા પડે ત્યારે, મુમુક્ષુતા પ્રગટે ત્યારે ઓળખાણ થવી સંભવે છે.

"જીવને જ્ઞાની પુરુષની ઓળખાંણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે. સત્પુરુષની ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ-ભાવ મોળા પડવા લાગે છે, અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે, વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે; જીવને અનિત્યાદિ ભાવના ચિંતવવા પ્રત્યે બળવીર્ય

સ્ફુરવા વિષે જે પ્રકારે જ્ઞાની પુરૂષ સમીપે સાંભળ્યું છે, તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે પંચ વિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દૃઢ કરે છે, અર્થાત્ સત્પુરૂષ મળ્યે આ સત્પુરૂષ છે એટલું જાણી, સત્પુરૂષને જાણ્યા પ્રથમ જેમ આત્મા પંચ વિષયાદિને વિષે રક્ત હતો તેમ રક્ત ત્યાર પછી નથી રહેતો અને અનુક્રમે તે રક્તભાવ મોળો પડે એવા વૈરાગ્યમાં જીવ આવે છે; અથવા સત્પુરૂષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કંઈ દુર્લભ નથી; તથાપિ સત્પુરૂષને વિષે, તેનાં વચનને વિષે, તે વચનના આશયને વિષે પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી અને સત્પુરૂષનો જીવને યોગ થયો છે એવું ખરેખરૂં તે જીવને ભાસ્યું છે, એમ પણ કહેવું કઠણ છે. ”

(૫૨૨)

સત્પુરૂષને તેમનાં લક્ષણોથી ઓળખી અને તેમનો આશ્રય કરવાથી જે ફળ જીવને પ્રાપ્ત થાય છે તે અહીં જણાવ્યુ. લક્ષણોનું ચિંતન કરવાનો અહીં ઉપદેશ કર્યો તે એટલા માટે કે તે સત્પુરૂષના ગુણો પોતાનામાં આવે અને તેમની આશ્રય ભક્તિ કરવાની પ્રબળ વૃત્તિ થાય. આથી આ બોલનો આશ્રય બીજા બોલને એટલે “ સત્પુરૂષની ભક્તિ પ્રત્યે લીન થવું ” તેને સહાયકર્તા થાય છે. ભક્તિમાં લીનતા થવા માટે ત્રીજો તથા આ ચોથો બોલ અત્યંત ઉપકારી થાય છે, તે સહજ વિચારથી સિદ્ધ થશે.

હવે ૧૭માં વર્ષે પરમ કૃપાળુદેવ રચિત "મોક્ષમાળા" શિક્ષાપાઠ ૧૧માં સદ્ગુરુનાં લક્ષણો બતાવ્યાં છે તે અહીં ઉતારીએ છીએ.

"ગુરુ જો ઉત્તમ હોય તો તે ભવસમુદ્રમાં નાવિકરૂપ થઈ સદ્ધર્મનાવમાં બેસાડી પાર પમાડે, તત્ત્વજ્ઞાનના ભેદ, સ્વ-સ્વરૂપ ભેદ, લોકાલોક વિચાર, સંસાર સ્વરૂપ એ સઘળું ઉત્તમ ગુરુ વિના મળી શકે નહીં. ત્યારે તને પ્રશ્ન કરવાની ઇચ્છા થશે કે, એવા ગુરુનાં લક્ષણ કયા કયા? તે હું કહું છું. જિનેશ્વર ભગવાનની ભાખેલી આજ્ઞા જાણે, તેને યથાતથ્ય પાળે, અને બીજાને બોધે, કંચન કામિનીથી સર્વ ભાવથી ત્યાગી હોય, વિશુદ્ધ આહાર-જળ લેતા હોય, બાવીશ પ્રકારના પરિષહ સહન કરતા હોય, ક્ષાંત, દાંત, નિરારંભી અને જિતેંદ્રિય હોય, સિદ્ધાંતિક જ્ઞાનમાં નિમગ્ન હોય, ધર્મ માટે થઈને માત્ર શરીરનો નિર્વાહ કરતા હોય, નિર્ગ્રંથપંથ પાળતાં કાયર ન હોય, સળી માત્ર પણ અદત્ત લેતા ન હોય, સર્વ પ્રકારના આહાર રાત્રિએ ત્યાગ્યા હોય, સમભાવી હોય, અને નિરાગતાથી સત્યોપદેશક હોય. ટુંકામાં તેઓને કાષ્ઠ સ્વરૂપ સદ્ગુરુ જાણવા."

આ ઠેકાણે ત્યાગી નિર્ગ્રંથ મુનિનાં લક્ષણો કહ્યાં છે તે સ્પષ્ટ સમજાશે. પ્રારબ્ધોદયે ગૃહવાસમાં વસતા હોય તેવા જ્ઞાની પુરૂષનાં કેટલાંક લક્ષણો પણ ઉપરના વર્ણનમાં સમાવેશ પામે છે તે પણ જાણી શકાશે; અર્થાત્ તે લક્ષણો જુદા તારવવાં તે કઠિન નથી.

પરમકૃપાળુદેવે ઓગણત્રીશમે વર્ષે અમૃતતુલ્ય અમર કૃતિ "શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર"ની માત્ર દોઢ કલાકની અંદર રચના કરી તેની દસમી ગાથામાં સદ્ગુરૂનાં લક્ષણો સમગ્રપણે અપૂર્વ વચનોથી અદ્ભુત રીતે જણાવ્યાં તે હવે જોઈએ. માત્ર પાંચ બોલમાં લક્ષણો બતાવ્યાં છે; પરંતુ તેનો જો વિસ્તાર કરવામાં આવે તો તે એક અપૂર્વશાસ્ત્ર બની જાય. આ ગાથાના ભાવો એટલા બધા ગૂઢ ને રહસ્યયુક્ત છે કે તેને સમજાવવા માટે વચનામૃત પત્રાંક નં. ૮૩૭માં પરમ કૃપાળુ દેવે પોતે જ થોડો વિસ્તાર કર્યો છે; અને તે ગાથાના ભાવોની અગત્યતા કેટલી છે તે સહેલાઇથી બતાવે છે. અહીં સંપૂર્ણ વિવેચન ઉતારી શકાય તેમ નહીં હોવાથી, માત્ર સંક્ષેપે જણાવીએ છીએ. વિસ્તૃત અર્થ માટે જિજ્ઞાસુએ તે પત્ર વાંચી, વિચારી, ચિંતન કરવું.

"આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય."

(આત્માસિદ્ધિ શાસ્ત્ર ગાથા ૧૦)

"આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે એટલે પરભાવની ઇચ્છાથી જે રહિત થયા છે; તથા શત્રુ, મિત્ર, હર્ષ, શોક, નમસ્કાર, તિરસ્કાર આદિ ભાવ પ્રત્યે જેને સમતા વર્તે છે; માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલા એવા કર્મોના ઉદયને લીધે જેમની વિચરવા આદિ ક્રિયા છે; અજ્ઞાની કરતાં જેની વાણી પ્રત્યક્ષ જુદી પડે છે અસે ષટ્દર્શનના તાત્પર્યને જાણે છે, તે સદ્ગુરુનાં ઉત્તમ લક્ષણો છે.

"અત્રે સ્વરૂપસ્થિત ( આત્મજ્ઞાનમાં સ્થિતિ ) એવું પ્રથમ પદ કહ્યું તેથી જ્ઞાનદશા કહી, ઇચ્છારહિતપણું ( સમદર્શિતા ) કહ્યું તેથી ચારિત્રદશા કહી. ઇચ્છા રહિત હોય તે વિચરી કેમ શકે ? એવી આશંકા, 'પૂર્વ પ્રયોગ એટલે પૂર્વના બંધાયેલાં પ્રારબ્ધથી વિચરે છે, વિચરવા આદિની બાકી જેને કામના નથી' એમ કહી નિવૃત્ત કરી. અપૂર્વ વાણી એમ કહેવાથી વચનાતિશયતા કહી કેમ કે તે વિના મુમુક્ષુને ઉપકાર ન થાય. પરમશ્રુત કહેવાથી ષટ્દર્શન અવિરૂદ્ધ દશાએ જાણનાર કહ્યા, એટલે શ્રુતજ્ઞાનનું વિશેષપણું દર્શાવ્યું." ( ૭૧૮ )

સમદર્શિતાને વિશેષપણે સમજીએ.

"સમદર્શિતા એટલે પદાર્થને વિષે ઇષ્ટ અનિષ્ટ બુદ્ધિ રહિતપણું, ઇચ્છારહિતપણું, મમત્વરહિતપણું; સમદર્શિતા ચારિત્રદશા સૂચવે છે. રાગ દ્વેષ રહિત થવું તે ચારિત્ર દશા છે.... સમદર્શી બાહ્ય પદાર્થને, તેના પર્યાયને, તે પદાર્થ તથા પર્યાય જેવા ભાવે વર્તે, તેવા ભાવ દેખે, જાણે, જણાવે, પણ તે પદાર્થ કે તેના પર્યાયને વિષે મમત્વ કે ઇષ્ટ–અનિષ્ટ બુદ્ધિ ન કરે.... હેય( છાંડવા યોગ્ય )ને હેયરૂપે દેખે, જાણે, જણાવે, ઉપાદેય( આદરવા યોગ્ય )ને ઉપાદેયરૂપે દેખે, જાણે, જણાવે.... સદ્ગુરુ યોગ્ય લક્ષણરૂપ સમદર્શિતા, મુખ્યતાએ સર્વ વિરતિ ગુણસ્થાનકે હોય; પછીના ગુણસ્થાનકે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય, વિશેષ પ્રગટ થતી જાય; ક્ષીણમોહ સ્થાને તેની પરાકાષ્ટા અને પછી સંપૂર્ણ વીતરાગતા.

"સમદર્શી સત્‌ને જાણે, બોધે; અસત્‌ને અસત્ જાણે, નિષેધે; સત્શ્રુતને સત્શ્રુત જાણે, બોધે; કુશ્રુતને કુશ્રુત જાણે, નિષેધે; સદ્ધર્મને સદ્ધર્મ જાણે, બોધે; અસદ્ધર્મને અસદ્ધર્મ જાણે, નિષેધે; સદ્‌ગુરુને સદ્‌ગુરુ જાણે, બોધે; અસદ્‌ગુરુને અસદ્‌ગુરુ જાણે, નિષેધે; સદ્‌દેવને સદ્‌દેવ જાણે, બોધે; અસદ્‌દેવને અસદ્‌દેવ જાણે, નિષેધે; ઇત્યાદિ જે જેમ હોય તેને તેમ દેખે, જાણે, પ્રરૂપે; તેમાં રાગદ્વેષ, ઇષ્ટ અનિષ્ટ બુદ્ધિ ન કરે; એ પ્રકારે સમદર્શીપણું સમજવું." (૮૩૭)

સત્પુરૂષનાં આવા અદ્‌ભુત લક્ષણોનું ચિંતન કરવા ચોથા બોલમાં પરમકૃપાળુદેવે નિષ્કારણ કરૂણાબુદ્ધિથી જીવના હિતાર્થે ઉપદેશ કર્યો. સત્પુરૂષોનાં ચરિત્રો વાંચવાથી તેમના અંતરગત તેના ગુણોની ઓળખાણ થાય, લક્ષણો લક્ષગત થાય અને પછી તેનાં પર ભાવપૂર્વક ચિંતન કરવાથી એક તો સત્પુરૂષનું માહાત્મ્ય સમજાય, તેમના પ્રત્યે અહોભાવ આવે અને તેથી તેમની ભક્તિમાં લીનતા સુલભતાએ થઈ શકે; અને બીજું જેનું ચિંતન કરવામાં આવે, તેનું પોતાનામાં આવિર્ભાવપણું પ્રગટ થતું જાય છે તે ન્યાયથી તે તે ગુણો પોતામાં અંશે અંશે વર્ધમાન થતા જાય છે અને તેને લીધે રાગદ્વેષના મંદપણારૂપ ઉદાસીનતા ક્રમથી વધતી જાય છે. આમ આ ચોથો બોલ પ્રથમના બે બોલની સ્થિતિ વધારી દઢ કરાવવામાં ઉપકારભૂત થાય છે એ સ્પષ્ટપણે સમજાશે.

## (૫) સત્પુરૂષોની મુખ કૃતિનું હૃદયથી અવલોકન કરવું.

આ પાંચમાં બોલમાં સત્પુરૂષોના ચરિત્રમાં સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિના પ્રસંગો, પરિષહ ઉપસર્ગો આદિના પ્રસંગો ઉપરાંત તેમનાં અંતર્ ચારિત્રની ઝાંખી કરાવે એવા બાહ્ય ચારિત્રનું વર્ણન કરવામાં આવ્યું હોય છે; તેના પરથી તેમનાં લક્ષણો(ગુણો)નું જ્ઞાન થાય છે. તે ગુણોનો પ્રભાવ એટલો પ્રભુત્વવાળો હોય છે કે તેની સ્પષ્ટ છાપ તેમની મુખાકૃતિ પર અંકિત થયા વિના રહી શકતી નથી. વળી તે ગુણોની સુવાસ ચોતરફ પ્રસરે છે અને પાસે વસતા યોગ્ય મુમુક્ષુઓ તેનો અનુભવ કરી શકે છે.

મુખના કયા ભાગમાંથી ગુણોનો પ્રવાહ મુખ્યપણે વહેતો હશે અથવા ગુણોનું પ્રભુત્વ કયા સ્થાને અધિકતાએ દષ્ટિ ગોચર થતું હશે ? એ પ્રશ્નના ઉત્તરમાં એકદમ કહી શકાય કે ચક્ષુમાં ચક્ષુની રચના જ અદ્ભુત છે; તેને આરસીની ઉપમા આપી છે તે એટલા માટે કે જેમ આરસીને વિષે પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેમ ચક્ષુને વિષે છે, પરંતુ તેથી વિશેષ સમજવા જેવી વાત તો એ છે કે ચક્ષુ એ આત્માનું પ્રતીક છે; જેમ આત્માનું કાર્ય જ્ઞાનદર્શન કરવાનું છે, તેમ ચક્ષુનું પણ રૂપરંગ જોવા જાણવાનું કાર્ય છે, જેમ આત્મા ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણ કાળનું જ્ઞાન કરી શકે છે, તેમ ચક્ષુની દષ્ટિ સન્મુખ હોવા છતાં, તે સન્મુખ સ્થિત પદાર્થો જોવા

જાણવા ઉપરાંત તેની જમણી તથા ડાબી બંને બાજુમાં રહેલ વસ્તુઓ જાણી દેખી શકે છે; જેમ આત્મામાં તેજ છે, તેમ ચક્ષુમાં પણ છે. ( આત્માના અસ્તિત્વથી જ ચક્ષુ તેનું કાર્ય કરી શકે છે તે વાત લક્ષમાં છે. ) આ રીતે ચક્ષુ આત્માનું પ્રતીક હોવાથી, આત્માના ગુણો (તથા દોષો) ચક્ષુમાં પ્રતિબિંબિત થાય છે. આત્માના ગુણો વિશેષ વિશેષ પ્રગટતા જાય છે તેમ ચાક્ષુમાં તેજ અંબાર પ્રકાશિત થાય છે, ચક્ષુમાંથી તેજ કિરણો પ્રવાહરૂપે છુટે છે; ચક્ષુ, ડોળો, પોપચાં અને આસપાસના ભાગો સુંદર, સુરમ્ય, કોઈ કાળી છાંટ કે કાળા ડાઘ વગરનાં હોય છે; સર્વ રેખાઓ સુવ્યસ્થિત, સુશોભિત અને જાણે સ્મિત કરતી હોય તેવી સુસ્પષ્ટ ભાસે છે; ચક્ષુ પર દૃષ્ટિ સ્થાપન કરતાં જ, તે આકર્ષાય છે, ખેંચાય છે, કહો કે નજરાય જાય છે. તેથી બરાબર ઉલટું આત્મામાં દોષો વધે ત્યારે બને છે; બધું બેડોળ, અરમ્ય; કાળી છાંટ કે કાળા ડાઘ સંયુક્ત હોય છે; તેવાં નયન પર નજર મિલાવતાં દૃષ્ટિ ખેંચી લેવાનું દિલ થઈ આવે છે.

સત્પુરૂષનાં ચક્ષુમાં તેમના આત્મિક ગુણો પ્રકાશિત થયા હોય છે, તેથી તેમાં પ્રકાશિત તેજ અને તેજકિરણોનો વહેતો પ્રવાહ જોવા મળે છે; સત્પુરૂષ જ્યારે વાણી પ્રકાશતા હોય છે ત્યારે ઘણીવાર મુખમાંથી તેજનો ફુવારો ઊડતો હોય છે, જે બધું માત્ર સમ્યક્ શ્રદ્ધાવાન ઉત્તમ મુમુક્ષુ જોઈ શકે છે. "માત્ર જ્ઞાનીને ઇચ્છે છે, ઓળખે છે, અને ભજે છે, તે જ તેવો થાય છે, અને તે ઉત્તમ મુમુક્ષુ જાણવો યોગ્ય છે. જે વાસ્તવ્ય

જ્ઞાનીને ઓળખે છે, તે ધ્યાનાદિને ઇચ્છે નહીં એવો અમારો અંતરંગ અભિપ્રાય વર્તે છે." (૩૩૫) ત્યારે સત્પુરુષનાં ચક્ષુમાંથી કયા ગુણો પ્રવહતા હશે તે પ્રશ્નનું સમાધાન આ પ્રકારે સમજવું યોગ્ય છે; વીતરાગ શાંતભાવ, પ્રેમ અને કરૂણાભાવ, દયા અને ક્ષમાભાવ, એ આદિ ઉત્તમ ભાવો તેમનાં પવિત્ર બનેલાં ચક્ષુમાંથી નીતરતા હોય છે.

એવા સત્પુરૂષનાં દર્શન થતાં જ મુમુક્ષુજનના અંતરમાં સહસા સહજ ભાવો ઊઠે કે, "અહો ! આ મુનિનો કેવો અદ્ભુત વર્ણ છે ! અહો ! એનું કેવું મનોહર રૂપ છે ! અહો ! આ આર્યની કેવી અદ્ભુત સૌમ્યતા છે ! અહો ! આ કેવી વિસ્મયકારક ક્ષમાના ધરનાર છે ! અહો ! આના અંગથી વૈરાગ્યની કેવી ઉત્તમ સ્ફુરણા છે ! અહો ! આની કેવી નિર્લોભતા જણાય છે ! અહો ! આ સંયતિ કેવું નિર્ભય અપ્રભુત્વ-નમ્રપણું ધરાવે છે ! અહો ! એનું ભોગનું અસંગતિપણું કેવું સુદૃઢ છે !" (૧૬)

આ સહજ ભાવો મુમુક્ષુજનના હૃદયમાં ઉઠવાના પરિણામે તે પોતાને સંબોધે છે કે :—

"વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અન-અધિકારીપણાને લીધે તથા સત્પુરૂષના યોગ વિના સમજાતું નથી. તો પણ તેના જેવું જીવને સંસારરોગ મટાડવાને બીજું કોઇ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

" આ પરમ તત્ત્વ છે તેનો મને સદાએ નિશ્ચય રહો એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મ-મરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ! નિવૃત્તિ થાઓ!!

હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી વિરામ પામ, વિરામ પામ; કાંઇક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા, જાગૃત થા! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

" હે જીવ! હવે તારે સત્પુરૂષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે. " (૫૦૫)

અને જે મુમુક્ષુને સત્પુરૂષના બોધથી મૂળ માર્ગની પ્રાપ્તિ થઈ છે તેના ભાવ બતાવીએ છીએ.

" હે પરમ કૃપાળુ દેવ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુ:ખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરૂષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપનાં ચરણારવિંદમાં નમસ્કાર કરૂં છું આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરૂષના મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ. " (૪૧૭)

આ પ્રકારના હૃદયમાંથી ઉદ્ભવેલા ભાવનાં કારણ તો સમજાયાં હશે કે તે છે સત્પુરૂષની મુખાકૃતિનું હૃદયથી

અવલોકન અને તેમના વચનામૃત. તે બંને કારણોથી અથવા આ પાંચમા બોલથી સત્પુરૂષની ભક્તિ પ્રત્યે લીનતા આવે છે અને તેમના ગુણોની અસરથી તેમજ ભક્તિના પ્રભાવથી ઉદાસીનતા વૃદ્ધિ પામે છે. આ રીતે આ બોલ પણ પ્રથમના બે બોલને બળ આપી ઉપકાર કરે છે.

આ પાંચમા બોલમાં મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવાનો બોધ કર્યો છે. અહીં “ હૃદય ” શબ્દને વિચારપૂર્વક સમજવા ઘટે છે. અવલોકન હૃદયથી એટલે પ્રેમપૂર્વકના સાચા ભાવથી, અને નહીં કે મગજથી એટલે બુદ્ધિ ચલાવીને, કરવાનું છે. પ્રેમ એ આત્માનો સહજ ગુણ હોવાથી આત્મામાંથી આવે છે અને તેના આવિર્ભાવનું ક્ષેત્ર છે હૃદય અને તે કારણે તેમાં ભૂલ થતી નથી; જ્યારે બુદ્ધિ એટલે મતિ તે ચેતન સ્વરૂપ હોવા છતાં મતિજ્ઞાનાવરણને કારણે તેમાં કલ્પના ભળી જાય છે અને તેથી ભૂલ થાય તે સમજાય તેવું છે; બુદ્ધિનું સ્થાન મગજ (Brain) ક્ષેત્ર છે અને મગજ જો ન્યૂનાધિકપણે વ્યાધિગ્રસ્ત હોય કે અસ્થિર હોય કે અવિકસિત હોય તો ભૂલ થાય છે. વાસ્તવમાં તો અપૂર્વ પરમાર્થની જેને અપેક્ષા હોય તેણે તો પ્રથમ મગજથી નીચે ઉતરી હૃદય સુધી પહોંચવું અને પછી હૃદયે જે ગ્રહણ કર્યું હોય, અનુભવ્યું હોય, તે મગજથી, બુદ્ધિથી વિચારી દૃઢ કરવું, જેથી કુતર્ક ઊઠવા સંભવ ન રહે તેમ ખોટું ગ્રહણ ન થાય. આથી સત્પુરૂષની મુખમુદ્રાનું હૃદયથી અવલોકન કરવાથી તેમની મુદ્રામાં પ્રકાશિત થતા તેમના આત્મિક ગુણોની જાણ થવાથી સત્પુરૂષ પ્રત્યેનો

પ્રેમ વૃદ્ધિ પામે છે અને તેથી કરીને ભક્તિલીનતા તરફ આગળ વધી સ્વકલ્યાણના અંશો વિશેષતાએ પ્રગટે છે.

વળી આ બોલમાં પ્રાથમિક ભૂમિકામાં સ્થિત તથા પરમાર્થના રૂચિવંત એવા જીવને માટે આત્મવિકાસ અર્થે વિધિવિધાનનો ગુપ્તપણે નિર્દેશ છે: અને તે આ પ્રમાણે સમજાય છે.

પોતાના ઉપકારી અને ઇષ્ટ સત્પુરૂષના ચિત્રપટ સન્મુખ સંસારના સર્વ ભાવોથી ઇચ્છિત સમય પર્યંત વિરામ પામીને ચિત્તની સ્થિરતા લાવીને સ્થિર આસને બેસવું. સત્પુરૂષના ચક્ષુમાં પોતાની દૃષ્ટિને સ્થાપન કરી હૃદયથી એટલે અંતરના પ્રેમપૂર્વકના નિર્મળ ભાવથી અવલોકન કરવું, ચિત્તમાં વિચારો કે વિકલ્પો ઊઠે તેને ઉપશમ કરવા એટલે તેના પર મનન ન કરતાં તેના દૃષ્ટા, જ્ઞાતા કે સાક્ષી તરીકે રહેવાનો પુરૂષાર્થ કરવો. તેમ છતાં વિકલ્પો હઠ કરીને આવે અને અકળાવે તો "શાંતિ" શબ્દ માત્ર મનમાં બોલવો, તેથી વિકલ્પોનું બળ તૂટશે અને તેની નિરાધાર સ્થિતિ થતાં સ્થિરતા આવશે. થોડા દિવસના અભ્યાસથી સફળતા મળતી દેખાશે. અભ્યાસથી સર્વ સિદ્ધિ છે.

સ્થિરતા આવ્યેથી આત્મામાં કોઈ પ્રકારે સમતા અનુભવાશે; તેની સાથે તે સ્થિરતાના જ કારણે ચમત્કારિક પરિણામો આવવા શરૂ થશે. ચિત્રપટની ચારે કિનાર સોનેરી પીળા રંગવાળી અથવા શ્વેત રંગથી પ્રકાશિત દેખાશે. પછી ચિત્રપટ

પણ ઝળહળ જ્યોતિ સમાન જોવામાં આવશે અને તે વેળા ચિત્રપટની આસપાસની ભૂમિનું ક્ષેત્ર સામાન્ય તેજવાળું હશે.... આ વગેરે દશ્યો જોતાં આનંદ ઉપજશે. આંખ બંધ થતાં, સ્થિરતા હશે તો મનોચક્ષુ સામે રંગબેરંગી વાદળાંઓ પસાર થતાં, અથવા ઊંચે ચઢી વિખરાતાં નીરખવામાં આવશે. વાદળાંના રંગ, પીળો, વાદળી, જાંબુડીયો, આછો લાલ કાળી છાંટવાળા દેખાશે. પ્રત્યેક રંગનો પરમાર્થ રહસ્યયુક્ત છે. જેનું વિવેચન અથવા સમજણ માટે અત્ર જણાવવું આવશ્યક નથી.

આ અભ્યાસ પછી ચિત્રપટની સહાય વિના ભાસ કે સ્વપ્નમાં સત્પુરૂષનાં દર્શન કરવાનો અલભ્ય લાભ થશે. આ દર્શનનું ફળ અદ્‌ભુત અને પરમ ઉપકારી છે.

આ બોલમાં આ ભાવનો ગર્ભિતપણે નિર્દેશ કરી પરમ કૃપાળુ દેવે અસીમ ઉપકાર કર્યો છે; અને તેનું ફળ પ્રથમના બે બોલને ઉત્તેજક છે.

**( ૬ ) તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવા.**

આ બોલ ઘણો ગંભીર, સામાન્ય જીવથી તેમાં રહેલ અંતર્ગત ભાવો ન સમજી શકાય તેવો કઠણ, છતાં સુંદર ઉપકારી ભાવસભર છે. સત્પુરૂષના ત્રણે યોગની પ્રવૃત્તિના ગર્ભમા સ્થિત આશ્ચર્યકારક રહસ્યો જાણવાં ઓળખવાં માટે એક તો પોતાની મુમુક્ષુપણાની ભૂમિકા ઊંચી જોઇએ અને બીજુ તેમનો સત્સમાગમ ફરી ફરી થવો જોઇએ. ભૂમિકા

ઊંચી હોવાની સાથે પોતાની અંદર સત્પુરૂષ પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા વિશેષતાએ વિકસ્યાં હોવા ઘટે એ પણ સ્મરણમાં રાખવા યોગ્ય છે. તે વિના રહસ્યો આત્માથી સમજાવાં અત્યંત દુર્ઘટ છે. સમજાયાં પછી નિદિધ્યાસન કરવાનું ફળ ઘણું મોટું છે; જે આપણે આગળ ઉપર વિચારપૂર્વક જોઈશું; દરમ્યાન સર્વના વિચાર અર્થે પરમ કૃપાળુ દેવનાં વચનો અહીં ઉતારીએ છીએ.

"ચિત્તની જો સ્થિરતા થઈ હોય તો તેવા સમય પરત્વે સત્પુરૂષોના ગુણોનું ચિંતન, તેમના વચનોનું મનન, તેમના ચારિત્રનું કથન, કીર્તન, અને પ્રત્યેક ચેષ્ટાનાં ફરી ફરી નિદિધ્યાસન એમ થઈ શકતું હોય તો મનનો નિગ્રહ થઈ શકે ખરો; અને મન જીતવાની ખરેખરી કસોટી એ છે. એમ થવાથી ધ્યાન શું છે એ સમજાશે. પણ ઉદાસીનભાવે ચિત્તસ્થિરતા સમય પરત્વે તેની ખૂબી માલૂમ પડે." (२९५)

અત્યાર સુધીના વિવેચન પરથી આપણે જાણીએ છીએ કે મોક્ષમાર્ગ અને તેનો મર્મ પ્રથમના બે બોલમાં સમાય છે અને ત્યાર પછીના બોલો છે તે તેને સહાયકારક તેમ બળ આપનાર છે; તે સહજપણે એવા ક્રમથી આત્મભાવપૂર્વક હૃદયમાંથી નીકળ્યા છે કે તેને ન્યાયથી, બુદ્ધિથી સમજી શકાય, જ્ઞાની ભગવંતની સહજ સ્વાભાવિક, વિના પ્રયાસે નીકળેલી વાણી કેવી હોય તેનો નમુનો જોવો હોય તો તે અહીં જ છે. તેમને સ્વાભાવિક ક્રમની જાળવણી માટે બુદ્ધિપૂર્વકના વિચાર કરવાની આવશ્યકતા હોતી નથી, તેમ

આત્મામાંથી નીકળતા ભાવોને ભાષામાં ઉતારવા માટે શબ્દો શોધવા પડતા નથી. કેવળ અનુરૂપ અને યોગ્ય શબ્દો સ્વયં હાજર થઈ વાણીરૂપે ગોઠવાઈ જાય છે. અધ્યાત્મ જેવા કઠિનમાં કઠિન વિષયને આત્મત્વ પ્રાપ્ત અનુભવી મહાપુરૂષ ભાવસભર અને ગૂઢ રહસ્યથી ભરપૂર વચનોમાં સહજતાએ ઉતારી શકે છે. ક્યાંય ક્ષતિ, દોષ કે ન્યૂનાધિકતા દેખી શકાતાં નથી.

ત્રીજા બોલમાં સત્પુરૂષોનાં ચરિત્રોનું સ્મરણ કરવાનું કહ્યું. ત્યાં સુખદુ:ખનાં નિમિત્તો કોઈ વખતે અતિ વિષમ હોવા છતાં તેમના આત્મભાવની સ્થિરતા આદિ ગુણો જાણી શકાય છે. તેની સ્મૃતિ પોતાને પ્રાપ્ત થતા હર્ષ શોકના પ્રસંગોએ લેવાનો બોધ કર્યો; ચોથા બોલમાં સત્પુરૂષોનાં લક્ષણનુ ચિંતન કરવાનો ઉપદેશ આપ્યો; ત્યાં ચરિત્રો દ્વારા જાણેલાં લક્ષણો એટલે ગુણો, જેવા કે સમતા, શાંતિ, કરુણા, ક્ષમા, ધીરતા, વીરતા, નિસ્પૃહતા, નિર્લોભતા, નમ્રતા, સરળતા આદિને અંત-રંગમાં તેની પ્રાપ્તિ અર્થે ચિંતવવાનું કહી બતાવ્યું; પાંચમા બોલમાં સત્પુરૂષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવા બોધ અર્થે સૂચવ્યું; ત્યાં જે ગુણો સત્પુરૂષોને વિષે વિદ્યમાન હોવાનું જાણ્યું હતું; તે ગુણો સત્પુરૂષની મુખાકૃતિને વિષે પ્રતિબિંબિત થતા હોવાથી, તેમની મુખમુદ્રાનું હૃદયથી અવલોકન કરવાનું કહ્યું. જેથી પોતાની યોગ્યતાનુસાર તે ગુણોને જાણી શકાય. અને હવે આ છઠ્ઠા બોલમાં તેવા ગુણોથી સુશોભિત સત્પુરૂષની મન, વચન, કાયાની પ્રવૃત્તિઓ કેવી હોય, તે તીક્ષ્ણ બુદ્ધિએ નજરે જોઈ, તેના પર વિચાર કરી, તે પ્રવૃત્તિની ભીતરમાં

જે ગુપ્ત અદ્‌ભુત રહસ્ય છૂપાયેલું છે તેને પકડી પાડી તે પરત્વે નિદિધ્યાસન કરવાનો ઉપદેશ કર્યો. નિદિધ્યાસન કરવું એટલે ફરી ફરીને ચિંતન મનન કરવું. જેથી કરીને તે આત્મામાં પરિણામરૂપ થાય. આત્મામાં પરિણમન થાય તે નિદિધ્યાસન.

સત્પુરૂષનાં મનમાં જે જે વિચાર હોય, તેને બરાબર અનુરૂપ તેમનાં વચન હોય છે અને તે વિચાર અને વચનના આશયને તદ્રુપ એવું વર્તન ( આચાર ) હોય છે. અર્થાત્ મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓની એકરૂપતા હોય છે. તેમાં ભેદ ક્યારે પણ પડતો નથી; પડે તો તે અસત્ય, માયા અને મોહ કહેવાય, જેનો તો સત્પુરૂષોએ અભાવ કર્યો હોય છે અને ત્યારે તો સત્પુરૂષનું ઉત્તમ પદ પ્રાપ્ત થાય છે.

જ્ઞાનીપુરૂષ પોતાની આત્મદશા સંબંધે, પોતાના દોષ સંબંધે, વિચાર કરે છે ત્યારે તેમની વિચારણા પક્ષપાતથી પર અને આત્માને અત્યંતપણે તાવીને પ્રમાણિકપણે કરે છે; અને જેમ હોય તેમ નિર્મળ ભાવ રાખી જ્ઞાનદૃષ્ટિમાં જુએ છે. સામાન્ય જીવ માટે આ કાર્ય અઘરું હોવા છતાં જ્ઞાનીપુરૂષ માટે તે સરળ બને છે, અને તેવી તેમની સહજ સ્થિતિ હોવા છતાં તેઓ આત્મજાગૃતિ, ઉપયોગની ન્યૂનાધિક તીક્ષ્ણતા અને આત્મદૃષ્ટિએ આત્મલક્ષતા રાખે જ છે. ક્યારેક જ્ઞાનીપુરૂષને પોતાની ઉપર કહી તે વિચારણા દર્શાવવાના ઉદય આવે છે ત્યારે તે પ્રમાણિકપણે પ્રમાણિક વચનોથી કહે છે.

ઉદાહરણ અર્થે પરમકૃપાળુ દેવનાં વચનામૃતમાંથી થોડાં અવતરણો ઉતારીએ છીએ :—

" પ્રણામ લખું તેની પણ ચિંતા ન કરો. હજુ પ્રણામ કરવાને લાયક જ છું, કરાવવાને નથી. "

(વર્ષ ૨૨મું, પત્રાંક ૪૫)

' ધર્મ સંબંધી મારી વર્તના તે સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમાં દૃશ્ય થતી હોય તે ખરી, પૂછવી જોઈતી નહોતી.... ઉદય આવેલાં કર્મો ભોગવું છું. ખરી સ્થિતિમાં હજુ એકાદ અંશ પણ આવ્યો હોઉં એમ કહેવું તે આત્મપ્રસંશારૂપ જ સંભવે છે. "

(વર્ષ ૨૨મું, પત્રાંક ૫૦)

" (તમે જણાવ્યા) તેવા ગુણો કંઈ મારામાં પ્રકાશિત થયા હોય એમ મને લાગતું નથી. માત્ર રુચિ ઉત્પન્ન થઈ, એમ ગણીએ તો ગણી શકાય. આપણે જેમ બને તેમ એક જ પદના ઇચ્છક થઈ પ્રયત્ની થઈએ છીએ. "

(વર્ષ ૨૩મું, પત્રાંક ૯૪)

" ચિત્ત ગુફાને યોગ્ય થઈ ગયું છે. કર્મ રચના વિચિત્ર છે. "

(વર્ષ ૨૩મું, પત્રાંક ૧૨૫)

" રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે. આહાર પણ એ જ છે........ "

(વર્ષ ૨૩મું, પત્રાંક ૧૩૩)

"યથાયોગ્ય દશાનો હજુ મુમુક્ષુ છું. કેટલીક પ્રાપ્તિ છે. તથાપિ સર્વ પૂર્ણતા પ્રાપ્ત થયા વિના આ જીવ શાંતિને પામે એવી દશા જણાતી નથી. એક પર રાગ અને એક પર દ્વેષ એવી સ્થિતિ એક રોમમાં પણ તેને પ્રિય નથી. અધિક શું કહેવું? પરના પરમાર્થ સિવાયનો દેહ જ ગમતો નથી તો? (વર્ષ ૨૩મું, પત્રાંક ૧૩૪)

"સર્વ સમર્થ પુરૂષો આપને પ્રાપ્ત થયેલાં જ્ઞાનને જ ગાઈ ગયા છે. એ જ્ઞાનની દિન-પ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે. નિઃશંકપણાની, નિર્ભયપણાની, નિર્મુંઅન-પણાની અને નિઃસ્પૃહપણાની જરૂર હતી તે ઘણે અંશે પ્રાપ્ત થઈ જણાય છે." (વર્ષ ૨૪મું, પત્રાંક ૧૬૫)

"આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે."

(વર્ષ ૨૪મું, પત્રાંક ૧૭૦)

"અદ્‌ભુત દશા નિરંતર રહ્યા કરે છે. અબધુ થયા છીએ. અબધુ કરવા માટે ઘણા જીવો પ્રત્યે દૃષ્ટિ છે."

"એક બાજુથી પરમાર્થ માર્ગ ત્વરાથી પ્રકાશવા ઇચ્છા છે અને એક બાજુથી અલખ 'લે'માં સમાઈ જવું એમ રહે છે.

અલખ 'લે'માં આત્માએ કરી સમાવેશ થયો છે. યોગે કરીને કરવો એ એક રટણ છે." (વર્ષ ૨૪મું, પત્રાંક ૧૭૬)

"છેવટનું સ્વરૂપ'સમજાયામાં, અનુભવાયામા અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે. સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે. એક દેશ સમજાયા વિના રહ્યો નથી; પરંતુ યોગ (મન, વચન, કાયા)થી અસંગ થવા વનવાસની આવશ્યકતા છે....પરિપૂર્ણ સ્વરૂપજ્ઞાન તો થયું જ છે; અને એ સમાધિમાંથી નીકળી લોકાલોકદર્શન પ્રત્યે જવું કેમ બનશે? એ પણ એક મને નહીં પણ પત્ર લખનારને વિકલ્પ થાય છે?"

(વર્ષ ૨૪મું, પત્રાંક ૧૮૭)

"કહેવારૂપ હું તેને નમસ્કાર હો."

(વર્ષ ૨૪મું, પત્રાંક ૧૮૮)

"આજના પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્‌ભુત અનુગ્રહતા પ્રકાશી છે. આજે ઘણા દિવસ થયાં ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે....આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહી નીકળે છે....આ વાત અને આખું ભાગવત એ એકને જ પ્રાપ્ત કરાવવા માટે અક્ષરે અક્ષરે ભરપૂર છે; અને તે (અ) મને ઘણા કાળ થયા પહેલાં સમજાયું છે; આજે અતિ અતિ

સ્મરણમાં છે; કેમ કે સાક્ષાત્ અનુભવપ્રાપ્તિ છે; અને એને લીધે આજના પરમ અદ્દ્ભુત દશા છે."

(વર્ષ ૨૪, આંક ૨૦૧)

"ઉદયકાળ પ્રમાણે વર્તીએ છીએ. કવચિત મનોયોગને લીધે ઇચ્છા ઉત્પન્ન હો તો ભિન્ન વાત. પણ અમને તો એમ લાગે છે કે આ જગત પ્રત્યે અમારો પરમ ઉદા-ીન ભાવ વર્તે છે, તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત છે; અને પરમાત્માની વિભૂતિ રૂપે અમારૂં ભક્તિધામ છે."

(વર્ષ ૨૪મું, પત્રાંક ૨૧૪)

"સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મય ભક્તિ રહેતી નથી અને એકતાર સ્નેહ ઉભરાતો નથી. આથી ખેદ રહ્યા કરે છે. જો કે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી. પરંતુ ઉપાધિના પ્રસંગને લીધે તેમાં ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહ્યા કરે છે, કે જેથી પરમ સ્નેહ પર તે વેળા આવરણ આણવું પડે; અને એવી પરમ સ્નેહતા અને અનન્ય પ્રેમભક્તિ આવ્યા વિના દેહત્યાગ કરવાની ઇચ્છા થતી નથી."

(વર્ષ ૨૪મું, પત્રાંક ૨૧૭)

"પોતાનું અથવા પારકું જેને કંઇ રહ્યું નથી એવી કોઇ દશા તેની પ્રાપ્તિ હવે સમીપ જ છે, (આ દેહે છે); અને તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ." (વર્ષ ૨૪, પત્રાંક ૨૩૪)

" ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે; જેથી વ્યવહારનાં બધાં કાર્ય ઘણું કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ. હરિ ઇચ્છા સુખદાયક માનીએ છીએ, એટલે જે ઉપાધિજોગ વર્તે છે, તેને પણ સમાધિજોગ માનીએ છીએ.... અત્યારે તો બધુંય ગમે છે અને બધુંય ગમતું નથી, એવી સ્થિતિ છે. જ્યારે બધુંય ગમશે ત્યારે ( ચિત્તની ) નિરંકુશતાની પૂર્ણતા થશે. એ પૂર્ણ-કામતા પણ કહેવાય છે, જ્યાં હરિ જ સર્વત્ર સ્પષ્ટ ભાસે છે. અત્યારે કંઇક અસ્પષ્ટ ભાસે છે પણ સ્પષ્ટ છે એવો અનુભવ છે. " ( વર્ષ ૨૪, પત્રાંક ૨૪૭ )

" એક પુરાણ પુરૂષ અને પુરાણ પુરૂષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી, અમને કોઇ પદાર્થમાં રૂચિ માત્ર રહી નથી, વ્યવહાર કેમ ચાલે છે તેનું ભાન નથી... અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.... પાંચે ઇન્દ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ રહે છે.... ખાવાની, પીવાની, બેસવાની, સૂવાની, ચાલવાની અને બોલ-વાની વૃત્તિઓ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે; મન પોતાને સ્વાધીન છે કે કેમ એનું યથાયોગ્ય ભાન રહ્યું નથી. આટલું બધું છતાં મન માનતી ઉદાસીનતા નથી એમ માનીએ છીએ. અખંડ પ્રેમ ખુમારી જેવી પ્રવહવી જોઇએ તેવી પ્રવહતી નથી એમ જાણીએ છીએ.... એટલી બધી ઉદાસીનતા છતાં વેપાર કરીએ છીએ, લઇએ છીએ, દઇએ છીએ.... જેનું ઠેકાણું નથી એવી અમારી દશા છે. " ( વર્ષ ૨૪મું, પત્રાંક ૨૫૫ )

"આત્મા બ્રહ્મસમાધિમાં છે. મન વનમાં છે. એક બીજાના આભાસે અનુક્રમે દેહ કંઈ ક્રિયા કરે છે."

(વર્ષ ૨૪મું, પત્રાંક ૨૯૧)

"જ્ઞાનીના આત્માને અવલોકીએ છીએ અને તેમ થઇએ છીએ. કોઈ એવા પ્રકારનો ઉદય છે કે અપૂર્વ વીતરાગતા છતાં વેપાર સંબંધી કંઇક પ્રવર્તન કરી શકીએ છીએ....ચિત્તનો પણ ઝાઝો સંગ નથી. આત્મા આત્મભાવે વર્તે છે. સમયે સમયે અનંત ગુણવિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે, જે ઘણું કરીને કળવા દેવામાં આવતી નથી, અથવા કળી શકે તેવાનો પ્રસંગ નથી." (વર્ષ ૨૫મું, પત્રાંક ૩૧૩)

"ચો તરફ ઉપાધિની જ્વાલા પ્રજ્વલતી હોય તે પ્રસંગમાં સમાધિ રહેવી એ પરમ દુષ્કર છે, અને એ વાત તો પરમ જ્ઞાની વિના થવી વિકટ છે. અમને પણ આશ્ચર્ય થઈ આવે છે, તથાપિ એમ પ્રાયે વર્ત્યા જ કરે છે, એવો અનુભવ છે. આત્મભાવ યથાર્થ જેને સમજાય છે, તેને એ સમાધિ પ્રાપ્ત હોય છે." (વર્ષ ૨૫, આંક ૩૨૪)

"આ કામ પછી 'ત્યાગ' એવું અમે તો જ્ઞાનમાં જોયું હતું અને હાલ આવું સ્વરૂપ દેખાય છે; એટલી આશ્ચર્ય વાર્તા છે." (વર્ષ ૨૫, આંક ૩૩૯)

"અમે તો પાંચ માસ થયાં જગત, ઈશ્વર અને અન્ય-ભાવ એ સર્વને વિષે ઉદાસીનપણે વર્તીએ છીએ. તથાપિ તે

વાર્તા તમને ગાંભીર્યપણે રહી જણાવી નથી....મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્તે છે એ તો નિઃશંક વાર્તા છે."

(વર્ષ ૨૫, આંક ૩૬૮)

"અવિષમપણે જ્યાં આત્મધ્યાન વર્તે છે, એવા જે "શ્રી રાયચંદ્ર" તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરી આ પત્ર અત્યારે પુરૂં કરીએ છીએ." (વર્ષ ૨૫, પત્રાંક ૩૭૬)

"છ માસ સંપૂર્ણ થયાં જેને પરમાર્થ પ્રત્યે એક પણ વિકલ્પ ઉત્પન્ન થયો નથી એવાશ્રી....ને નમસ્કાર છે.

(વર્ષ ૨૫, આંક ૩૭૮)

"જો કે અમારૂં ચિત્ત નેત્ર જેવું છે; નેત્રને વિષે બીજા અવયવની પેઠે એક રજકણ પણ સહન થઈ શકે નહીં....તેને વિષે વાણીનું ઊઠવું, સમજાવવું, આ કરવું અથવા ન કરવું, એવી વિચારણા કરવી તે માંડ માંડ બને છે. ઘણી ક્રિયા તો શૂન્યપણાની પેઠે વર્તે છે; આવી સ્થિતિ છતાં ઉપાધિજોગ તો બળવાનપણે આરાધીએ છીએ. એ વેદવું વિકટ ઓછું લાગતું નથી, કારણ કે આંખની પાસે જમીનની રેતી ઉપાડવાનું કાર્ય થવા રૂપ થાય છે તે જેમ દુઃખે, અત્યંત દુઃખે થવું વિકટ છે, તેમ ચિત્તને ઉપાધિ તે પરિણામરૂપ થવા બરાબર છે."

(વર્ષ ૨૫મું, પત્રાંક ૩૮૫)

"ઉપાધિ વેદવા માટે જોઇતું કઠિનપણું મારામાં નથી. એટલે ઉપાધિથી અત્યંત નિવૃત્તિની ઇચ્છા રહ્યા કરે, તથાપિ

ઉદયરૂપ જાણી તે યથાશક્તિ સહન થાય છે.”

(વર્ષ ૨૬, પત્રાંક ૪૨૫)

“અમે તો તે ઉપાધિ જોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ; અને તે તે જોગે હૃદયમાં અને મુખમાં મધ્યમ વાચાએ પ્રભુનું નામ રાખી માંડ કંઇ પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ. સમ્યક્ત્વને વિષે અર્થાત્ બોધને વિષે ભ્રાંતિ પ્રાયે થતી નથી, પણ બોધનાં વિશેષ પરિણામનો અનવકાશ થાય છે, એમ તો સ્પષ્ટ દેખાય છે અને તેથી ઘણીવાર આત્મા આકુળ-વ્યાકુળપણાંને પામી ત્યાગને ભજતો હતો.”

(વર્ષ ૨૬, પત્રાંક ૪૬૫)

“પૂર્ણ જ્ઞાની શ્રી ઋષભદેવાદિ પુરૂષોને પણ પ્રારબ્ધોદય ભોગવ્યે જ ક્ષય થયો છે, તો અમ જેવાને તે પ્રારબ્ધોદય ભોગવવો જ પડે એમાં કંઇ સંશય નથી. માત્ર ખેદ એટલો થાય છે કે, અમને આવાં પ્રારબ્ધોદયમાં શ્રી ઋષભદેવાદિ જેવી અવિષમતા રહે એટલું બળ નથી; અને તેથી પ્રારબ્ધોદય છતાં વારંવાર તેથી અપરિપક્વ કાળે છૂટવાની કામના થઇ આવે છે.”

(વર્ષ ૨૭, પત્રાંક ૫૮૬)

જ્ઞાનીના સર્વ વ્યવહાર પરમાર્થમૂળ હોય છે, તો પણ જે દિવસે ઉદય પણ આત્માકાર વર્તશે તે દિવસને ધન્ય છે.”

(વર્ષ ૨૯, પત્રાંક ૬૭૦)

“અવિષમ ભાવ વિના અમને પણ અબંધપણા માટે

બીજો કોઈ અધિકાર નથી. મૌનપણું ભજવા યોગ્ય માર્ગ છે."
(વર્ષ ૩૧, પત્રાંક ૮૨૩)

"પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઇચ્છું છું, અમારે પરિગ્રહને શું કરવો છે? કશું પ્રયોજન નથી. સર્વોત્કૃષ્ટ શુદ્ધિ, ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ." (વર્ષ ૩૧, પત્રાંક ૮૩૨)

"માનસિક વૃત્તિ કરતાં ઘણા જ પ્રતિકૂળ માર્ગમાં હાલ પ્રવાસ કરવો પડે છે. તપ્ત હૃદયથી અને શાંત આત્માથી સહન કરવામાં જ હર્ષ માનું છું." (વર્ષ ૩૨, પત્રાંક ૮૫૧)

"અપૂર્વ શાંતિ અને સમાધિ અચળપણે વર્તે છે. કુંભક રેચક પાંચે વાયુ સર્વોત્તમ ગતિને આરોગ્યબળ સહિત આપે છે." (વર્ષ ૩૩, પત્રાંક ૯૩૩)

"ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું. માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત્ ઉદયમાન થાક ગ્રહણ કર્યો. જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે.... ૐ શાંતિઃ" (વર્ષ ૩૪, પત્રાંક ૯૫૧)

ઉપરના અવતરણોના અભ્યાસથી આટલું સ્પષ્ટ થશે કે સત્પુરૂષ કે જ્ઞાની પુરૂષ પોતાની આત્મદશા, દોષ, ક્ષતિ આદિ જેમ હોય તેમ આત્માથી નિર્મળભાવે નિરીક્ષણ કરીને

પ્રમાણિકતાએ કહી બતાવે છે. તેમાં ભૂલ થતી નથી. તે ઉપરાંત મન, વચન અને કાયાની ચેષ્ટાનાં રહસ્યો કેવાં હોય તે પણ આથી સમજી શકાશે; ઉપયોગ ચૈતન્યસ્વરૂપ પ્રત્યે વળેલો રહે અથવા આત્મા સ્થિર અને સમપરિણામે રહે, જ્યારે યોગ એટલે મન, વચન, કાયા, બહાર પૂર્વકર્મ ભોગવે.

પૂર્વ કર્માનુસાર ત્રણે યોગની પ્રવૃત્તિ કર્મોની નિવૃત્તિ માટે થતી હોય છે. કારણ આત્મા તેમાં આત્મભાવે જોડાતો નથી. બીજી રીતે કહીએ તો જ્ઞાનીપુરૂષના આત્માને પૂર્ણ શુદ્ધતા પ્રત્યે લઈ જવા માટે જાણે કેમ મન, વચન અને કાયા પરમ મિત્રભાવે એકત્ર થઈને વર્તી સહાયભૂત થતાં ન હોય; આ એક રહસ્યમય આશ્ચર્યકારક ઘટના છે. અને આ ઘટનાનું રહસ્ય સામાન્ય જીવથી ઓળખાવું અત્યંત અશક્ય છે. સુદૃષ્ટિવાન મુમુક્ષુ જ તેને પારખી શકે.

અગાઉ આપેલાં પરમકૃપાળુ દેવનાં સ્વાત્મદશાના વિકાસ-સૂચક અને રહસ્યોને પ્રગટ કરતાં વચનો વાંચી, વિચારી, સમજવાથી પણ કલ્યાણ જ છે. મનની અંદર ચાલતી વિચાર-શ્રેણી કોઈથી જાણી શકાતી નથી. પરંતુ તે વિચાર વચનરૂપ પરિણામને પામે છે વા તેને જ કેવળ અનુરૂપ દૈહિક ક્રિયા કે આચારરૂપ બને છે, ત્યારે તે શ્રેણિનો પ્રકાર વિચારવાન જીવથી સમજાય છે. મન, વચન અને કાયાની પ્રવૃત્તિમાંથી જેનો અહંભાવ નીકળી ગયો હોય તેવા જ્ઞાની પુરૂષની પ્રવૃત્તિ પ્રવૃત્તિ જેવી હોતી નથી, અને તેથી જ જ્ઞાની અને અજ્ઞાનીની પ્રવૃત્તિ

વચ્ચે ભેદ પડે છે. જ્ઞાની આહાર લેતા હોય છતાં લેતા નથી, બોલતા હોય છતાં બોલતા નથી એ આદિ પ્રકારની વાત સાંભળીએ છીએ અથવા વાંચીએ છીએ ત્યાં રહસ્ય એ છે કે જ્ઞાનીને તે તે ક્રિયાઓમાં પ્રીતિ કે આસક્તિ નથી પણ પૂર્વકર્મોના ઉદયના ધક્કાથી તે પ્રવર્તન થાય છે.

હવે આ છઠો બોલ પ્રથમના બે બોલને કેવી રીતે ઉપકારી થાય છે તે જોઇએ. પાંચમા બોલમાં જે ગુણો સત્પુરૂષની મુખાકૃતિ પર અંકિત થવાનું જણાવ્યું હતું, તે ગુણોના કારણે તેમની મન, વચન અને કાયાની પ્રવૃત્તિ બીજા જીવોની પ્રવૃત્તિ કરતાં જુદી પડે છે અને તેથી રહસ્યયુક્ત અદ્ભુતતા લાગે છે; અને તેને લઇને સત્પુરુષ પ્રત્યે અહોભાવ વધતાં ભક્તિ પણ લીનતા પ્રત્યે દોડે છે; વળી રહસ્ય જાણી તે પરનું નિદિધ્યાસન તેની ઉદાસીનતાના ક્રમમાં વધારો કરે છે. સત્પુરૂષની જેવી વિદેહી દશા છે અથવા તેમનું જેવું જળકમળવત્ અલિપ્તપણાથી રહેવું છે, તે પ્રાપ્ત કરવા યોગ્ય ઉચ્ચ દશા પ્રત્યે તેનું–શિષ્યનું કે મુમુક્ષુનું–અંતર વલણ થાય છે. તેનો પુરૂષાર્થ વેગ ઉપાડે છે ને તેના ફળરૂપ ઉદાસીનતાના વર્ધમાનપણાને પામે છે. આ પરથી આ બોલની સામર્થ્યતા અને ઉપયોગિતા કેટલી છે તે સ્પષ્ટ સમજાશે.

## (૭) તેઓએ સમ્મત કરેલું સર્વસમ્મત કરવું.

પ્રથમના છ બોલનો મર્મ સમજ્યા પછી ક્રમમાં આ સાતમો છેલ્લો અને કળશરૂપ બોલ સહજતાએ આવે તે લક્ષમાં લેવું અઘરૂં નથી.

“ આ લોક વિવિધ તાપથી આકુળવ્યાકુળ છે; ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિ રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરૂષ જ શરણ છે; સત્પુરૂષની વાણી વિના કોઇ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે પુરૂષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ. ”

“ સંસાર કેવળ અશાતામય છે. કોઇ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરૂષનો જ અનુગ્રહ છે; કોઇ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ થતી નથી; અને એ પુણ્ય પણ સત્પુરૂષના ઉપદેશ વિના કોઇએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢીને આધીન થઇ પ્રવર્તે છે, તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે; પણ એનું મૂળ એક સત્પુરૂષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણ કામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરૂષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઇ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવી આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરૂષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ. ” ( ૨૧૩ )

આટલી બધી સત્પુરૂષની સમર્થતા જે મુમુક્ષુના અંતરમાં સમજાઇ હોય છે, તે તો અવશ્ય તેઓએ સમ્મત કરેલું સર્વ-સંમત કરે જ. તેમ છતાં જેની દશા તેટલે અંશે ન પહોંચી હોય, તેને માટે આ ઉપકારી બોલ કહ્યો છે તથા પહોંચી હોય તેને માટે દઢતા અર્થે આ બોલની આવશ્યકતા છે જ; કેમ કે જીવ સ્વભાવથી શિથિલતા અને પ્રમાદવાળો અનાદિ કાળથી રહ્યો છે અને તેથી આત્મજાગૃતિ અર્થે આ બોલનું પ્રકાશવું થયું છે. આ બોલ મુખ્ય છે એમ કહીએ તો જરા પણ ખોટું કે અતિશયોક્તિવાળું વચન છે એમ નહીં કહી શકાય.

જે સત્પુરૂષ સંસારમાં અસંસારગત ભાવથી, અલિપ્ત-પણાથી જળકમળવત્ રહે છે; જે આધિ, વ્યાધિ અને ઉપાધિના પરમ વિષમ નિમિત્તોના ઉદય વખતે આત્મસ્થિરતા અને આત્મ-શાંતિના મજબુત દુર્ગની એક કાંકરી પણ ખરવા દેતા નથી અને જે ઘોર પરિષહ અને ઉપસર્ગ અદ્વિતીય આત્મવીર્યથી વેદી તેમને નિઃસત્વ બનાવી દે છે, તેમનું કહેલું, ઉપદેશેલું, બોધેલું કેવળ સત્ય જ હોય, નિઃશંકતાએ ઉપાદેયરૂપ હોય, આરાધવા યોગ્ય હોય એ તો સહેજે સમજી શકાય એવો પ્રકાર છે. કેમ કે જે માનવાથી, જે શ્રદ્ધવાથી, જે આચરવાથી તેઓ તેવી ઉચ્ચતમ દશાને પ્રાપ્ત થયા, તે સર્વ મુમુક્ષુએ હૃદયથી અને પ્રેમથી માનવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય અને આચરવા યોગ્ય હોય જ.

આ બોલના ગર્ભમાં પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા અથવા

આજ્ઞાંકિતપણું, તે ભાવો રહ્યા છે; અર્થાત્ તે ગુણો પ્રગટાવવા અતિ કરૂણતાથી ઉપદેશ કર્યો છે. તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત તો ત્યારે કહી શકાય કે જ્યારે મુમુક્ષુમાં ઉપરના ભાવે ઓછા વધતા અંશે પ્રગટ્યા હોય, એટલે કે તેનામાં સત્પુરૂષ પ્રત્યે પોતાના આત્મકલ્યાણ અને આત્મશ્રેય અર્થે નિર્મળ પ્રેમ, અચળ શ્રદ્ધા અને આજ્ઞારાધનની અપૂર્વ રૂચિ થયાં હોય. પ્રેમ વિના શ્રદ્ધા ટકી શકતી નથી અને શ્રદ્ધા પ્રેમ વિના અચળ રહેતી નથી; અને તે બંનેના બળથી અર્પણતાનો જન્મ થઇ, તેની વૃદ્ધિ થાય છે અને તેમ થાય ત્યારે મુમુક્ષુથી સ્વાભાવિક બોલી દેવાય છે, કે "દેવદેવીની તુષમાનતાને શું કરીશું ? જગતની તુષમાનતાને શું કરીશું ? તુષમાનતા સત્પુરૂષની ઇચ્છા........સત્પુરૂષના અંતઃકરણે આચર્યો કિંવા કહ્યો તે ધર્મ." (૨૧)

તેના અંતરમાં આ ભાવો સ્થિરતા પકડે છે કે તેમનુ કહેલુ સર્વ માન્ય રાખવું; તેમનાં કહેલાં ધાકડે ધાકડે પણ અંગીકૃત કરવાં; પોતાની દોષવાળી અલ્પ મતિ ત્યાં ન ચલાવવી અને બુદ્ધિના ઉપયોગને માત્ર સત્પુરૂષમાં જ પ્રેરવો; ન સમજાય ત્યાં મધ્યસ્થતા રાખવી અથવા સત્પુરૂષ પાસેથી સમાધાન મેળવવું પણ સ્વચ્છંદને સેવી સત્પુરૂષની વિમુખતાએ ન પ્રવર્તવું.

આ બોલમાં મુખ્યતાએ આજ્ઞાનું આરાધન ત્રણે યોગની એકત્વતાથી કરવાનું સૂચવ્યું છે, કહો કે તેમ કરવાની આજ્ઞા આપી છે. આ આજ્ઞાનું પાલન સૂક્ષ્મતાએ કરવાનું છે, અને

એમ થાય તો તેને માટે મોક્ષ નિકટ છે, લેશ માત્ર દૂર નથી. ગજસુકુમાર મુનિએ આજ્ઞાનું સેવન અથથી ઇતિ સુધી કર્યું તો મોક્ષપ્રાપ્ત શીઘ્રતાએ થયા. ઋષભદેવ તીર્થંકર ભગવાનના અઠાણું પુત્રો તેમ કરવાથી જ મુક્તિને વર્યા, "પરિક્ષિત રાજાને શુકદેવજીએ એ જ ઉપદેશ કર્યો છે." (૨૦૦)

"ભગવત્ તીર્થંકરના નિર્ગ્રંથ, નિર્ગ્રંથિનીઓ, શ્રાવક તથા શ્રાવિકાઓ કંઈ સર્વને જીવાજીવનું જ્ઞાન હતું તેથી તેમને સમકિત કહ્યું છે એવો સિદ્ધાંતનો અભિપ્રાય નથી. તેમાંથી કંઇક જીવોને તીર્થંકર સાચા પુરૂષ છે, સાચા મોક્ષ-માર્ગના ઉપદેષ્ટા છે, જેમ તે કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિથી, એવી રૂચિથી, શ્રી તીર્થંકરના આશ્રયથી અને નિશ્ચયથી સમકિત કહ્યું છે. એવી પ્રતીતિ, એવી રૂચિ અને એવા આશ્રયનો તથા આજ્ઞાનો નિશ્ચય છે તે પણ એક પ્રકારે જીવાજીવના જ્ઞાનસ્વરૂપ છે. પુરૂષ સાચા છે અને તેની પ્રતીતિ પણ સાચી આવી છે કે જેમ આ પરમ કૃપાળુ કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે, તેમ જ મોક્ષમાર્ગ હોય, તે પુરૂષનાં લક્ષણાદિ પણ વીતરાગપણાની સિદ્ધિ કરે છે. જે વીતરાગ હોય તે પુરૂષ યથાર્થ વક્તા હોય અને તે જ પુરૂષની પ્રતીતિએ મોક્ષમાર્ગ સ્વીકારવા યોગ્ય હોય એવી સુવિચારણા તે પણ એક પ્રકારનું ગૌણતાએ જીવાજીવનું જ જ્ઞાન છે. તે પ્રતીતિથી, તે રૂચિથી અને તે આશ્રયથી પછી સ્પષ્ટ વિસ્તાર સહિત જીવાજીવનું જ્ઞાન અનુક્રમે થાય છે. તથારૂપ પુરૂષની આજ્ઞા ઉપાસવાથી રાગદ્વેષનો ક્ષય થઈ વીતરાગદશા થાય છે." (૭૭૧)

આ ટંકોત્કીર્ણ વચનો અત્યંત ગંભીર ભાવ અને અદ્‌ભુત આશય દર્શાવનાર હોવાથી ખૂબ મનનીય છે. તેમાં મોક્ષમાર્ગ સમાયો છે. તે પર સુવિચારણા કરવાથી માર્ગના સિદ્ધાંતનો ધ્વનિ 'પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા અથવા આજ્ઞારાધન' એ નીકળશે અને માર્ગનો મર્મ 'કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા' એ પણ અલ્પ પ્રયાસે સમજાશે. આટલું હૃદયમાં ઉતારતાં જ મોક્ષમાર્ગ સરળ, સુગમ ને સ્વચ્છ શા માટે છે તેનો ગુપ્ત ભેદ પણ લક્ષગત્ થશે. આત્માની પ્રકૃષ્ટ શુદ્ધતા પ્રગટ કરવા જે કંઈ કરવાનું છે તે માત્ર આટલું છે; તેના અભાવે

"સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?" (૨૬૪)

"વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો,
અબ ક્યોં ન બિચારત હૈ મનસે, કછુ ઔર રહાઉ ન સાધનસેં!
બિન સદ્‌ગુરુ કોઇ ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે!
કરુણા હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરુગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્‌ગુરુ ચર્ન સુપ્રેમ બસેં.
તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વ આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો."
(૨૬૫)

હવે પત્રાંક ૭૭૧માં કહેલા વચનો, જે ઉપર જણાવ્યાં છે, તેમાં સત્પુરુષ પ્રત્યે પ્રેમ શ્રદ્ધા અને અર્પણતારૂપ મોક્ષમાર્ગ કયા પ્રકારે છે તે સંક્ષેપે જોઈએ.

શ્રી તીર્થંકર પ્રભુ ઉત્કૃષ્ટ સત્પુરૂષ છે, તે સાચા પુરૂષ છે. સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, તે વાત જીવથી ક્યારે મનાય છે? કે જ્યારે તે પુરૂષ પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા આવે ત્યારે; અને તેમ થતાં શું થાય? તો કહે છે કે જીવના આત્મામાં પરિણામરૂપ પ્રતીતિ આવે, મોક્ષમાર્ગમાં પ્રયાણ કરવાની રુચિ થાય, ત્યાર પછીનું પરિણામ શું આવે? તો કહે છે કે તે સત્પુરૂષના આશ્રયનો તથા આજ્ઞાનો નિશ્ચય આવે અર્થાત્ પ્રેમ, શ્રદ્ધા ને અર્પણતા ( આજ્ઞારાધન ) એ ત્રણે ઉત્તમ ગુણો આવે, વિકસે અને ખીલે અને પછી આજ્ઞાનું આરાધન કરવાથી રાગદ્વેષનો ક્ષય થઈ વીતરાગદશા થાય.

એ ત્રણેયના એટલે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાના શુદ્ધ આરાધક અને સ્વાત્માની શુદ્ધ અનુભૂતિ કરનાર સત્પુરૂષના પવિત્ર મુખકમળમાંથી કેવાં અનુપમ બોધ વચનો નીકળે છે તે જોઈએ.

" અહો, સત્પુરૂષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ!
સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,
પડતી વૃત્તિને સ્થિર રાખનાર,
દર્શન માત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક.
સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને
પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણ ભૂત;
છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી
અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર
ત્રિકાળ જયવંત વર્તો!" ( ૮૭૫ )

(આ વચનો પરનું વિવેચન આગળ કરવામાં આવશે.)

આ બોલમાં ગર્ભિતપણે શ્રદ્ધા અને આજ્ઞારાધન અથવા અર્પણતા રહ્યાં છે તે બતાવાઈ ગયું છે. વળી આજ્ઞાના આરાધન વિના મોક્ષ નથી તે પણ કહેવાયું છે, આગળ આગળની દશામાં આરાધનનું સ્વરૂપ સ્થૂળતાથી સૂક્ષ્મતા પ્રત્યે અને સૂક્ષ્મતાથી અતિસૂક્ષ્મતા પ્રત્યે જાય છે, તે એટલે સુધી કે મુમુક્ષુતામાં પ્રવેશી ચૂકેલા અને સત્પુરૂષ કે જ્ઞાનીપુરૂષનો આશ્રય કર્યો હોય તેવા સુયોગ્ય જીવને આશંકા થવા યોગ્ય છે કે સાધકને દીર્ઘશંકા કે લઘુશંકા જેવી અલ્પ ક્રિયામાં શ્રીગુરુની આજ્ઞા લેવારૂપ માર્ગની સંકડાશ શા માટે રાખવામાં આવી હશે? તેના સમાધાન માટે પરમ કૃપાળુ દેવનાં જ વચનો ટાંકીએ છીએ, જેથી તે આશંકા શંકા રહિત થઈ જાય.

"સતત્ અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે. એક સમય પણ ઉપયોગ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે; પણ તે સંયમાર્થે દેહાદિ સાધન છે, તેના નિર્વાહના અર્થે સહજ પણ પ્રવૃત્તિ થવા યોગ્ય છે. કંઈ પણ તેવી પ્રવૃત્તિ કરતાં ઉપયોગ બહિર્મુખ થવાનું નિમિત્ત છે, તેથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગ પ્રત્યે રહ્યાં કરે એવા પ્રકારમાં ગ્રહણ કરાવી છે; કેવળ અને સહજ અંતર્મુખ ઉપયોગ તો મુખ્યતાએ કેવળ ભૂમિકા નામે તેરમે ગુણસ્થાનકે હોય છે અને નિર્મળ વિચારધારાના બળવાનપણા સહિત અંતર્મુખ ઉપયોગ સાતમે ગુણસ્થાનકે હોય છે.

પ્રમાદથી તે ઉપયોગ સ્ખલિત થાય છે, અને કંઈક વિશેષ અંશમાં સ્ખલિત થાય તો વિશેષ બહિર્મુખ ઉપયોગ થઈ ભાવઅસંયમપણે ઉપયોગની પ્રવૃત્તિ થાય છે. તે ન થવા દેવાને અને દેહાદિ સાધનના નિર્વાહની પ્રવૃત્તિ પણ ન છોડી શકાય તેવી હોવાથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગે થઈ શકે એવી અદ્દભુત સંકલનાથી ઉપદેશી છે, જેને પાંચ સમિતિ કહેવાય છે.

"જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક ચાલવું પડે તો ચાલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક બોલવું પડે તો બોલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક આહારાદિ ગ્રહણ કરવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્રાદિનું લેવું મૂકવુ જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક દીર્ઘશંકાદિ શરીરમળનો ત્યાગ કરવા યોગ્ય ત્યાગ કરવો. એ પ્રકારે પ્રવૃત્તિરૂપ પાંચ સમિતિ કહી છે. જે જે સંયમમાં પ્રવર્તવાના બીજા પ્રકારો ઉપદેશ્યા છે, તે તે સર્વ આ પાંચ સમિતમાં સમાય છે; અર્થાત્ જે કંઈ નિર્ગ્રંથને પ્રવૃત્તિ કરવાની આજ્ઞા આપી છે, તે પ્રવૃત્તિમાંથી જે પ્રવૃત્તિ ત્યાગ કરવી અશકય છે, તેની જ આજ્ઞા આપી છે; અને તે એવા પ્રકારમાં આપી છે કે મુખ્ય હેતુ જે અંતર્મુખ ઉપયોગ તેને જેમ અસ્ખલિતતા રહે તેમ આપી છે. તે જ પ્રમાણે વર્તવામાં આવે તો ઉપયોગ સતત જાગ્રત રહ્યા કરે, અને જે જે સમયે જીવની જેટલી જેટલી જ્ઞાનશક્તિ તથા વીર્યશક્તિ છે તે તે અપ્રમત્ત રહ્યા કરે."

"દીર્ઘશંકાદિ ક્રિયાએ પ્રવર્તતાં પણ અપ્રમત્ત સંયમ-દૃષ્ટિ વિસ્મરણ ન થઈ જાય તે હેતુએ તેવી તેવી સંકડાશવાળી ક્રિયા ઉપદેશી છે; પણ સત્પુરૂષની દૃષ્ટિ વિના તે સમજાતી નથી. આ રહસ્ય દૃષ્ટિ સંક્ષેપમાં લખી છે, તે પર ઘણો ઘણો વિચાર કર્તવ્ય છે. સર્વ ક્રિયામાં પ્રવર્તતાં આ દૃષ્ટિ સ્મરણમાં આણવાનો લક્ષ રાખવા યોગ્ય છે." (૭૬૭)

ઉપરનાં પરમકૃપાળુ દેવનાં વચનોથી સત્પુરૂષોની અનંત કરુણા સિદ્ધ થાય છે, કેમકે લઘુશંકાદિ અલ્પ દૈહિક ક્રિયા કરવા છતાં સાધકનો આત્મા ઉપયોગની સ્ખલનારૂપ દોષમાં પડે નહીં એવી તેમાં સંકલના બતાવી છે; અને તે અતિ ગંભીર વાત અહીં સ્પષ્ટતાએ દર્શાવી છે અને રહસ્ય પ્રગટ કર્યું છે, તેમ છતાં તે રહસ્યનું રહસ્ય ગુપ્તતાએ રહ્યું છે તે માત્ર સુદૃષ્ટિયુક્ત વિચારવાનના લક્ષમાં આવવા યોગ્ય છે.

"જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક ચાલવું પડે તો ચાલવું....ઈત્યાદિ" એ વચનોમાં પણ રહસ્ય રહ્યું છે, તેના પર વિશુદ્ધ મતિથી વિચાર કરવો ઘટે છે. શબ્દો સાદા સમજાય તેવા છે અથવા લાગે છે, છતાં રહસ્યયુક્ત છે. માટે જ કહ્યું છે કે શાસ્ત્રો સદ્‌ગુરુગમે સમજવા યોગ્ય છે પોતાના મતિકલ્પનાથી નહીં, પોતાની બુદ્ધિએ વિચારતાં ઉપશમ સ્વરૂપ જ્ઞાનીપુરૂષોએ રચેલાં શાસ્ત્રો શસ્ત્ર રૂપે પરિણમે એવો બહુ સંભવ રહ્યો છે.

આ સાતમો બોલ પ્રથમના બે બોલને સહાયભૂત કેવા

પ્રકારે થાય છે તે જોઈએ. આ બોલમાં મુખ્યપણે શ્રદ્ધા ને અર્પણતા એટલે આજ્ઞારાધન રહ્યાં છે. સત્પુરૂષોએ સમ્મત કરેલું હોય તે સર્વ સત્યસ્વરૂપે જ હોય; અને તેથી તે માન્ય કરવાથી તથા તેમાંથી બોધ લેવાથી જ્ઞાનની નિર્મળતા થાય અને જ્ઞાનની નિર્મળતાને કારણે વૈરાગ્ય વધે. વૈરાગ્ય વધતાં ઉદાસીનતાનો ક્રમ આગળ ને આગળ વીતરાગતા પ્રત્યે કુચ-કદમ કરે. જેમ જેમ ઉદાસીનતાની વર્ધમાનતા થાય અર્થાત આત્મદશા ઊંચી ચઢતી જાય તેમ તેમ તેના કારણરૂપ સત્પુરૂષની ભક્તિ જ છે એનું અત્યંત દૃઢપણું થતાં ભક્તિ પ્રત્યે લીનતા આવે જ.

આ પ્રમાણે સાત બોલ પરનું વિવેચન અહીં પૂર્ણ થાય છે; તેમાં ન્યાયપૂર્વકનો ક્રમ છે તે બતાવવાનો પ્રયત્ન કર્યો છે. તેની ઉપયોગિતા, તેનું મૂલ્ય અને તેની ઉપકારિતા કેટલાં છે તે તો પરમકૃપાળુ દેવ પોતે હવે પછી કહે છે.

**"આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું, નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે, સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય પરમ રહસ્ય છે."**

આ વચનોથી શું કહ્યું ? આ તો પરમ રહસ્ય છે; રહસ્ય તેનું નામ કે જેમાં ગુપ્ત ભેદ રહ્યો હોય, જે સર્વસામાન્ય જીવથી અપ્રગટ હોય અને જે ઉત્તમ ચાવીરૂપ (Master Key) હોય, જેના વડે સર્વ તાળાં ખુલ્લી જાય અર્થાત બંધનો

તૂટી જાય. એવું આ પરમ ઉપકારી પરમ રહસ્ય અત્રે જીવોના આત્મકલ્યાણાર્થે પ્રગટ કર્યું છે, કે જેનો પરમ પ્રેમે આશ્રય કરવાથી જેને હૃદયથી ઉપાસવાથી જીવનાં મોહનીય કર્મનાં પડળ દૂર થાય છે, જ્ઞાન દર્શનનાં આવરણો અને વીર્યને રોકનારી અંતરાયો ક્ષીણ થતી જઈ ક્ષય થાય છે.

આવી તેની અદ્ભુત ઉપયોગિતા અને ઉપકારિતા હોવાને કારણે પરમ કૃપાળુ દેવે ભારપૂર્વક વચનોથી સમજણ આપી કે આ પરમ રહસ્ય નિર્વાણને અર્થે, મોક્ષને અર્થે એટલે નિજાત્માની પરમ શુદ્ધતાની પ્રાપ્તિને અર્થે માન્ય રાખવા યોગ્ય છે, એટલે સ્વીકારવા યોગ્ય છે. તેનો સ્વીકાર કર્યા પછી તે શ્રદ્ધવા યોગ્ય છે; માનવું અને શ્રદ્ધવું એ બે વચ્ચે અંતર છે, જે માન્યતા હોય તે શ્રદ્ધારૂપ અથવા શ્રદ્ધાપણે વર્તવારૂપ હોતી નથી. જેમ કે સત્ય બોલવું અને આચરવું તે સારૂં છે તે માન્યતા હોય, પણ તે સિદ્ધાંત શ્રદ્ધાના બળ વગર આચાર રૂપ થતો નથી અથવા દેહ અને આત્મા બંને ભિન્ન છે તેવી માન્યતા હોય પણ તેથી શ્રદ્ધા છે એમ કહેવાય નહીં, કારણ કે જેટલા અંશે શ્રદ્ધા હોય, તેટલા અંશે તેને અનુરૂપ વર્તવાનું બને. આથી માન્યતાની દૃઢતા તે શ્રદ્ધા અને તેમ ન થાય ત્યાં સુધી માન્યતા તે માન્યતા જ છે. "માનવાનું ફળ નથી પણ દશાનું ફળ છે." ( ૩૯૭ ) એમ પરમકૃપાળુ દેવે પણ કહ્યું છે, આથી અત્ર કહ્યું તે પરમ રહસ્ય માન્ય રાખી શ્રદ્ધવા યોગ્ય છે એવો હિતકારી ઉપદેશ કર્યો અથવા માન્યતાને બળવતી કરી શ્રદ્ધામાં લઇ જવાનું સૂચન કર્યું.

આગળનો બોધ શું છે તે હવે જોઇએ. બળવાન ભારપૂર્વકનાં વચનોથી જણાવે છે કે આ રહસ્ય ફરી ફરી ચિંતવવા યોગ્ય છે. જેનું ફરી ફરીને ચિંતન થાય, તે આત્મામાં પરિણામરૂપ થાય છે. આ રહસ્ય પરત્વે જે માન્યતા કરી હોય, તેને પુનઃ પુનઃ વિચારવાથી, તેનું વારંવાર મનન કરવાથી માન્યતા શ્રદ્ધારૂપ થાય છે અને શ્રદ્ધા આવ્યા પછી પણ તેનું અનુપ્રેક્ષણ કરવાથી શ્રદ્ધા પ્રતીતિમાં પરિણમે છે. માન્યતા ઉપરની સપાટી પરની છે; શ્રદ્ધા કંઈક ઊંડાણવાળી, છતાં ફરી શકવાના સ્વભાવવાળી છે; ત્યારે પ્રતીતિ ખૂબ ઊંડાણમાં જઈ આત્માના સ્પર્શવાળી છે અને તેથી તે બદલાતી નથી. આથી જે સત્યરૂપ મૂલ્ય છે, તે તો પ્રતીતિ સંબંધે છે. તે પ્રતીતિ શાથી આવે તે માટેનું યથાર્થ માર્ગદર્શન અહીં આપ્યું છે. આવી અદ્‌ભુત, ન બદલાય એવી પ્રતીતિ પરિણામ પામ્યા પછી જીવનું કર્ત્તવ્ય એ છે કે તેમાં ક્ષણે ક્ષણે, સમયે સમયે લીન થવું, જેથી આત્મકલ્યાણ સુલભતાએ અને શીઘ્રતાએ સાધ્ય કરી શકાય. આટલું કરવાથી પ્રથમના બે બોલનું આરાધન જલદીથી સફળતાપૂર્વક થાય છે તેમ જ બાકીના પાંચ બોલ તે ઇષ્ટ કાર્યમાં સહાયભૂત બને છે. જે કંઇ લીનતા કરવાની છે તે અહીં બતાવેલ રહસ્યમાં એટલે કે "સત્પુરૂષમાં પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા"માં કરવાની છે.

આ પરમ રહસ્ય સર્વ જ્ઞાની પુરૂષોનાં હૃદયમાં ગુપ્તપણે રહ્યું હતું, રહ્યું છે, તે અહીં પ્રગટ કર્યું છે. પત્રાંક ૧૭૩માં પરમ કૃપાળુ દેવ એક જિજ્ઞાસુ ભાઇને જણાવે છે કે "હજુ

સુધી મેં તમને માર્ગના મર્મનો (એક અંબાલાલ સિવાય) કોઈ અંશ જણાવ્યો નથી; અને જે માર્ગ પામ્યા વિના કોઈ રીતે જીવનો છૂટકો થવો કોઈ કાળે સંભવિત નથી, તે માર્ગ જો તમારી યોગ્યતા હશે તો આપવાની સમર્થતાવાળો પુરૂષ બીજો તમારે શોધવો નહીં પડે. એમાં કોઈ રીતની પોતાની સ્તુતિ કરી નથી. આ આત્માને આવું લખવાનું યોગ્ય લાગતું નથી, છતાં લખ્યું છે."

અહીં એક પ્રશ્ન થવા યોગ્ય છે કે જે પરમ રહસ્ય શ્રી જ્ઞાનીપુરૂષોએ ગંભીરપણે રહીને પોતાનાં હૃદયમાં ગોપવી રાખ્યું હતું, તે પરમકૃપાળુ શ્રીમદ્‌જીએ શા માટે પ્રગટ કર્યું હશે? સર્વ જ્ઞાનીઓની માન્યતાથી ઉપરવટ જઇને તેમણે શા માટે હૃદયમાંથી બહાર કાઢી પ્રકાશમાં આણ્યું હશે? તેનું સમાધાન આ પ્રમાણે વિચારવું ઘટે છે.

એક, જ્ઞાનીપુરૂષોએ આ રહસ્યને હૃદયમાં રાખ્યું હોય છે તે વાત ખરી, પરંતુ સર્વ કાળને માટે તે પ્રકારે ગુપ્ત રાખતા નથી. જ્ઞાનીપુરૂષો તો અત્યંત કરૂણામય અને દયાળુ હોય છે, પોતાની પાસે જે કંઈ હોય છે તે યોગ્ય જીવોને આપવા હંમેશા ખુશી અને તત્પર હોય છે; તેઓ કંઈ છૂપાવવાના હેતુથી છૂપાવતા નથી. પ્રેમી અને યોગ્ય ગ્રાહક દેખી આપી દેવાના સુચિત્તવાળા હોય છે, અને તેમ અવશ્ય કરે છે; તો સમર્થ આત્મજ્ઞ અને આત્મદર્શી પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ જ્ઞાનીપુરૂષોની સનાતન શૈલીને માન્ય રાખી, માન

આપી યોગ્ય જીવ પાસે માર્ગનો મર્મ ખુલ્લો કર્યો તે ઉચિત જ છે.

બીજું, કૃપાળુ દેવે કંઈ માન પ્રતિષ્ઠા અથવા પૂજાદિની કામનાથી રહસ્ય પ્રગટ કર્યું છે એમ પણ નથી અને તે તેમનો પત્ર નં. ૧૭૧ (જેનો ઉતારો પૂર્વે શરૂમાં અપાઈ ગયો છે) સિદ્ધ કરી આપે છે. યોગ્ય જીવોની સત્પાત્રતા જોયા પછી યથાયોગ્ય માર્ગદર્શન આપવા જ્ઞાની ભગવંતોની કરૂણામય વૃત્તિ હોય અને તે પ્રમાણે વર્તે છે, તેમ તેમણે કર્યું છે.

ત્રીજું, મુમુક્ષુઓને પત્રો લખવા સિવાય, તેમણે ક્યારે પણ રહસ્ય પ્રસિદ્ધ કર્યું નથી; એટલું જ નહીં, પોતાની વર્ધમાન થતી આત્મદશા હોવા છતાં, તેમણે ક્યારે પણ પ્રસિદ્ધ થવાનું ઇચ્છયું નથી, ઊલટું ગુપ્તપણે રહેવાનુ પ્રશંસ્યું હતું; અને દશા જાણનાર મુમુક્ષુને તેમના પોતાના સંબંધે ઉચ્ચાર સુદ્ધાં ન કરવા વારંવાર સૂચવ્યું હતું; તેમાં ભૂલ થતી દેખાય ત્યારે ઠપકો પણ આપ્યો હતો. તે વચનો અહીં લખી જણાવવા જરૂર ન હોવાથી તેમ કર્યું નથી.

**"અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો ઇશ્વરના ઘરનો મર્મ પામવાનો મહામાર્ગ છે."**

અહીં નિર્વાણમાર્ગના સાત બોલથી જે રહસ્ય પ્રગટ કર્યું છે, તે સર્વ શાસ્ત્રોનો સાર છે, સર્વ સંતના હૃદયનો અનુભવ સ્વરૂપ નિચોડ છે અને પરમાત્માના ઘરનું નવનીત

છે એમ કહી શાસ્ત્રોની સાક્ષી આપી તેમ સંતના હૃદયની શાખ આપી અને તેથી રહસ્યની સિદ્ધિ કરી. આ સાત બોલનું પ્રેમપૂર્વકનું આરાધન એ સ્વકલ્યાણનો માર્ગ છે અને તેના પરિણામે શાસ્ત્રના ઊંડાણમાં જે મર્મ રહ્યો હોય છે તે પ્રકાશમાં આવી સમજાય છે. સંત પુરૂષના કોમળ હૃદયમાં ગુપ્તપણે કેવા ભાવો રમતા હોય છે તે પ્રગટતા પામે છે અને ઈશ્વરના ઘરે એટલે નિજ ઘરે પહોંચવા માટેનો જે સરળ, સુગમ અને સ્વચ્છ માર્ગ છે તે પર આવવા માટેનું રહસ્ય દૃષ્ટિમાં આવે છે. તેમ નથી થતું ત્યાં સુધી શાસ્ત્રોનો બોધલક્ષ નજર સન્મુખ થઈ શકતો નથી અને શાસ્ત્રોમાં બતાવેલ ભેદપ્રભેદોમાં જીવ અટવાઈ રહે છે, અથવા "તે પોતાની કલ્પનાએ જેમ તેમ વાંચી લઈ નિર્ધારી લઇ, તેવો અંતર્ભેદ થયા વિના અથવા દશા ફર્યા વિના, વિભાવ ગયા વિના પોતાને વિષે જ્ઞાન કલ્પે છે" (૪૨૨); તેમ સંતના હૃદયના, અંતરના ભાવોને ઓળખી શકતો નથી તથા તેમનાં મન, વચન, કાયાની ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો કળી શકતો નથી અને તેમ ન બન તો પછી નિજ ઘરે પહોંચવાની ચાવી હાથમાં કેમ આવે?

માટે આ સાત બોલ તે મહામાર્ગ છે અને તેનાથી માર્ગનો મર્મ સમજાય છે અને મર્મ સમજાયા પછી મોક્ષ દૂર નથી, એમ કહેવાનો, પ્રબોધવાનો અત્ર આશય છે. તેથી આ બોલને ફરી ફરી વિચારવા, ચિંતવવા, આત્મસાત કરવા કરૂણાભાવે ઉપદેશ કર્યો છે, કે જેથી તે આરાધવાથી જીવ સર્વ ક્લેશ અને દુઃખોનો ક્ષય કરી અનંત અવ્યાબાધ સ્વરૂપને પ્રાપ્ત થાય.

આગળ કહે છે :-

" અધિક શું લખવું ? આજે, ગમે તો કાલે, ગમે તો લાખ વર્ષે અને ગમે તો તેથી મોડે અથવા વહેલે, એ જ સુઝ્યે, એ જ પ્રાપ્ત થયે છૂટકો છે; સર્વ પ્રદેશે મને તો એ જ સમ્મત છે. "

યાદ રહે કે આ કહ્યાં તે પહેલાંનાં વચનો, જે પરનું વિવેચન વિસ્તારથી પૂર્વે અપાઈ ગયું છે, તે આ રહ્યાં, "અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરૂષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે." એ સઘળાનું કારણ એટલે આ સાત બોલરૂપ નિર્વાણના માર્ગની સમજણ, શ્રદ્ધા અને આરાધનનું તથા સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો અને ઈશ્વરના ઘરનો મર્મ પામવાનું કારણ. તે સંબંધે વિવેચન થઈ ગયું હોવાથી હવે આ બોલ–વચનો જોઈએ.

પરમ કૃપાળુ દેવ જણાવે છે કે માર્ગના બોધ માટે જે કંઈ આવશ્યક હતું, મર્મ સમજવા માટે જે કંઈ જરૂરી હતું, તે કહેવાઈ ગયું છે, તો પછી અધિક શું લખવું ?

" કોઈ વિદ્યમાન સત્પુરૂષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા " એ જ મોક્ષાભિલાષીએ કરવા યોગ્ય છે એવી સમજણ અને પ્રાપ્તિ થયે જ સંસારનાં સમસ્ત દુઃખોથી છૂટકારો છે. તે સિવાય અન્ય માર્ગ નથી તેમ છૂટવાનો ઉપાય નથી. તે કાર્ય ભલે આજે બને, અથવા કાલે અથવા તો લાખ વર્ષે, અથવા તો તેથી મોડે અથવા વહેલે. પણ અહીં કહ્યું તેમ કરવું

પડે તેમ છે. ને જો એમ છે, તો સમજુ વિવેકી જીવે તો તત્કાળ તે ઉપાય કરવો ઘટે છે. નિકટ ભવ્ય જીવોથી આ વાત મનાશે અને જે દીર્ઘ સંસારી હશે તે ચર્ચાવિચારણામાં રહી જશે. બુદ્ધિનો સદુપયોગ નહીં કરે તેને છૂટવાનો વિલંબ હશે, એમ માનવું યોગ્ય છે.

"જ્ઞાની ભગવંતોએ અનુભવવાણીથી કહેવાનું કાંઈ બાકી રાખ્યું નથી, જીવે સ્વચ્છંદમાં રહી કરવાનું બાકી રાખ્યું છે. જ્ઞાનીની વાણી ઉપર શ્રદ્ધા કરવી, તેને યથાતથ્ય સમજવી તે પણ મોટો ગુણ છે; જીવે જ્ઞાનીનાં વચનોમાં ઉપર ઉપરથી શ્રદ્ધા કરી હોય પણ વચનના આશયને સમજ્યો ન હોય તો પણ ગુણની કચાશ છે અને તેથી ફળદાયી થાય નહીં."

સિદ્ધાંતના સમર્થનમાં કૃપાળુ ભગવંત પોતાની સાક્ષી આપી કહે છે કે પોતાના આત્માના અસંખ્યાત પ્રદેશ, તે સર્વ પ્રદેશે, એકે એક પ્રદેશે "મને તો એ જ સમ્મત છે."

અહીં કોઈને અશોચ્યા કેવળીનુ દૃષ્ટાંત યાદ આવે તો તેનું સમાધાન પણ કૃપાળુદેવે જ નીચે પ્રમાણે કર્યું છે.

"અશોચ્યા કેવળી જેમણે પૂર્વે કોઈ પાસેથી ધર્મ સાંભળ્યો નથી તેને કોઈ તથારૂપ આવરણના ક્ષયથી જ્ઞાન ઉપજ્યું છે, એમ શાસ્ત્રમાં નિરૂપણ કર્યું છે, તે આત્માનું માહાત્મ્ય દર્શાવવા, અને જેને સદ્‌ગુરુયોગ ન હોય તેને જાગ્રત કરવા, તે તે અનેકાંત માર્ગ નિરૂપણ કરવા દર્શાવ્યું છે; પણ સદ્‌ગુરુ-આજ્ઞાએ પ્રવર્તવાનો માર્ગ ઉપેક્ષિત કરવા દર્શાવ્યું નથી. વળી

એ સ્થળે તો ઊલટું તે માર્ગ ઉપર દૃષ્ટિ આવવા વધારે સબળ કર્યું છે, અને કહ્યું છે કે તે અશોચ્યા કેવળી*........અર્થાત્ અશોચ્યા કેવળીનો આ પ્રસંગ સાંભળીને કોઇએ જે શાશ્વત માર્ગ ચાલ્યો આવે છે, તેના નિષેધ પ્રત્યે જવું એવો આશય નથી, એમ નિવેદન કર્યું છે.

" કોઈ તીવ્ર આત્માર્થીને એવો કદાપિ સદ્ગુરુનો યોગ ન મળ્યો હોય અને તેની તીવ્ર કામનામાં ને કામનામાં જ નિજ વિચારમાં પડવાથી, અથવા તીવ્ર આત્માર્થને લીધે નિજ વિચારમાં પડવાથી આત્મજ્ઞાન થયું હોય તો તે સદ્ગુરુ માર્ગનો ઉપેક્ષિત નહીં એવો, અને સદ્ગુરુથી પોતાને જ્ઞાન મળ્યું નથી માટે મોટો છું એવો નહીં હોય. એમ વિચારી વિચારવાન જીવે શાશ્વત મોક્ષમાર્ગનો લોપ ન થાય તેવું વચન પ્રકાશવું જોઇએ. " ( શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, વિવેચન ગાથા ૯ )

વળી જીવે વિચારવું ઘટે છે કે એવા અશોચ્યા કેવળી કેટલા ? એ તો અપવાદરૂપ છે, એ ભૂલવા યોગ્ય નથી.

**" સર્વકાળ એ જ કહેવા માટે જીવવા ઇચ્છનાર રાયચંદની વંદના. "**

પત્ર પુરો કરી ઉપર પ્રમાણે સહી કરી છે તે પણ ઘણી સૂચક છે. કૃપાળુ દેવ સ્પષ્ટ જણાવે છે કે આજે, કાલે અથવા

---

*મૂળ પાઠ મૂકવા ધારેલો પણ મૂકાયો લાગતો નથી.

ગમે ત્યારે પૂછવામાં આવે ત્યારે એ જ કહેવાનું થશે; તેમાં કિંચિત્ માત્ર ફરક નહીં હોય. તે બતાવે છે કે આ વીર પ્રભુ પાસેથી મળેલો, અનુભવે જોયેલો, જાણેલો સિદ્ધાંત ત્રિકાળ સત્ય છે 'અને શ્રી તીર્થંકરદેવનાં વચન સર્વથા ત્રણે કાળ કેવળ સત્ય જ હોય. કૃપાળુદેવ જણાવે છે કે જીવવાની ઇચ્છા હોય તો તે પણ તે જ સિદ્ધાંત કહેવા અર્થે છે. સ્વચ્છંદ અને મોહના કારણે લુપ્ત થયેલ ત્રિકાળી સત્ય સજીવન કરવાની તેમની પ્રબળ આકાંક્ષા આ વચન પરથી સ્પષ્ટ સમજાય છે.

ૐ શાંતિ



# ઉદાસીનતા પ્રેરક વચનો

નિર્વાણમાર્ગનું રહસ્ય જણાવતા સાત અદ્‌ભુત બોલ પરનું વિવેચન જોઈ ગયા પછી, તેમાંના પ્રથમ બોલ, "નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો", સંબંધે પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીનાં કેટલાંક પ્રેરક વચનો અહીં પત્રાંક સહિત ઉતારીએ છીએ. તે પર વિચાર કરવાથી, તેનું અનુપ્રેક્ષણ કરવાથી અને તેમાં રહેલા ભાવને અંતરમાં ઉતારવાથી ઉદાસીનતાનું બળ વધવા પામશે.

વાસ્તવિક સુખ માત્ર વિરાગમાં છે માટે જંજાળ મોહિનીથી આજે અભ્યંતરમોહિની વધારીશ નહીં. (૨/૬૬)

અનાદિનું જે સ્મૃતિમાં છે તેને વીસરી જવું, સ્મૃતિમાં નથી તે સંભારો, વેદનીય કર્મ ઉદય થયું હોય તો પૂર્વ કર્મસ્વરૂપ વિચારી મૂંઝાવું નહીં, વેદનીયઉદય ઉદય થાય તો 'અવેદ' પદ નિશ્ચયનું ચિંતવવું. પુરૂષવેદ ઉદય થાય તો સ્રીનું શરીર ભિન્ન ભિન્ન કરી નિહાળવું, જ્ઞાનદશાથી.

મમત્વ એ જ બંધ, બંધ એ જ દુઃખ, દુઃખ–સુખથી ઉપરાંઠા થવું, સંકલ્પ–વિકલ્પ તજવો, આત્મ ઉપયોગ એ કર્મ મૂકવાનો ઉપાય.

ક્ષણિક સુખ ઉપર લુબ્ધતા કરવી નહીં, રાગાદિકથી વિરક્ત થવું એ જ સમ્યક્‌જ્ઞાન. પુદ્‌ગલની હાનિ–વૃદ્ધિ ઉપર ખેદખિન્ન

કે રાજી થવું નહીં. બંધાયેલાને જે પ્રકારે બાંધ્યો તેથી ઊલટી રીતે વર્તો એટલે છૂટશે. ( પત્રાંક ૫ )

સુખ–દુઃખ એ બન્ને મનની કલ્પના છે.

ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

સઘળા સાથે નમ્રભાવથી વસવું એ જ ખરું ભૂષણ છે.

શાંત સ્વભાવ એ જ સજ્જનતાનું ખરું મૂળ છે.

સંસારમાં રહ્યા છતાં ને તે નીતિથી ભોગવતા છતાં, વિદેહી દશા રાખવી.

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તો યે, અરે! ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો ! !

( મોક્ષમાળા પાઠ ૬૭ )

આ તો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણુરાગ, અનુરાગ ઈત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત કારણને લઈને રહ્યાં છે.

આ સંસારને શુ કરવો ? અનંતવાર થયેલી માને આજે સ્રીરૂપે ભોગવીએ છીએ. સ્રીના સ્વરૂપ પર મોહ થતો અટકાવવાને વગર ત્વચાનું તેનું રૂપ વારંવાર ચિંતવવા યોગ્ય છે.

હે જીવ ! હવે ભોગથી શાંત થા, શાંત. વિચાર તો ખરો કે એમાં કયું સુખ છે ?

ભોજના વખતમાં યોગ સાંભરે એ હળુકર્મીનું લક્ષણ છે.

પરિગ્રહની મૂર્ચ્છા પાપનું મૂળ છે. (પત્રાંક ૨૧)

પૃથ્વી સંબંધી ક્લેશ થાય તો એમ સમજી લેજે કે તે સાથે આવવાની નથી, ઊલટો હું તેને દેહ આપી જવાનો છું; વળી તે કંઈ મૂલ્યવાન નથી. સ્રી સંબંધી ક્લેશ, શંકાભાવ થાય તો આમ સમજી અન્ય ભોક્તા પ્રત્યે હસજે કે તે મળમૂત્રની ખાણમાં મોહી પડ્યો, (જે વસ્તુનો આપણે નિત્ય ત્યાગ કરીએ છીએ તેમાં !) ધન સંબંધી નિરાશા કે ક્લેશ થાય તો તે ઊંચી જાતના કાંકરા છે એમ સમજી સંતોષ રાખજે; ક્રમે કરીને તો તું નિઃસ્પૃહી થઈ શકીશ. (૨૫)

જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યા; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે તો અનંત ભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું....આ મહાબંધનથી રહિત થવામાં જે જે સાધન, પદાર્થ શ્રેષ્ઠ લાગે, તે ગ્રહવા એ જ

માન્યતા છે, તો પછી તે માટે જગતની અનુકૂળતા પ્રતિકૂળતા શું જોવી? તે ગમે તેમ બોલે પણ આત્મા જો બંધનરહિત થતો હોય, સમાધિમય દશા પામતો હોય તો તેમ કરી લેવું. એટલે કીર્તિ અપકીર્તિથી સર્વકાળને માટે રહિત થઈ શકાશે.

આત્મભાવમાં સઘળું રાખજો; ધર્મધ્યાનમાં ઉપયોગ રાખજો; જગતના કોઈ પણ પદાર્થ, સગાં, કુટુંબી, મિત્રનો કંઈ હર્ષ શોક કરવા યોગ્ય જ નથી. પરમ શાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે. (૩૭)

એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરૂષો કરે છે. (૪૭)

મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી. વિચારીને જેણે મતભેદ ટાળ્યો, તે અંતર્વૃત્તિને પામી ક્રમે કરી શાશ્વત મોક્ષને પામ્યા છે, પામે છે અને પામશે. (૫૪)

સંસારના સુખો અનંતીવાર આત્માએ ભોગવ્યાં છતાં તેમાંથી હજુ પણ મોહિની ટળી નહીં, અને તેને અમૃત જેવો ગણ્યો એ અવિવેક છે; કારણ સંસાર કડવો છે, કડવા વિપાકને આપે છે; તેમ જ વૈરાગ્ય જે એ કડવા વિપાકનું ઔષધ છે, તેને કડવો ગણ્યો; આ પણ અવિવેક છે. જ્ઞાનદર્શનાદિ ગુણો અજ્ઞાન–અદર્શનને ઘેરી લઈ જે મિશ્રતા કરી નાખી છે તે ઓળખી ભાવઅમૃતમાં આવવું, એનું નામ વિવેક છે.

(મોક્ષમાળા-પાઠ ૫૧)

માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થયો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું. (૧૬૬)

અભેદદશા આવ્યા વિના જે પ્રાણી આ જગતની રચના જોવા ઇચ્છે છે તે બંધાય છે. એવી દશા આવવા માટે એ પ્રાણીએ તે રચનાના કારણ પ્રત્યે પ્રીતિ કરવી અને પોતાની અહંરૂપ ભ્રાંતિનો પરિત્યાગ કરવો. સર્વ પ્રકારે કરીને એ રચનાના ઉપભોગની ઇચ્છા ત્યાગવી યોગ્ય છે, અને એમ થવા માટે સત્પુરૂષના શરણ જેવું એકકે ઔષધ નથી. (૨૧૪)

પરમાત્માની ભક્તિ જ જેને પ્રિય છે, એવા પુરૂષને એવી કઠણાઈ ન હોય તો પછી ખરા પરમાત્માની તેને ભક્તિ જ નથી એમ સમજવું. અથવા તો ચાહીને પરમાત્માની ઇચ્છારૂપ માયાએ તેવી કઠણાઈ મોકલવાનું કાર્ય વિસ્મરણ કર્યું છે. જનક વિદેહી અને મહાત્મા કૃષ્ણ વિષે માયાનું વિસ્મરણ થયું લાગે છે, તથાપિ તેમ નથી. જનક વિદેહીની કઠણાઈ વિષે કંઈ અત્ર કહેવું જોગ નથી, કારણ તે અપ્રગટ કઠણાઈ છે, અને મહાત્મા કૃષ્ણની સંકટરૂપ કઠણાઈ પ્રગટ જ છે, તેમ અષ્ટ મહાસિદ્ધિ અને નવનિધિ પણ પ્રસિદ્ધ જ છે; તથાપિ કઠણાઈ તો ઘટારત જ હતી અને હોવી જોઇએ. એ કઠણાઈ માયાની છે અને પરમાત્માના લક્ષની તો તે સરળાઈ છે અને એમ જ હો. ××× રાજાએ વિકટ તપ કરી પરમાત્માનું આરાધન કર્યું;

અને દેહધારીરૂપે પરમાત્માએ તેને દર્શન આપ્યું અને વર માગવા કહ્યું ત્યારે××× રાજાએ માગ્યું કે હે ભગવાન! આવી જે રાજ્યલક્ષ્મી મને આપી છે તે ઠીક જ નથી; તારો પરમ અનુગ્રહ મારા ઉપર હોય તો પંચવિષયના સાધનરૂપ એ રાજ્યલક્ષ્મીનું ફરીથી મને સ્વપ્ન પણ ન હો, એ વર આપ. પરમાત્મા દિંગ થઇ જઇ 'તથાસ્તુ' કહી સ્વધામ ગત થયા.

કહેવાનો આશય એવો છે કે એમ જ યોગ્ય છે. કઠણાઇ અને સરળાઈ, શાતા અને અશાતા એ ભગવતભક્તને સરખાં જ છે, અને વળી કઠણાઇ અને અશાતા તો વિશેષ અનુકૂળ છે કે જ્યાં માયાનો પ્રતિબંધ દર્શનરૂપ નથી.

આપને તો એ વાર્તા જાણવામાં છે, તથાપિ કુટુંબાદિકને વિષે કઠણાઇ હોવી ઘટારત નથી એમ ઊગતું હોય તો તેનું કારણ એ જ છે કે પરમાત્મા એમ કહે છે કે; તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ હો અને તેના પ્રત્યે સમભાવી થઇ પ્રતિબંધ રહિત થાઓ; તે તમારૂં છે એમ ન માનો, અને પ્રારબ્ધયોગને લીધે એમ મનાય છે, તે ટાળવા આ કઠણાઈ મેં મોકલી છે, અધિક શું કહેવું? એ એમ જ છે. (૨૨૩)

કુટુંબાદિક સંગ વિષે લખ્યું તે ખરૂં છે. તેમાં પણ આ કાળમાં તેવા સંગમાં જીવે સમપણે પરિણમવું એ મહા વિકટ છે, અને જેઓ એટલું છતાં પણ સમપણે પરિણમે, તે નિકટભવી જીવ જાણીએ છીએ.

આજીવિકાના પ્રપંચ વિષે વારંવાર સ્મૃતિ ન થાય એટલા માટે ચાકરી કરવી પડે તે હિતકારક છે. જીવને પોતાની ઈચ્છાએ કરેલો દોષ તીવ્રપણે ભોગવવો પડે છે, માટે ગમે તે સંગ-પ્રસંગમાં પણ સ્વેચ્છાએ અશુભપણે પ્રવર્તવું ન પડે તેમ કરવું. ( ૨૯૨ )

ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે, તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું. અને એ એક જ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે અને શું કરવું અયોગ્ય છે તે સમજાય છે, સમજાતું જાય છે. એ લક્ષ આગળ થયા વિના જપ, તપ, ધ્યાન કે દાન કોઈની યથાયોગ્ય સિદ્ધિ નથી અને ત્યાં સુધી ધ્યાનાદિક નહીં જેવાં કામનાં છે....જપતપાદિક કંઈ નિષેધવા યોગ્ય નથી, તથાપિ તે બધાં એક લક્ષને અર્થે છે, અને એ લક્ષ વિના જીવને સમ્યક્ત્વસિદ્ધિ થતી નથી. ( ૨૯૯ )

જિંદગી અલ્પ છે, અને જંજાળ અનંત છે; સંખ્યાત ધન છે. અને તૃષ્ણા અનંત છે; ત્યાં સ્વરૂપસ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે અને જિંદગી અપ્રમત્ત છે; તેમ જ તૃષ્ણા અલ્પ છે, અથવા નથી અને સર્વસિદ્ધિ છે ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાનજીવન પ્રપંચે આવરેલું વહ્યું જાય છે. ઉદય બળવાન છે! ( ૩૧૯ )

સંસાર સંબંધી તમને જે ચિંતા છે, તે જેમ ઉદયમાં

આવે તેમ વેદવી, સહન કરવી....પ્રાણી માત્ર પ્રાયે આહાર, પાણી પામી રહે છે. તો તમ જેવા પ્રાણીના કુટુંબને માટે તેથી વિપર્યય પરિણામ આવે એવું જે ધારવું તે યોગ્ય જ નથી. કુટુંબની લાજ વારંવાર આડી આવી જે આકુળતા આપે છે, તે ગમે તો રાખીએ અને ગમે તો ન રાખીએ, તે બન્ને સરખું છે, કેમ કે જેમાં પોતાનું નિરૂપાયપણું રહ્યું તેમાં તો જે થાય તે યોગ્ય જ માનવું એ દૃષ્ટિ સમ્યક્ છે. (૩૨૨)

આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદ પરિણામને પામે છે, તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે. અનંતકાળના પરિચયવાળું એ અભિમાન પ્રાયે એકદમ નિવૃત્ત થતું નથી. તેટલા માટે તન, મન, ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતાં હોય છે, તે જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે; પ્રાયે જ્ઞાની કંઈ તેને ગ્રહણ કરતા નથી, પણ તેમાંથી પોતાપણું મટાડવાનું જ ઉપદેશે છે; અને કરવા યોગ્ય પણ તેમ જ છે કે, આરંભ પરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી વિચારી પોતાનાં થતાં અટકાવવાં; ત્યારે મુમુક્ષુતા નિર્મળ હોય છે. (૩૩૨)

ગમે તેટલી વિપત્તિઓ પડે, તથાપિ જ્ઞાની દ્વારા સાંસારિક ફળની ઇચ્છા કરવી યોગ્ય નથી. ઉદય આવેલો અંતરાય સમપરિણામે વેદવા યોગ્ય છે, વિષમ પરિણામે વેદવા યોગ્ય નથી.

કોઈ પણ પ્રકારે ભવિષ્યનો સાંસારિક વિચાર છોડી વર્તમાનમાં સમપણે વર્તવાનો નિશ્ચય કરવો એ યોગ્ય છે;

ભવિષ્યમાં જે થવા યોગ્ય હશે તે થશે, તે અનિવાર્ય છે એમ ગણી પરમાર્થ–પુરૂષાર્થ ભણી સન્મુખ થવું યોગ્ય છે.

ગમે તે પ્રકારે પણ એ લોકલજ્જારૂપ ભયનું સ્થાનક એવું જે ભવિષ્ય તે વિસ્મરણ કરવા યોગ્ય છે. તેની 'ચિંતા વડે' પરમાર્થનું વિસ્મરણ હોય છે. અને એમ થાય તે મહા આપત્તિરૂપ છે; માટે તે આપત્તિ આવે નહીં, એટલું જ વારંવાર વિચારવા યોગ્ય છે. ઘણા વખત થયાં આજીવિકા અને લોકલજ્જાનો ખેદ તમને અંતરમાં ભેળો થયો છે. તે વિષે હવે તો નિર્ભયપણું જ અંગીકાર કરવું યોગ્ય છે. ફરી કહીએ છીએ કે તે જ કર્ત્તવ્ય છે. યથાર્થ બોધનો એ મુખ્ય માર્ગ છે. એ સ્થળે ભૂલ ખાવી યોગ્ય નથી. લજ્જા અને આજીવિકા મિથ્યા છે. કુટુંબાદિનું મમત્વ રાખશો તો પણ જે થવાનું હશે તે થશે, તેમાં સમપણું રાખશો તો પણ જે થવા યોગ્ય હશે તે થશે; માટે નિઃશંકપણે નિરભિમાની થવું યોગ્ય છે. (૩ ૪)

જ્ઞાનીના માર્ગનો વિચાર કરતાં જણાય છે કે કોઈ પણ પ્રકારે મૂર્ચ્છાપાત્ર આ દેહ નથી, તેને દુઃખે શોચવા યોગ્ય આ આત્મા નથી. આત્માને આત્મ–અજ્ઞાને શોચવું એ સિવાય બીજો શોચ તેને ઘટતો નથી. પ્રગટ એવા યમને સમીપ દેખતાં છતાં જેને દેહને વિષે મૂર્ચ્છા નથી વર્તતી તે પુરૂષને નમસ્કાર છે. એ જ વાત ચિંતવી રાખવી અમને તમને પ્રત્યેકને ઘટે છે. દેહ તે આત્મા નથી, આત્મા તે દેહ નથી. ઘડાને જોનાર જેમ ઘડાદિથી ભિન્ન છે, તેમ દેહને જોનાર, જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે; અર્થાત્ દેહ નથી. (૪૨૫)

તમે અમે કંઇ દુઃખી નથી, જે દુઃખ છે તે રામના ચૌદ વર્ષનાં દુઃખનો એક દિવસ પણ નથી. પાંડવના તેર વર્ષનાં દુઃખની એક ઘડી નથી અને ગજસુકુમારના ધ્યાનની એક પળ નથી. (૪૫૦)

રાખ્યું કંઈ રહેતુ નથી અને મૂકયું કંઈ જતું નથી, એવો પરમાર્થ વિચારી કોઈ પ્રત્યે દીનતા ભજવી કે વિશેષતા દાખવવી એ યોગ્ય નથી. (૪૫૭)

શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્પ્રકારે અહિયાસવા યોગ્ય છે. ઘણી-વાર શારીરિક વેદનાનું બળ વિશેષ વર્તતું હોય છે, ત્યારે ઉપર જે કહ્યો છે તે સમ્યક્પ્રકાર રૂડા જીવોને પણ સ્થિર રહેવો કઠણ થાય છે; તથાપિ હૃદયને વિષે વારંવાર તે વાતનો વિચાર કરતાં અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય જરા, મરણાદિ ધર્મથી રહિત ભાવતાં, વિચારતાં, કેટલીક રીતે તે સમ્યક્ પ્રકારનો નિશ્ચય આવે છે. મોટા પુરૂષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ તથા પરિગ્રહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી તે વિષે તેમનો રહેલો અખંડ નિશ્ચય તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી જીવને તે સમ્યક્ પરિણામ થાય છે, અને વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત્ત થયે ફરી તે વેદના કોઇ કર્મોનું કારણ થતી નથી. (૪૬૦)

હે જીવ! આ કલેશરૂપ સંસાર થકી વિરામ પામ, વિરામ પામ; કાંઇક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા! જાગૃત

થા! નહી તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે. હે જીવ! હવે તારે સત્પુરૂષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે. (૫૦૫)

બંધ વૃત્તિઓને ઉપશમાવવાનો તથા નિવર્તાવવાનો જીવને અભ્યાસ, સતત અભ્યાસ કર્ત્તવ્ય છે, કારણ કે વિના વિચારે, વિના પ્રયાસે તે વૃત્તિઓનું ઉપશમવું અથવા નિવર્તવું કેવા પ્રકારથી થાય? કારણ વિના કોઇ કાર્ય સંભવતું નથી.

પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાય છે તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે. જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે કે કોઇને વિષે પુત્રપણું ભાવી આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી, અને કોઇને વિષે પિતાપણું માનીને પણ તેમજ કર્યું છે અને કોઈ જીવ હજુ સુધી તો પિતાપુત્ર થઈ શકયા દીઠા નથી. સૌ કહેતા આવે છે કે આનો આ પુત્ર અથવા આનો આ પિતા, પણ વિચારતાં આ વાત કોઇ પણ કાળે ન બની શકે તેવી સ્પષ્ટ લાગે છે. અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો કે ગણાવવાનું ચિત્ત રહેવું એ સૌ જીવની મૂઢતા છે. (૫૧૦)

તે જિન-વર્ધમાનાદિ સત્પુરૂષો કેવા મહાન મનોજયી હતા! તેને મૌન રહેવું, અમૌન રહેવું બન્ને સુલભ હતું; તેને સર્વ અનુકૂળ-પ્રતિકૂળ દિવસ સરખા હતા; તેને લાભ-હાનિ સરખી હતી; તેનો ક્રમ માત્ર આત્મ સમતાર્થે હતો, કેવું આશ્ચર્યકારક કે એક કલ્પનાનો જય એક કલ્પે થવો

દુર્લભ, તેવી તેમણે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમા ભાગે શમાવી દીધી! (૮૧)

વર્ધમાનસ્વામીએ ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે, કર્ત્તવ્યરૂપ નથી એમ જાણ્યું હતું તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી. તે મુનિપણામાં પણ આત્મબળે સમથ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે, એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું સાડા બાર વર્ષ લગભગ ભજ્યુ છે, કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહીં.

જે વર્ધમાનસ્વામી ગૃહવાસમા છતાં અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા, નિસ્પૃહ હતા અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાન-સ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા; તે વ્યવસાય બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે. તે વિચારીને ફરી ફરી તે ચર્યા કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રૂચિ વિલય કરવા યોગ્ય છે. (૫૧૬)

વિષયાદિ ઇચ્છિત પદાર્થ ભોગવી તેથી નિવૃત્ત થવાની ઇચ્છા રાખવી અને તે ક્રમે પ્રવર્તવાથી આગળ ઉપર તે વિષય મૂર્છા ઉત્પન્ન થવી ન સંભવે એમ થવું કઠણ છે, કેમ કે જ્ઞાનદશા વિના વિષયનું નિર્મૂળપણું થવું સંભવતું નથી.

માત્ર ઉદયવિષયો ભોગવ્યાથી નાશ થાય, પણ જો જ્ઞાનદશા ન હોય તો ઉત્સુક પરિણામ વિષય આરાધતાં ઉત્પન્ન થયા વિના ન રહે; અને તેથી વિષય પરાજિત થવાને બદલે વિશેષ વર્ધમાન થાય. જેને જ્ઞાનદશા છે તેવા પુરૂષો વિષયાકાંક્ષાથી અથવા વિષયનો અનુભવ કરી તેથી વિરક્ત થવાની ઇચ્છાથી તેમાં પ્રવર્તતા નથી; અને એમ જો પ્રવર્તવા જાય તો જ્ઞાનને પણ આવરણ આવવા યોગ્ય છે. માત્ર પ્રારબ્ધ સંબંધી ઉદય હોય એટલે છૂટી ન શકાય તેથી જ જ્ઞાનીપુરૂષની ભોગપ્રવૃત્તિ છે. તે પણ પૂર્વપશ્ચાત્ પશ્ચાત્તાપવાળી અને મંદમાં મંદ પરિણામસંયુક્ત હોય છે. સામાન્ય મુમુક્ષુ જીવ વૈરાગ્યના ઉદ્‌ભવને અર્થે વિષય આરાધવા જતાં તો ઘણું કરી બંધાવા સંભવ છે, કેમ કે જ્ઞાનીપુરૂષ પણ તે પ્રસંગોને માંડ માંડ જીતી શક્યા છે, તો જેની માત્ર વિચારદશા છે, એવા પુરૂષનો ભાર નથી કે તે વિષયને એવા પ્રકારે જીતી શકે. (૫૯૧)

સર્વ કરતાં જેમાં અધિક સ્નેહ રહ્યા કરે છે એવી આ કાયા તે રોગ, જરાદિથી સ્વાત્માને જ દુઃખરૂપ થઈ પડે છે; તો પછી તેથી દૂર એવાં ધનાદિથી જીવને તથારૂપ (યથાયોગ્ય) સુખવૃત્તિ થાય એમ માનતાં વિચારવાનની બુદ્ધિ જરૂર ક્ષોભ પામવી જોઇએ; અને કોઈ બીજા વિચારમાં જવી જોઇએ; એવો જ્ઞાનીપુરૂષોએ નિર્ણય કર્યો છે, તે યથાતથ્ય છે. (૫૯૪)

વિચારવાનને દેહ છૂટવા સંબંધી હર્ષવિષાદ ઘટે નહીં. આત્મપરિણામનું વિભાવપણું તે જ હાનિ અને તે જ મુખ્ય

મરણ છે. સ્વભાવસન્મુખતા તથા તેની દઢ ઇચ્છા પણ તે હર્ષવિષાદને ટાળે છે. (૬૦૫)

નિમિત્તે કરીને જેને હર્ષ થાય છે, નિમિત્તે કરીને જેને શોક થાય છે, નિમિત્તે કરીને જેને ઇંદ્રિયજન્ય વિષય પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિત્તે કરીને જેને ઇંદ્રિયને પ્રતિકૂળ એવા પ્રકારોને વિષે દ્વેષ થાય છે, નિમિત્તે કરીને જેને ઉત્કર્ષ આવે છે, નિમિત્તે કરીને જેને કષાય ઉદ્ભવે છે, એવા જીવને જેટલો બને તેટલો તે તે નિમિત્તવાસી જીવોનો સંગ ત્યાગવો ઘટે છે; અને નિત્ય પ્રત્યે સત્સંગ કરવો ઘટે છે. (૬૩૬)

જ્ઞાનીઓએ મનુષ્યપણું ચિંતામણિરત્નતુલ્ય કહ્યું છે, તે વિચારો તો પ્રત્યક્ષ જણાય તેવું છે. વિશેષ વિચારતાં તો તે મનુષ્યપણાનો એક સમય પણ ચિંતામણીરત્નથી પરમ માહાત્મ્યવાન અને મૂલ્યવાન દેખાય છે અને જો દેહાર્થમાં જ તે મનુષ્યપણું વ્યતીત થયું તો તો એક ફૂટી બદામની કિંમતનું નથી, એમ નિઃસંદેહ દેખાય છે. (૭૨૫)

અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઇએ. (૭૧૯)

ઉપરની ભૂમિકાઓમાં પણ અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વાસનાનું સંક્રમણ થઈ આવે છે અને આત્માને વારંવાર

આકુળવ્યાકુળ કરી દે છે; વારંવાર એમ થયા કરે છે કે હવે ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થવી દુર્લભ જ છે, અને વર્તમાન ભૂમિકામાં સ્થિતિ પણ ફરી થવી દુર્લભ છે. એવા અસંખ્ય અંતરાય પરિણામ ઉપરની ભૂમિકામાં પણ બને છે, તો પછી શુભેચ્છાદિ ભૂમિકાએ તેમ બને એ કંઈ આશ્ચર્યકારક નથી. તેવા અંતરાયથી ખેદ નહીં પામતાં આત્માર્થી જીવે પુરૂષાર્થ-દૃષ્ટિ કરવી અને શૂરવીરપણુ રાખવું, હિતકારી દ્રવ્યક્ષેત્રાદિ યોગનું અનુસંધાન કરવું, સત્શાસ્ત્રનો વિશેષ પરિચય રાખી વારંવાર હઠ કરીને પણ મનને સદ્‌વિચારમા પ્રવેશિત કરવું, અને મનના દુરાત્મ્યપણાથી આકુળવ્યાકુળ નહીં પામતાં ધૈર્યથી સદ્‌વિચાર પંથે જવાનો ઉદ્યમ કરતાં જય થઈ ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે અને અવિક્ષેપપણું પ્રાપ્ત થાય છે. (૮૧૩)

ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. વિષયકષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરી તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંત પુરૂષોનાં ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે. (૮૧૯)

દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો! અંતર્મુખ થઈ, સ્થિર થઇ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.

સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે; મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે, અને મેળવવામાં સુખ માને છે; પણ અહો! જ્ઞાનીઓએ તો તેથી વિપરિત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્ માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે.

વિષયથી જેની ઇન્દ્રિયો આર્ત્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે?

પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઇચ્છુ છું. અમારે પરિગ્રહને શું કરવો છે? કશું પ્રયોજન નથી.

સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.

હે આર્યજનો! આ પરમ વાક્યનો આત્માપણે તમે અનુભવ કરો. (૮૩૨)

લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ પરિવારાદિ યોગવાળી હોય તો પણ તે દુઃખનો જ હેતુ છે. આત્મશાંતિ જે જિંદગીનો

ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તો પણ પરમ સમાધિનું સ્થાન છે. (૯૪૯)

માકું ચિત્ત, મારી ચિત્તવૃત્તિઓ એટલી શાંત થઈ જાઓ કે કોઈ મૃગ પણ આ શરીરને જોઈ જ રહે, ભય પામી નાસી ન જાય!

મારી ચિત્તવૃત્તિ એટલી શાંત થઈ જાઓ કે કોઈ વૃદ્ધ મૃગ જેના માથામાં ખૂજલી આવતી હોય તે આ શરીરને જડપદાર્થ જાણી પોતાનું માથું ખૂજલી મટાડવા આ શરીરને ઘસે! (૮૫૦)



# સત્પુરૂષનો અચિંત્ય ઉપકાર

નિર્વાણમાર્ગનું રહસ્ય દર્શાવતાં, પરમ આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ લખેલ અમૃતપત્ર અને તેમાં પ્રગટ કરેલ સાત અદ્ભુત બોલ સંબંધે વિસ્તૃત વિવેચન આપણે જોઈ ગયા છીએ, યાદ હશે કે તે પત્ર સંવત ૧૯૪૭ના કાર્તિક સુદિ ચૌદશના શુભ દિને, અર્થાત તેઓશ્રીના ત્રેવીસમા વર્ષના અંત સમયે લખાયો હતો અને પત્રમાં સહી કરી ત્યારે સહજ; હૃદયના ઊંડાણમાંથી ભાવની પ્રતીતિ આપતાં અપૂર્વ વચનો સરી પડ્યાં હતાં કે "સર્વ કાળ એ જ કહેવા માટે જીવવા ઈચ્છનાર રાયચંદની વંદના". આ વચનોની વિશેષ સાબિતી આપણને તેઓશ્રીના તે જ મુનિશ્રી લલ્લુજી મહારાજ ઉપર સંવત ૧૯૫૫ના જેઠ માસમાં લખાયેલ અમૃતપત્ર નં. ૮૭૫માં જોવા મળે છે. આ બન્ને પત્રોની વચ્ચે લગભગ સાડા આઠ વર્ષનો કાળ વ્યતીત થયો છે તેમ જ સાતસો પત્રોનો અમૃત પ્રવાહ વહી ગયો છે. આ કાળ દરમ્યાન પરમકૃપાળુ શ્રીમદ્જીની આત્મદશા કેટલી ઊર્ધ્વગામિની થઈ હતી તે આપણે તેમના જ વચનોથી જાણી શકીએ છીએ :—

"સમયે સમયે અનંતગુણવિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે, જે ઘણું કરીને કળવા દેવામાં આવતી નથી." (૩૧૩)

"આત્મા તો પ્રાયે મુક્તસ્વરૂપ લાગે છે. વીતરાગપણું વિશેષ છે." (૩૧૭)

" ચોતરફ ઉપાધિની જ્વાલા પ્રજ્વલતી હોય તે પ્રસંગમાં સમાધિ રહેવી એ પરમ દુષ્કર છે અને એ વાત તો પરમ જ્ઞાની વિના થવી વિકટ છે. અમને પણ આશ્ચર્ય થઈ આવે છે, તથાપિ એમ પ્રાયે વર્ત્યા જ કરે છે, એવો અનુભવ છે. "

( પત્ર ૩૨૪, સં. ૧૯૪૮ )

" મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્તે છે, એ તો નિઃશંક વાર્તા છે. " ( પત્ર ૩૬૮, સં. ૧૯૪૮ )

" આત્મા સૌથી અત્યંત પ્રત્યક્ષ છે, એવો પરમપુરૂષે કરેલો નિશ્ચય તે પણ અત્યંત પ્રત્યક્ષ છે. "

( પત્ર ૫૭૯, સં. ૧૯૫૧ )

" હે કૃપાળુ ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે, ત્યાં હવે તો લેવા દેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે.....આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ. કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ. "

( પત્ર ૬૮૦, સં. ૧૯૫૨ )

પોતાની હાથનોંધ નંબર એકમાં પોતાનું સ્વાત્મવૃત્તાંત આળેખ્યું છે, તેમાં તેઓશ્રી જણાવે છે :—

ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઉલસી, મટ્યો ઉદયકર્મનો ગર્વ રે.

× × ×

ઓગણીસસેં ને બેતાલીસે, અદ્‌ભુત વૈરાગ્યધાર રે;
ઓગણીસસેં ને સુડતાલીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે.

× × ×

આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે.
અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.

આમ જ્ઞાનની અત્યંત નિર્મળતા, શ્રુત અનુભવની અતિ ઉચ્ચ દશા, અંતરૂશૈલીની પૂરી જાણકારી અને ગુપ્ત ભેદો–પ્રભેદોની પ્રગટતા થયા પછી સં. ૧૯૫૫માં અમૃતપત્ર ૮૭૫ લખીને સદ્‌ધર્મના જિજ્ઞાસુઓ પર અચિંત્ય, પરમ ઉપકાર કર્યો છે. ૧૭૨ અને ૮૭૫ બંને પત્રોમાં કહેવાનો ગુપ્ત આશય એક જ છે; વધારામાં એટલું કે પત્રાંક ૮૭૫માં સત્પુરૂષનો ઉપકાર કેવી રીતે છે તે અતિ સ્પષ્ટતાથી બળવાન વચનો દ્વારા બતાવ્યું છે. તે પત્ર આ પ્રમાણે છે:–

મુંબઈ, જેઠ, ૧૯૫૫

પરમ કૃપાળુ મુનિવર્યનાં ચરણકમળમાં પરમ ભક્તિથી સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.

અહો, સત્પુરૂષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ !

સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,

પડતી વૃત્તિને સ્થિર રાખનાર,

દર્શન માત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક,

સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને

પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત;

છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી

અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર !

ત્રિકાળ જયવંત વર્તો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**વિવેચન :**

પત્રનો આરંભ કરતાં પહેલાં શ્રીમદ્જીએ પરમ કૃપાળુ અને મુનિઓમાં ઉત્તમ એવા મુનિશ્રીના ચરણકમળમાં સવિનય ભક્તિથી નમસ્કાર કર્યા છે. જે મુનિ શ્રી વીર ભગવંતની આજ્ઞામાં રહી સદાચારનું એકનિષ્ઠાએ સેવન કરતા હોય, ત્રણે યોગની એકાગ્રતાથી આત્મારાધન કરતા હોય અને સરળતા, નમ્રતા, સમતા આદિ ઉત્તમ ગુણોને વિશેષ ને વિશેષ પ્રગટાવતા જઈ પરમ ઉપકારી શ્રીગુરુની કલ્યાણકારી આજ્ઞાને શિરસાવંદ્ય ગણી તેને આધીન થઈ વર્તતાં હોય તે મુનિવર્ય કહેવાય, એ સર્વમાન્ય સિદ્ધાંત છે. અહીં એક બીજું વિશેષણ યોજવામાં આવ્યું છે અને તે છે “પરમ કૃપાળુ”; આ વચનનો પરમાર્થ સહુને સુવિદિત છે કે જેના પવિત્ર હૃદયમાં સ્વ–દયા

અને પર-દયાનું નિર્મળ ઝરણુ નિરંતર વહેતું હોય અને જેની સર્વ પ્રવૃત્તિ તે જ લક્ષે ઉત્કૃષ્ટપણે થતી હોય એટલે સ્વ-પર કલ્યાણના હેતુએ થતી હોય તેમને પરમકૃપાળુ કહેવા ઘટે. અત્રે શ્રીમદ્‌જીએ કોને લક્ષમાં રાખીને "પરમકૃપાળુ મુનિવર્ય" શબ્દો પ્રકાશ્યા છે તે જો કે સ્પષ્ટ નથી, તે છતા અનુમાની શકાય કે તે શબ્દપ્રયોગ તેમના પરમ આજ્ઞાંકિત અને પરમ ભક્તિસભર સુશિષ્ય મુનિશ્રી લલ્લુજી મહારાજ સંબંધે કરવામાં આવ્યો છે; સુદૃષ્ટિથી વિચારતાં તે સુસંગત પણ જણાય છે. પરમકૃપાળુ દેવે મુનિશ્રી લલ્લુજી મહારાજને ચોથા કાળના મુનિ તરીકે બિરદાવ્યા હતા તે વાત સુપ્રસિદ્ધ છે; વળી સંવત ૧૯૫૫ના અષાડ વદ છઠ્ઠના શ્રીમદ્‌જીએ તેમના ઉપર લખેલ વચનામૃત ૮૮૧માં પણ તે જ પ્રમાણે નમસ્કાર કર્યા છે; તે ઉપરાંત તે જ પત્રમાં મુનિશ્રીના સંબંધમાં "મહાત્માશ્રી" શબ્દ પ્રયોજ્યો છે, જે અવશ્ય સૂચક છે, તથા મુનિશ્રીના વિદ્વાન અને શાસ્ત્રજ્ઞ શિષ્ય શ્રીમદ્ દેવકીર્ણસ્વામીના સંબંધે પણ "પરમકૃપાળુ" એવું સુંદર વિશેષણ આપ્યું છે, તે પણ તેટલું જ સૂચક છે, આત્મદશાની સ્થિતિ દર્શાવનાર છે; જે જેમ હોય તેમ કહેવાની જ્ઞાની પુરૂષોની સનાતન શૈલી ત્રિકાળ જયવંત વર્તે છે. પૂર્વે અપાઈ ગયેલા વચનામૃત ૧૭૨ માં કરેલ સંબોધન અને અહીં કરેલ સંબોધન વચ્ચેનો તફાવત લક્ષમાં લઈ વિચારવા યોગ્ય છે.

હવે પત્રનાં અમૃતતુલ્ય વચનોને યથાશક્તિ વિચારીએ; અને તેની અદ્‌ભુતતા જોવા પ્રયત્ન કરીએ.

**અહો, સત્પુરૂષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ!**

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ જ્યારે આ અપૂર્વ વચનો પ્રકાશ્યા ત્યારે તેમની દિવ્ય દૃષ્ટિ સન્મુખ સત્પુરૂષનાં વચનોની અપૂર્વતા કેવી લાગી હશે, વચનોનું પૂર્વાપર અવિરોધપણું, એકાંત હિતકરતા અને ઉપયોગિતા કેવાં પ્રતીતરૂપ થયાં હશે, શુદ્ધાત્માના પવિત્ર પ્રદેશોને સ્પર્શીને નીકળેલી, નિર્મળ સરિતાના નિર્મળ પ્રવાહની જેમ પ્રવહતી નિર્મળ વાણીનું માહાત્મ્ય કેવું જણાયું હશે, એ આદિ પ્રકારો સર્વાંશે જણાવવા પૂરતા શબ્દો ન જણાવાથી માત્ર તે સર્વ ગૂઢ ભાવો એક માત્ર "અહો" શબ્દમાં સમાવી દીધા તે વેળાએ તેમના આત્મામાં કેવી પ્રસન્નતા થઇ હશે! તેમના આત્માનાં ઠેઠ ઊંડાણમાં જતી વચનની અપૂર્વતારૂપ ચિત્તવૃત્તિ કેવી લય પામી હશે તે વિચારતાં અને આ લખતાં આત્માને અતિ પ્રેમભક્તિભાવપૂર્વકની પ્રસન્નતા થાય છે અને તે શબ્દોને પ્રકાશનાર પ્રત્યે અહોભાવ, બહુમાન સહજ ઉપસી આવે છે. આ અપૂર્વ વચનો જોવા, સાંભળવા, વિચારવા અને મનન કરવા મળ્યાં તેથી ધન્યતા અનુભવાય છે.

ઉપરનાં વચનોને આશ્ચર્યચિન્હથી અલંકૃત કરી સત્પુરૂષનું માહાત્મ્ય, તેમનાં ઉપકારી વચનોના આશયનો મહિમા, તેમની પવિત્ર વીતરાગ મુખમુદ્રાના દર્શનનો પ્રભાવ અને સત્સમાગમનો અચિંત્ય લાભ આશ્ચર્યકારક છે એમ અનુભવથી જણાવ્યું. આ વચનો એ તેમના અનુભવનો નિચોડ છે; આત્મજ્ઞાનથી

માંડી સર્વ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં જે ઉત્તમોત્તમ સાધન છે તે, વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ એ ત્રણ શબ્દોથી જણાવી અનંત ઉપકાર કર્યો છે. આ પ્રમાણે કહીને પરમકૃપાળુ શ્રીમદ્‌જીએ મોક્ષમાર્ગની પ્રાપ્તિ અને આત્મસિદ્ધિ માટેનું ગુપ્ત રહસ્ય અને પરમોત્તમ નિમિત્તો બતાવ્યા, તે નિમિત્તોના આશ્રય વિના અને આરાધન વિના જીવને સ્વકલ્યાણ થવું અત્યંત કઠણ છે, એ વાત પણ ગૂઢપણે નિર્દેશ કરી. જે જીવ સરળ સ્વભાવી અને મોક્ષાર્થી છે તેને આ મર્મ સમજવો સહેલો છે અને જે મતાર્થી છે તથા વક્રદષ્ટિવાન છે તેને સાચી સમજણ આવવી કઠણ છે. આ પૂર્ણ સત્ય પ્રગટ કરવામાં શ્રીમદ્‌જીને કંઈ માન, પ્રતિષ્ઠા તેમ પૂજાવા આદિની ભાવના લેશમાત્ર નહોતી. માત્ર લોક માર્ગનો મર્મ સમજે, સમજીને આરાધે એ શુભ હેતુએ પરમ કરુણાબુદ્ધિથી યોગ્ય મુમુક્ષુઓ આગળ મર્મને ખુલ્લો કર્યો છે. શ્રી તીર્થંકર મહાપ્રભુ મહાવીરદેવ પાસેથી જે શિક્ષા મળી, જે રહસ્ય મળ્યું, તેનો જ પ્રમાણિકપણે ઉપદેશ કર્યો છે.

આપણે જાણીએ છીએ કે પરમ કૃપાળુ શ્રીમદ્‌જીને સાત વર્ષની વયે જાતિસ્મરણ જ્ઞાન થયું હતું અને તે ઉત્તરોત્તર વર્ધમાન થતું ગયું હતું. તેઓ અંતિમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના અંતેવાસી શિષ્ય હતા, જાતિસ્મૃતિજ્ઞાન અને પૂર્વભવના વેદન સંબંધે તેમનાં જ વચનો આ રહ્યાં.

"પુનર્જન્મ છે—જરૂર છે. એ માટે 'હું' અનુભવથી હા કહેવામાં અચળ છું. એ વાક્ય પૂર્વભવના કોઈ જોગનું

સ્મરણ થતી વખતે સિદ્ધ થયેલું લખ્યું છે, જેને પુનર્જન્માદિ ભાવ કર્યા છે, તે 'પદાર્થને' કોઈ પ્રકારે જાણીને તે વાક્ય લખાયું છે." (૪૨૪)

"સત્સંગનું અત્યંત માહાત્મ્ય પૂર્વ ભવે વેદન કર્યું છે; તે ફરી ફરી સ્મૃતિરૂપ થાય છે અને નિરંતર અભંગપણે તે ભાવના સ્ફુરિત રહ્યા કરે છે." (૩૭૫)

"પૂર્વકાળમાં જે જે જ્ઞાની પુરૂષના પ્રસંગો વ્યતીત થયા છે, તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે; તે શ્રવણને, શ્રવણના કર્તાને અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે. તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મ-વ્યાખ્યાની જ્ઞાનીપુરૂષની વાણી અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો કે માર્ગાનુ-સારી જ્ઞાનીપુરૂષના સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ. અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહ-પૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે; અને બીજી બાજુથી આવાં ક્ષેત્ર, આવા લોકપ્રવાહ, આવા ઉપાધિજોગ અને બીજા બીજા તેવા તેવા પ્રકાર જોઈ વિચાર મૂર્ચ્છાવત્ થાય છે. ઈશ્વરેચ્છા!" (૪૬૫)

"આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહેજે સાંભરી આવે છે." (૩૧૩)

"અને એ જે શ્રી તીર્થંકરદેવનો અંતર આશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઇને વિષે આ ક્ષેત્રે હોય તો તે અમે

હોઇશું એમ અમને દૃઢ કરીને ભાસે છે. કારણ કે જે અમારૂ અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે, અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનું કારણ લાગે છે; માટે અમે તેના અનુયાયી ખરેખરા છીએ, સાચા છીએ." (૩૨૨)

"પૂર્વે આરાધન કરેલાં એવાં નિવૃત્તિનાં ક્ષેત્રો, વન, ઉપવન, જોગ, સમાધિ અને સત્સંગાદિ જ્ઞાની પુરૂષને પ્રવૃત્તિમાં બેઠાં વારંવાર સાંભરી આવે છે."

તેમના જાતિસ્મૃતિજ્ઞાન સંબંધમાં એ હકીકત પણ નોંધાયેલી છે કે તેમને નવસો ભવોનું જ્ઞાન થયું હતું.

જાતિસ્મૃતિજ્ઞાનના આવા ઉત્કૃષ્ટ ઉઘાડથી એ સમજવું કઠણ નથી કે શ્રી મહાવીરપ્રભુના હૃદયમાં જે વાત હતી તે તેઓ જાણી શકયા હતા, નિર્વાણમાર્ગનું રહસ્ય તેમના અંતરમાં સ્પષ્ટતાએ પ્રકાશી ઊઠયું હતું, સમવસરણ આદિનો પરમાર્થ તેમના જ્ઞાનમાં પ્રતિબિંબિત થયો હતો અને જ્ઞાની પુરૂષો સાથેના સત્સંગની અપૂર્વતા તેમણે અનુભવી હતી, તેથી તો તેમના સ્વમુખેથી માર્ગનો મર્મ બતાવતી અમૃત-વાણી સહજ પ્રવહતી હતી, આ બધાં વચનોના આધારે આપણે નીચે પ્રમાણે કલ્પના કરી કહેવું હોય તો તેમાં અતિશયોક્તિ કે ખોટું જણાતું નથી; છતાં તેમ જણાવવામાં શ્રી સર્વજ્ઞદેવના જ્ઞાનમાં કોઈ દોષ થયો દેખાતો હોય તો તેની નિવૃત્તિ માટે અતિ વિનમ્રભાવે ક્ષમાપના યાચીએ છીએ.

કલ્પનાચિત્ર પહેલું :

શ્રી વીરપ્રભુના કાળનાં ભવમાં શ્રીમદ્ રાજચંદ્રજી જ્ઞાની પુરૂષની સંસારની અનિત્યતા, અશરણતા આદિ દર્શાવતી વૈરાગ્ય ઉપદેશરૂપ વાણી શ્રવણ કરે છે અને અંતરમાં અવધારી, ઉતારી પ્રતીત કરે છે. આ જગતને વિષે એક શુદ્ધ સ્વરૂપી અવિનાશી આત્મા જ ઉપાદેય છે અને પૂર્ણતાએ પ્રાપ્ત કરવા યોગ્ય છે, એ પવિત્ર મંગલકારી ભાવને હૃદયની ઊંડી ગુફામાં વાગોળે છે. આત્મકલ્યાણની સાધનાની ભાવનાનું કાર્યફળ સન્મુખ કરવા સર્વસંગ પરિત્યાગ કરી દીક્ષાના ઉત્તમ ભાવમાં આરૂઢ થાય છે. અવસર પામી પ્રભુજી પાસે દીક્ષિત થઈ શિષ્યાધિકાર પ્રાપ્ત કરે છે. આત્મસાધનાના શુભ પુરૂષાર્થમાં હોંશથી જોડાય છે. દીર્ઘદીક્ષિત મુનિસમુદાયની વિનયથી સેવા, વૈયાવચ્ચ સમયાનુસાર કરી અને સ્વાધ્યાય, ધ્યાનમાં અનુરક્ત રહી પરમાર્થ પુણ્યનો સંચય કરે છે.

કલ્પનાચિત્ર બીજું :

તીર્થંકર શ્રી વીરપ્રભુનું સમવસરણ દેવતાઓ રચે છે. તેની રચનાનું મનોરમ દૃશ્ય અદ્ભુત અને વિસ્મયકારક છે. રત્નજડિત પાદપીઠ પર ઉત્તમોત્તમ પરમાણુઓથી સુશોભિત કાંતિવાળો પ્રભુજીનો દેહ પીઠની સપાટીને સ્પર્શ કર્યા વિના વિરાજે છે. પ્રભુની મુખમુદ્રા ઉપર સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયનું ભાન કરાવતાં ત્રણ છત્રો શોભે છે. પાદપીઠની પાછળ સર્વના શોકને હરનાર ને આત્માનંદ પ્રગટ

કરવામાં કુશળ એવું અલૌકિક અશોકવૃક્ષ આનંદ અને પ્રસન્નતાની છોળો ઉડાડતું મઘમઘી રહ્યું છે; તેની ડાળીઓ પ્રભુજી અને પ્રભુજીના અનંત ચતુષ્ટય ગુણોને ભાવભક્તિથી વાંદવા પ્રભુજી તરફ ઝૂકી ધન્ય ધન્યતા અનુભવે છે. પ્રભુજીની જમણી તથા ડાબી બાજુએ દેવેન્દ્રો ચામર ઢોળે છે, તે જાણે એટલા માટે કેમ ન હોય કે પ્રભુજીના ગુણોની સુગંધ ચોતરફ સર્વત્ર પ્રસરી પર્ષદામાં ઉપસ્થિત દેવ, મનુષ્ય અને તિર્યંચ ગતિના ભવ્યાત્માઓ તે થકી લાભ મેળવી આત્મકલ્યાણ અને આત્મશ્રેય ભાવદશાનુસાર પ્રાપ્ત કરે; વળી ચામરનું નીચે જવું તે મિથ્યાત્વ, અજ્ઞાન તેમ રાગદ્વેષાદિ દોષોનું તિરોભાવે જવાનું, કે ક્ષીણ કે ક્ષય થવાનું સૂચવે છે, તથા ચામરનું ઊંચે જવું તે સમકિત એટલે આત્મજ્ઞાન પ્રાપ્ત થવાનું, શુદ્ધ થવાનું, ગુણોનું પ્રગટવાનું અને વૃદ્ધિ પામતા જવાનું કે પૂર્ણતાએ પહોંચવાનું કહી જાય છે. પ્રભુજીના આખા દેહમાંથી મધુર રણકારથી નીકળતો દિવ્ય ધ્વનિ પર્ષદામાં હાજર રહેનાર સર્વ જીવોનાં વિધવિધ પ્રશ્નોનું એક સાથે સમાધાન કરવા સામર્થ્ય ધરાવે છે અને તે પ્રભુજીના અતિશય પુણ્યની અતિશયતા દર્શાવે છે તથા બુદ્ધિને અગમ્ય એવી વિસ્મયકારક ઘટનાનું સૂચન કરી જાય છે. પ્રભુજીની દિવ્ય ધ્વનિરૂપ વાણી સર્વથા જયવંત વર્તે છે, ઉત્કૃષ્ટ ફળને આપે છે અને તે તત્કાળ કે અલ્પકાળમાં ભવ્યાત્માઓને આત્મ-ઉજ્જવળતા કે આત્મશુદ્ધિ કે આત્મસિદ્ધિ કરાવે છે.

આવા સમવસરણની પર્ષદામાં પરમકૃપાળુ શ્રીમદ્જી

યથાયોગ્ય સ્થાને વિરાજે છે; પ્રભુજીની અમૃતવાણીનું એક ચિત્તથી શ્રવણ કરી તેનું મધુર પાન કરે છે. તેમના હૃદય-કમળમાં ઉલ્લાસભાવ માતો નથી; પ્રભુ પ્રત્યેની નિર્મળ પ્રેમની માત્રા કોઈ અનુપમરૂપે વહી રહી છે; સમર્પણભાવ એકધારાએ ઊર્ધ્વગતિ કરી રહ્યો છે; તે છતાં આત્માને તૃપ્તિ થાય એવી પરાભક્તિ અને તત્કાળ મુક્તિના નિદાનરૂપ શક્તિ ન હોવાનો અંતરૂખેદ અંતરના ઊંડાણમાં ગુપ્તપણે રહ્યો છે, અને તે શલ્યની પેઠે ખૂંચે છે.

તેવા અવસરે સદ્દભાગ્ય યોગે પ્રભુજીની વાણી દ્વારા પોતાનાં કેટલાંક ગૂઢ પ્રશ્નોનું સમાધાન મળતાં તેમનું હૃદય અતિ હર્ષથી પુલકિત થાય છે ને મૌનપણે પ્રભુજીનો મહાન ઉપકાર માને છે. તેવામાં શ્રીમદ્દજીની દૃષ્ટિ પ્રભુજીના મુખચંદ્ર પાછળ રહેલા દેદીપ્યમાન ભામંડળ પર પડે છે અને ત્યાં જ સ્થિર થાય છે ત્યારે કેટલાક અદ્દભુત દૃશ્યો તેઓ આનંદાશ્ચર્યસહિત નિહાળે છે; તેમાં પોતાના પ્રભુજી સાથેના ભવોભવના શુભ સંબંધો, પ્રભુકૃપા થકી પોતાને થયેલી આત્મજ્ઞાનની પ્રાપ્તિ અને વર્ત-માને પ્રવર્તતી આત્મદશા, અન્ય જ્ઞાનીપુરૂષો સાથેના ઋણાનુ-બંધો એ આદિ જોઈ તેમનું ચિત્ત પ્રસન્નતા અનુભવે છે.

કલ્પનાચિત્ર ત્રીજું :

" જગતની વિસ્મૃતિ કરવી અને સતના ચરણમાં રહેવું " એ બોધના આરાધનથી " સકળ જગત તે એંઠવત્ અથવા સ્વપ્ન સમાન " એવી જ્ઞાનદશાથી વિરાજિત જ્ઞાનીપુરૂષોનું વૃંદ

છે, જેમાં શ્રીમદ્દ્જીની પણ હાજરી છે. બધા સ્વચ્છ અને નિર્દોષ ભૂમિ પર પદ્માસનમાં બેસી આત્મરત થઇ આત્મધ્યાનમાં લીન થવાના પુરૂષાર્થમાં છે. કોઈ કોઇને થોડી જ વારમાં આત્મસમાધિ લાગી જાય છે; કોઇને થોડા વિલંબ બાદ એ નિરૂપમ દશાની પ્રાપ્તિ થાય છે; પરમકૃપાળુ શ્રીમદ્દ્જીનો ઉદય-યોગ સારો છે, આથી તેઓ અનુપમ સમાધિમાં રહી શુદ્ધાત્માનો, વીતરાગતાનો શુદ્ધ અનુભવ કરી રહ્યા છે, તે તેમની મુખાકૃતિ પર અંકિત થયેલી તેજરેખાઓથી પ્રતીત થાય છે. અહો, તે દૃશ્ય કેવું સુંદર અને અલૌકિક છે! અહો, તેઓ કેવા સ્થિર અને શાંત દેખાય છે!

કેટલાક સમય પછી તેઓ અપૂર્વ સમાધિના અવર્ણનીય સુખ અને આનંદના અનુભવમાંથી ઉદયના ધક્કાને લીધે બહાર આવે છે ત્યારે બહારનાં દૃશ્યો, પદાર્થોમાં તેમનો ઉપયોગ કંઈક સમય સુધી લાગી શકતો નથી, વારંવાર અંદરમાં વળવા તરફ રહ્યા કરે છે. તેઓ પૂર્ણ જાગૃતાવસ્થામાં નથી તેમ પૂર્ણ સમાધિમાં પણ નથી. હવે તેઓ જાગ્રત થાય છે. મહાપ્રભુજી પાસેથી તેઓ ઉપશમ શ્રેણિમાં આરુઢ થયા હતા તેનું જ્ઞાન મેળવે છે અને તે કારણે ખેદ પણ અનુભવે છે.

વીતરાગતાના અનુભવવાળી દશાની સ્મૃતિ શ્રીમદ્દ્જીને આ ભવમાં થઈ હતી તે તેમના જ વચનોથી જોઇએ :—

" ગુણઠાણાં એ સમજવા માટે કહેલાં છે, ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણી છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો

સંભવ નથી; ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવના અભાવે અગિયારમેથી જીવ પાછો વળે છે. ઉપશમશ્રેણી બે પ્રકારે છે. એક આજ્ઞારૂપ; એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવારૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે. કોઈ શાસ્ત્રમાંથી નીકળી આવશે. ન નીકળે તો કંઈ બાધ નથી. તીર્થંકરના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યું છે. ”

( ૧૭૦ )

કલ્પનાચિત્ર ચોથું :

આ ચિત્રમાં તે જ મુનિવૃંદ ઉપયોગપૂર્વક જ્ઞાનવાર્તા કરે છે; પરમ સત્સંગ કરે છે. પોતપોતાના અનુભવો પરસ્પર જણાવી પરમાર્થની આપલે કરી જ્ઞાનવૃદ્ધિ કરે છે. ઊંચી દશાવાન મુનિઓ નીચેની દશાવાળા મુનિના અનુભવનો પરમાર્થ સુખપૂર્વક નિર્માનભાવે કહી બતાવે છે અને ઉત્સાહ વધારે છે; તેમજ તેમની યોગ્યતા જોઈ પોતાના અનુભવ પણ પ્રગટ કરે છે. આત્માના ઐશ્વર્યના પરચા, આત્માના વૈભવની વિભૂતિ, આત્માની ઊંચી ઊંચી દશાએ ભાસ્યમાન થતાં અર્થસૂચક પ્રતીકો એ આદિ જ્ઞાનચર્ચા મુનિઓ સ્વપરકલ્યાણના હેતુએ કરે છે. ગંભીર જણાતા મુનિઓ આનંદની હેલી વરસાવે છે. જગતને સ્વાર્થસાધક અને અનુદાર ચિત્તવાળા દેખાતા મુનિઓ ઉદારતાની મૂર્તિસમા ભાસ્યમાન થાય છે.

આ મુનિ સમુદાયમાં શ્રીમદ્જી પણ છે અને તે સત્‌-સમાગમમાં પોતાને થયેલ અનુભવો દર્શાવીને મોટા મુનિઓ તરફથી પરમાર્થનો લાભ મેળવી આનંદિત થાય છે. અનેક આશંકાનું સ્થાન એવા ગૂઢ તત્ત્વોનું જ્ઞાન તથા સમાધાન તેમના આત્મામા ખુશી ઉપજાવે છે. તે બધું તેમની ઉજ્જ્વળતા પામતી મુખમુદ્રા પરથી સુપ્રતીત થાય છે.

આ સર્વ અદ્‌ભુત અને ઉપકારી અનુભવોની સ્મૃતિ, ભેદપૂર્ણ પ્રાપ્ત થયેલ જ્ઞાનની સ્મૃતિ, માર્ગના પરમ રહસ્યની સ્મૃતિ શ્રીમદ્‌જીને તેમના આ ભવમાં સુસ્પષ્ટપણે થઈ હતી અને તેથી તો "અહો, સત્પુરૂષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ!" એ અનુભવવચનો સહજ નીકળ્યાં હતાં. આત્મ-સિદ્ધિ સાધવાનાં ત્રણ નિમિત્તો, (૧) સત્પુરૂષનાં વચનામૃત, (૨) સત્પુરૂષની મુખમુદ્રા અને (૩) સત્પુરૂષનો સત્સમાગમ, તે સંબંધમાં થોડી વિચારણા કરીએ.

સાધારણ રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે જીવને વચનામૃત જ માત્ર મોટી અસર કરે છે; પરંતુ સત્યતાએ જોતાં પ્રથમ અસર અવ્યક્તતાએ સત્પુરૂષના સમાગમે, તેઓ કોઈ વચન પ્રકાશે નહીં તો પણ સત્પુરૂષની અને તેમની પવિત્ર મુખમુદ્રાની જ થાય છે. ત્યાર પછી સત્પુરૂષને વચનયોગનો ઉદય આવતાં વચનો પ્રકાશે છે ત્યારે અસરની પ્રગટતા અનુભવગમ્ય થાય છે. એવું પણ કવચિત્ બને છે કે પ્રબળ ઋણાનુબંધનાં ઉદયે સત્પુરૂષનાં પ્રથમ દર્શને સત્પાત્ર જિજ્ઞાસુ

જીવના અંતરમાં તેની ઓળખાણ થઈ પ્રતીતિ આવે છે. આથી સત્પુરૂષની પવિત્ર, વીતરાગદર્શક અને પ્રેમ તથા કરૂણાભાવ પ્રગટ કરતી મુખમુદ્રાના દર્શનની મહત્તા સિદ્ધ થાય છે.

હવે આ ત્રણ નિમિત્ત કારણોનું ફળ બતાવતાં વચનો કહ્યાં છે તે તરફ વળીએ; તેમાં પ્રથમ જણાવે છે કે :—

**"સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શન માત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક...."**

ઉપરના પરમ કલ્યાણના હેતુભૂત એવાં પાવનકારી નિમિત્તોના બળથી અનાદિની મોહનિદ્રામાં સૂતેલો ચેતન જાગ્રત થઈ ચેતનવંત થાય છે એટલે કે સત્ય જાણીને ચેતે છે કે "હું દેહાદિ સ્વરૂપ નથી; દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું." એ ભાવને તે અંતરમાં શ્રદ્ધાથી અવધારે છે. આત્માએ અવધારેલી વાત ભૂલાતી નથી અને તેનું સુખદ સ્મરણ વારંવાર સ્મૃતિપટ પર અવકાશ પામી આલેખાય છે. ઉજ્વળતા પામવાને યોગ્ય સતૢજિજ્ઞાસુઓની સ્થિતિ આ પ્રમાણે હોય છે. અંતર્ભેદ પામેલા તેમના અંતરમાં હર્ષ ઉત્પન્ન થાય છે અને સત્પુરૂષની સ્તુતિ ભક્તિ કરી શક્તિ મેળવે છે. આથી આત્મવિકાસનો ધોરી સ્વચ્છ માર્ગ સાવ ખુલ્લો થાય છે; છતાં હજુ અહીં માર્ગ તેજથી પ્રકાશિત નથી, પણ તેની કોઈ અંશે ઝાંખી થાય છે.

પરંતુ અહો, કર્મની વિચિત્રતા બળવાન છે! "ભગવાન પરિપૂર્ણ સર્વગુણસંપન્ન કહેવાય છે, તથાપિ એમાંય અપલક્ષણ કંઈ ઓછાં નથી! વિચિત્ર કરવું એ જ એની લીલા." કેમકે દેહદેવળમાં રહેલો આત્મપ્રભુ કર્મોના ઉદયે નિમિત્તાધીન થઈ મેળવેલું અથવા શ્રદ્ધેલું ભૂલી જઈ કોઈ બીજા પ્રકારે વર્તી વૃત્તિને નીચે લાવે છે. વૃત્તિ તેનું સીધું, સરળ અને ઉપકારી વહેણ અટકાવી આડી ફંટાય છે; ત્યારે તેનું ધ્યાન રહેવું તે પણ કઠણ બને છે. અજાગૃત જેવી અટપટી દશા થઈ જાય છે. મોહરાજાનું પ્રાબલ્ય અનુભવગોચર થાય છે. ફરી સત્પુરૂષનો સમાગમ થાય અથવા પૂર્વનો સમાગમયોગ સ્મૃતિમાં આવે, અથવા તેમની વીતરાગ મુખમુદ્રા દર્શનરૂપ થાય અથવા વચનામૃત સ્મરણમાં આવે, ત્યારે મોહ હાર ખાઈ નાસી જાય છે અને નીચે ઉતરેલી વૃત્તિ ઉપર આવી સ્થિર થાય છે. આવી ચડઉતર સ્થિતિ ઘણીવાર બન્યા કરે છે; પરંતુ આખરે તે નિમિત્તોની યથાયોગ્ય સ્મૃતિ થતાં અંતરની નબળાઈ દૂર થઈ સ્થિરતા આવે છે, માટે જ કહ્યું કે તે નિમિત્તો "પડતી વૃત્તિને સ્થિર રાખનાર" છે.

આગળના વચનોમાં સત્પુરૂષની પાવનકારી મુખમુદ્રાનાં દર્શનનું જે ઉત્તમ ફળ છે તે બતાવ્યું છે; વચનામૃત ૧૭૨માં પણ ઉપદેશ કર્યો હતો કે સત્પુરૂષની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું; પ્રેમપૂર્વકનું તે દર્શન, માત્ર દર્શન પોતાના આત્માના નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક થાય છે અર્થાત્ નિજસ્વભાવ તરફ અગમ્યપણે ખેંચી જાય છે. આમ કહી

સત્પુરૂષના દર્શનનું અચિંત્ય માહાત્મ્ય પ્રગટ કર્યું; પરંતુ તે દર્શનલાભ વેળાએ શું બનતું હશે? તેની કલ્પના કરીએ તો કહી શકાય કે સત્પુરૂષના મુખચંદ્રમાંથી દિવ્ય શીતળ તેજનાં કિરણો છૂટતાં હશે, ચક્ષુમાંથી પ્રેમની અમીરસધારા, નિષ્કારણ કરૂણા નીતરતાં હશે, અને વદન પર નિસ્પૃહતા અને વીતરાગતાની રેખાઓ ઉજ્જ્વળપણે ચમકતી હશે, યથાયોગ્ય દશાને પ્રાપ્ત જિજ્ઞાસુની દૃષ્ટિ તે દર્શનથી નજરાતી હશે; દૃષ્ટિ–દૃષ્ટિનું અનુસંધાન થવાથી આત્મા–આત્માનું ગુપ્ત અપૂર્વ જોડાણ થતું હશે, અને તેનું ફળ શું?

## સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ

સ્વરૂપપ્રતીતિ એટલે આત્મજ્ઞાન, આત્મદર્શન, સમ્યક્‌દર્શન કે સમકિત. તેની પ્રાપ્તિ કેમ થાય તેની ચાવી શરૂનાં ત્રણ કારણમાં બતાવી દીધી છે, વચનામૃત, મુદ્રા અને સત્‌સમાગમ. આ રહસ્ય તે સર્વ જ્ઞાની ભગવંતોના અનુભવનો નિચોડ છે. સ્વરૂપપ્રતીતિ–સમકિત તે ચોથું બોધબીજ નામનું ગુણસ્થાનક છે; તે અવિરતિ સમ્યક્‌દૃષ્ટિ નામે પણ ઓળખાય છે. “અહીં આત્માના અનુભવની શરૂઆત થાય છે અર્થાત્‌ મોક્ષ થવાનું બીજ અહીં રોપાય છે. આ બોધબીજ ગુણસ્થાનક, ચોથા ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનક સુધી આત્મઅનુભવ એક સરખો છે; પરંતુ જ્ઞાનાવરણીય કર્મની નિરાવણતાનુસાર જ્ઞાનની વિશુદ્ધતા ઓછી અદકી હોય છે, તેના પ્રમાણમાં અનુભવનું પ્રકાશવું કહી શકે છે.” (વ્યાખ્યાન સાર–૧) આ ગુણસ્થાનકે

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમકિત હોઈ શકે છે અને તે ચઢતા ક્રમે પ્રાપ્ત થઈ શકે છે.

સમકિતનું માહાત્મ્ય પરમકૃપાળુ શ્રીમદ્જીએ અદ્ભુત અને રમુજી શૈલીથી જણાવ્યું છે, તે વચનો આ રહ્યાં :—

"તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્તન હો, પરંતુ તેને તીવ્ર બંધન નથી, અનંત સંસાર નથી, સોળ ભવ નથી, અભ્યંતર દુઃખ નથી, શંકાનું નિમિત્ત નથી, અંતરંગ મોહિની નથી, સત્ સત્ નિરુપમ, સર્વોત્તમ, શુક્લ, શીતલ, અમૃતમય દર્શનજ્ઞાન; સમ્યક્ જ્યોતિર્મય, ચિરકાળ આનંદની પ્રાપ્તિ, અદ્ભુત સત્ સ્વરૂપદર્શિતાની બલિહારી છે!" (૯૧)

"સમ્યક્ત્વ અન્યોક્ત રીતે પોતાનું દૂષણ બતાવે છે:-

મને ગ્રહણ કરવાથી ગ્રહણ કરનારની ઇચ્છા ન થાય તો પણ મારે તેને પરાણે મોક્ષે લઈ જવો પડે છે; માટે મને ગ્રહણ કરવા પહેલા એ વિચાર કરવો કે મોક્ષે જવાની ઇચ્છા ફેરવવી હશે તો પણ કામ આવવાની નથી; મને ગ્રહણ કરવા પછી નવમે સમયે તો મારે તેને મોક્ષ પહોંચાડવો જોઇએ. ગ્રહણ કરનાર કદાચ શિથિલ થઈ જાય તો પણ બને તો તે જ ભવે અને ન બને તો વધારેમાં વધારે પંદર ભવે મારે તેને મોક્ષે પહોંચાડવો જોઇએ. કદાચ મને છોડી દઈ મારાથી વિરૂદ્ધ આચરણ કરે, અથવા પ્રબળમાં પ્રબળ એવા મોહને ધારણ કરે તો પણ અર્ધપુદ્ગલ પરાવર્તનની અંદર મારે

તેને મોક્ષે પહોંચાડવો એ મારી પ્રતિજ્ઞા છે! અર્થાત્ અહીં સમ્યક્ત્વની મહત્તા બતાવી છે.

સમ્યક્ત્વ કેવળજ્ઞાનને કહે છે :—

હું જીવને મોક્ષે પહોંચાડું એટલે સુધી કાર્ય કરી શકું છું, અને તું પણ તે જ કાર્ય કરે છે; તું તેથી કંઈ વિશેષ કાર્ય કરી શકતું નથી, તો પછી તારા કરતાં મારામાં ન્યૂનતા શાની? એટલું જ નહીં પરંતુ તને પામવામાં મારી જરૂર રહે છે." (વ્યાખ્યાન સાર-૧)

સ્વરૂપપ્રતીતિ એટલે ચોથા ગુણસ્થાનકવર્તી સમકિતની વાત પૂરી કરી, હવે ત્યાર પછીનાં "અપ્રમત્ત સંયમ" શબ્દો મૂક્યા છે તે પર વિચાર કરીએ. અપ્રમત્ત સંયમ નામનું સાતમું ગુણસ્થાનક છે. તો પછી પાંચમા તથા છઠ્ઠા ગુણ-સ્થાનકોનો કોઈ વચનથી ઉલ્લેખ કેમ નહીં કર્યો તે પ્રશ્ન થવો સંભવે છે. તેનું સમાધાન વિચારતાં આ પ્રમાણે સમજાય છે. એક તો ચોથેથી પાંચમે આવવું તે પ્રમાણમાં ઘણું સહેલું છે; પાંચમેથી છઠ્ઠે આવવું થોડું અઘરૂં છે, છતાં સહેલું છે એમ કહી શકાય; પરંતુ છઠ્ઠામાંથી સાતમા ગુણસ્થાનકે આવવું તે અવશ્ય ઘણું અઘરૂં છે. બીજું, ચોથાવાળો સાતમે આત્મદશા કેવી હોય, આત્માનુભવની નિમગ્નતાની માત્રા કેવી હોય તેની સમજણ લઈ શકે છે, તેથી તુરત સાતમા ગુણસ્થાનકની વાત કહી જણાય છે.

"ચોથા ગુણસ્થાનકે આવેલો પુરૂષ પાત્રતા પામ્યો ગણી શકાય; ત્યાં ધર્મધ્યાનની ગૌણતા છે. પાંચમે (ધર્મધ્યાનની)

મધ્યમ ગૌણતા છે, છઠ્ઠે ( ધર્મધ્યાનની ) મુખ્યતા પણ મધ્યમ છે, સાતમે ( ધર્મધ્યાનની ) મુખ્યતા છે " ( ૬૨ )

ગુણસ્થાનક એટલે આત્માના ગુણોની પ્રગટતાની અપેક્ષાએ ધર્મધ્યાનની ગૌણતા–મુખ્યતા દર્શાવતાં ઉપરનાં વચનો અત્યંત ગંભીર વિચારણા માગી લે છે. જો તેને યથાર્થતાએ વિવેકથી સમજવામાં આવે તો ઘણી શંકાઓ કે આશંકાઓનું સમાધાન થઈ જાય અને પૂર્વગ્રહથી બંધાયેલી કેટલીક દોષવાળી માન્યતા દૂર થાય.

" ચોથા ગુણસ્થાનકવાળો જીવ સાતમા ગુણસ્થાનકે પહોંચનારની દશાનો જો વિચાર કરે તો તે કોઇ અંશે પ્રતીત થઈ શકે; પણ તેનો પહેલા ગુણસ્થાનકવાળો જીવ વિચાર કરે તો તે શી રીતે પ્રતીતિમાં આવી શકે ? કારણ કે તેને જાણવાનું સાધન જે આવરણરહિત થવું તે પહેલા ગુણસ્થાનકવાળાની પાસે હોય નહીં. " ( વ્યાખ્યાન સાર–૧ )

ચોથે આત્માનુભવ થયા પછી આત્મદષ્ટિ રહેતી હોવાથી અને આત્માની શુદ્ધતા તરફ જવાનો લક્ષ થવાથી જીવ રાગ-દ્વેષના કષાયભાવ ઘટાડવા અંતરૂત્યાગ કરતો જાય છે અને તે શાસ્ત્રોમાં અણુવ્રત તરીકે પ્રસિદ્ધ છે; તે જ પાંચમું ગુણસ્થાનક છે. જેમ જેમ અંતરૂત્યાગ વધે છે ( અને સાથે સાથે બાહ્યત્યાગ પણ શરૂ થઈ વધતો જાય છે ), તેમ તેમ પાંચમામાં આગળનો વિકાસ સાધ્ય થતો જાય છે, ટુંકામાં અંતરમાં પદાર્થો પ્રત્યેના રાગદ્વેષના ભાવો આત્મહિતાર્થે નકાર વર્તાવી

ઘટાડતા જવા તે પાંચમા ગુણસ્થાનકનું માહાત્મ્ય છે. તે કાર્ય સહજતાએ અને વિના કલેશે થાય છે તે સમજાય તેવું છે.

તે જ પુરૂષાર્થ આગળ વધારી રાગદ્વેષના પરિણામ બહુ ઘટી જાય તથા હિંસા, અસત્યાદિ દોષો ખૂબ મંદતાને પામે ( એટલે શાસ્ત્રમાં પાંચ મહાવ્રત પ્રરૂપ્યા છે તેનું અંતરથી પાલન ), ત્યારે છઠ્ઠે અવાય છે. અહીં સર્વ સંગ પરિત્યાગરૂપ બાહ્યત્યાગ હોય તો, તે જીવ દ્રવ્ય અને ભાવથી મુનિ કહેવાય છે; પરંતુ જો તેવા બાહ્યત્યાગનો ઉદય ન હોય ને ગૃહસ્થદશા હોય તો તેને ભાવમુનિ કહે છે; તેમ છતાં તેના અંતરમાં સર્વસંગપરિત્યાગ કરવાની ભાવના તો રહ્યા કરે છે. વિશેષ અર્થમાં જોઈએ તો પાંચમામાં વિકાસ સાધતો સમકિતી જીવ જ્યારે પોતાનાં મન, વચન, કાયા અને તેની પ્રવૃત્તિ ભગવાનરૂપ સત્-પુરૂષને અથવા સદ્ગુરુને એક સમય માટે પણ અર્પણ કરે ત્યારે છઠ્ઠામાં પ્રવેશ થયો ગણાય અને મન-વચન-કાયાની અર્પણ-તાનું કાર્ય પૂરૂં થતાં અને પ્રમત્તભાવનો ક્ષય થતાં " અપ્રમત્ત સંયમ " નામના સાતમા ગુણસ્થાનકે અવાય છે. " આત્માને વિષે પ્રમાદરહિત જાગૃતદશા તે જ સાતમું ગુણસ્થાનક છે, ત્યાં સુધી પહોંચવાથી તેમાં સમ્યક્ત્વ સમાય છે....ત્યાં આગળ પહોંચ્યેથી આગળની દશાની અંશે અનુભવ અથવા સુપ્રતીતિ થાય છે. " ( વ્યાખ્યાન સાર-૧ )

" કહેવામાં એમ આવે છે કે તેરમું ગુણસ્થાનક આ કાળે ને આ ક્ષેત્રથી ન પમાય; પરંતુ તેમ કહેનાર પહેલામાંથી

ખસતા નથી. જો તેઓ પહેલામાંથી ખસી ચોથા સુધી આવે અને ત્યાં પુરૂષાર્થ કરી સાતમું જે અપ્રમત્ત છે ત્યાં સુધી પહોંચે તો પણ એક મોટામાં મોટી વાત છે. સાતમા સુધી પહોંચ્યા વિના તે પછીની દશાની સુપ્રતીતિ થઈ શકવી મુશ્કેલ છે. ન પ્રાપ્ત થઈ શકે એવી ધીરજ, સંઘયણ, આયુષની પૂર્ણતા ઇત્યાદિના અભાવથી કદાચ સાતમા ગુણસ્થાનક ઉપરનો વિચાર અનુભવમાં ન આવી શકે, પરંતુ સુપ્રતીત થઈ શકવા યોગ્ય છે." (વ્યાખ્યાન સાર–૧)

"આ કાળમાં શુક્લધ્યાનની મુખ્યતાનો અનુભવ ભારતમાં અસંભવિત છે. તે ધ્યાનની પરોક્ષ કથારૂપ અમૃતતાનો રસ કેટલાક પુરૂષો પ્રાપ્ત કરી શકે છે; પણ મોક્ષના માર્ગની અનુકૂળતા ધોરી વાટે પ્રથમ ધર્મધ્યાનથી છે." (૬૨) આ ગૂઢ અર્થસૂચક વચનો ખૂબ વિચારણીય છે. સાતમા અપ્રમત્ત સંયમ નામના ગુણસ્થાનકે આત્માનુભવ કરતી વેળાએ ધ્યાન કેવા પ્રકારનું હોય તે દર્શાવતાં આ વચનો ન કહી શકાય?

આ ગુણસ્થાનકે નામ પ્રમાણે અર્થ છે; અંતરૂસંયમમાં પ્રમત્તભાવ નથી, લેશ માત્ર પ્રમાદ નથી, રાગ કે દ્વેષનો અંશ નથી, ઉપયોગમાં કોઈ વિકલ્પ નથી અને તે આત્મામાં સ્થિર છે. અહીં માત્ર શુદ્ધાત્માનો અનુભવ છે, અમૃતરસનું, અપૂર્વ શાંતિનું અને અપૂર્વ સુખનું વેદન છે. ત્યાં વંદ્ય–વંદક ભાવ નથી; જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનો ભેદ નથી; ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનું અંતર નથી. આત્મા એ જ પરમાત્મા છે. પરંતુ આ

ચમત્કારિક અલૌકિક અનુભવ કાયમ ટકી શકતો નથી. ભાવનો ઉદય આવતાં સાતમું તત્ક્ષણ છૂટી જાય છે અને છઠ્ઠે આવી જવાય છે. અહીં આ મહાત્મા વારંવાર છઠ્ઠા–સાતમામાં ઝુલે છે અને સાથે સાથે આત્માના વીર્યની પ્રગટતા પ્રમાણે મોહનીયને વધુ સમય માટે દબાવી આત્મિક વિકાસ સાધે છે. શ્રેણી માંડવાની પૂર્વ તૈયારી અહીં થાય છે.

હવે ત્યાર પછીનાં વચનો જોઈએ.

**"અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત"**

ક્ષાયિક સમકિતી મહાત્મા સાતમા ગુણસ્થાનકમાં આત્મરસનો અનુભવ કરતાં કરતાં અને આત્મવીર્યના ઉત્તરોત્તર વિશેષ ઉઘાડથી કર્મોની ક્ષીણતા કરી એક વખત શુક્લધ્યાનના અપૂર્વ બળથી આઠમે પ્રવેશી ક્ષપકશ્રેણિ માંડી પોતાનો પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવ બારમા ગુણસ્થાનને અંતે પ્રગટ કરે છે; કેવળજ્ઞાની અને કેવળદર્શી થાય છે, અને કેવળી કહેવાય છે. આ મોક્ષમાર્ગની સમજણ પરમકૃપાળુ શ્રીમદ્જીએ તેમની હાથનોંધ નં. ૨માં આપી છે તે અત્રે જણાવીએ છીએ:-

મોક્ષમાર્ગ

| | | | |
|---|---|---|---|
| પ્રતીતિરૂપે તે માર્ગ જ્યાં શરૂ થાય છે ત્યાં સમ્યક્દર્શન | | | |
| દેશ આચરણરૂપે | તે | પંચમ | ગુણસ્થાનક |
| સર્વ આચરણરૂપે | તે | છઠ્ઠું | ,, |
| અપ્રમત્તપણે તે આચરણમાં સ્થિતિ | તે | સપ્તમ | ,, |
| અપૂર્વ આત્મજાગૃતિ | તે | અષ્ટમ | ,, |

સત્તાગત સ્થૂળ કષાય બળપૂર્વક સ્વરૂપસ્થિતિ તે નવમ ગુણસ્થાનક
,, સૂક્ષ્મ ,, ,, દશમ ,,
,, ઉપશાંત ,, ,, એકાદશમ ,,
,, ક્ષીણ ,, ,, દ્વાદશમ ,,

ક્ષપક શ્રેણિમાં આરૂઢ થયેલ મહાત્મા અગિયારમું ગુણસ્થાન કૂદાવીને સીધા બારમે આવે છે. ઉપશમ શ્રેણિમાં ચઢેલ મહાત્મા ૧૧મે ગુણસ્થાનકે આવી નીચે ઊતરે છે, "તેનું કારણ એ કે વૃત્તિઓ પ્રથમ જાણે કે 'હમણા આ શૂરાતનમાં છે એટલે આપણું બળ ચાલવાનું નથી' અને એથી ચૂપ થઈ બધી દબાઈ રહે છે. 'ક્રોધ કડવો છે તેથી છેતરાશે નહીં, માનથી પણ છેતરાશે નહીં, તેમ માયાનું બળ ચાલે તેવું નથી' એમ વૃત્તિએ જાણ્યું કે તરત ત્યાં લોભ ઉદયમાન થાય છે. 'મારામાં કેવાં રિદ્ધિ, સિદ્ધિ અને ઐશ્વર્ય પ્રગટ થયાં' એવી વૃત્તિ ત્યાં આગળ થતાં તેનો લોભ થવાથી ત્યાંથી જીવ પડે છે." (ઉપદેશ છાયા, ૪) તે નીચે ઉતરી છઠ્ઠે અથવા ચોથે ગુણસ્થાનકે અટકી શકે છે અને જો જ્ઞાન વમે તો પહેલે ગુણસ્થાનકે આવી જાય છે.

ક્ષાયિક સમકિતી મહાત્મા પણ ઉપશમ શ્રેણિમાં કદાચિત્ ચઢે છે અને અગિયારમેથી પાછો વળે છે ત્યારે તે આઠમે અટકી શકે છે અને તેથી નીચે ઊતરે તો છઠ્ઠે નિયમથી અટકે છે; તેનાથી નીચે ઉતરવાનું બની શકતું નથી. એ ક્ષાયિક સમકિતનો મહિમા છે.

શ્રેણિના આઠમાથી બારમા ગુણસ્થાનક સુધીનો કાળ બે ઘડીનો છે. ત્યાં સ્વભાવનું અનન્ય ચિંતન અને ચૈતન્ય સ્વરૂપમાં પરમ નિમગ્નતા હોય છે, જે સંબંધમાં પરમકૃપાળુ શ્રીમદ્‌જીએ તેમના "અપૂર્વ અવસર" કાવ્યમાં જે ભાવ સંગીત કર્યા છે તે જોઈએ.

"એમ પરાજય કરીને ચારિત્ર મોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષ પ ક ત ણી કરીને આ રૂ ઢ તા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો.

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો."

હવે "સ્વભાવનાં કારણભૂત" એ શબ્દો સમજીએ. કોણ કારણ થાય છે? વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ એ ત્રણ કારણોમાંથી કારણ બીજું અને ત્રીજું શ્રેણી માંડતાં પહેલાં પણ હોય છે અને પ્રથમ કારણ "વચનામૃત" સત્શ્રુત ઠેઠ સુધી અવલંબનરૂપ હોય છે.

"જેમ છે તેમ નિજસ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે ત્યાં સુધી નિજસ્વરૂપના નિદિધ્યાસનમાં સ્થિર રહેવાને જ્ઞાની પુરૂષનાં વચનો આધારભૂત છે, એમ પરમ પુરૂષ શ્રી તીર્થંકરે કહ્યું છે

સત્ય છે. બારમા ગુણસ્થાનકે વર્તતા આત્માને નિદિધ્યાસનરૂપ ધ્યાનમાં શ્રુતજ્ઞાન એટલે મુખ્ય એવાં જ્ઞાનીનાં વચનોનો આશય ત્યાં આધારભૂત છે, એવું પ્રમાણ જિનમાર્ગને વિષે વારંવાર કહ્યું છે. બોધબીજની પ્રાપ્તિ થયે, નિર્વાણમાર્ગની યથાર્થ પ્રતીતિ થયે પણ તે માર્ગમાં યથાસ્થિત સ્થિતિ થવાને અર્થે જ્ઞાની પુરૂષનો આશ્રય મુખ્ય સાધન છે; અને તે ઠેઠ પૂર્ણ દશા થતા સુધી છે, નહિ તો જીવને પતિત થવાનો ભય છે એમ માન્યું છે. (૫૭૫)

પૂર્ણ વીતરાગ બારમા ગુણસ્થાનકના અંત સમયે થવાય છે અને પછી સયોગી કેવળી નામનું તેરમું ગુણસ્થાનક શરૂ થાય છે. તેનું વર્ણન "અપૂર્વ અવસર"માંથી ઉતારીએ છીએ.

" ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.
વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. "

" છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી
અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર !! "

ઉપર તેરમા ગુણસ્થાનની વાત કહી ત્યાં હજુ મન-વચન-કાયાના યોગ પ્રવર્તમાન છે. ચાર અઘાતી કર્મ ભોગવવા શેષ રહ્યા છે, જ્યારે તેરમા ગુણસ્થાનકે વર્તતા કેવળી પ્રભુનો આયુષ્યકાળ અંતર્મુહૂર્તનો બાકી રહે ત્યારે તે પ્રભુ ત્રણે યોગને રૂંધે છે, અને છેલ્લે સમુદ્દઘાત કરી ચારે અઘાતી કર્મોની સમાન સ્થિતિ કરી, તેને ભોગવી લઇ, ક્ષય કરીને શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે અને એક સમયમાં ઉર્ધ્વ-ગતિએ સિદ્ધાલયમાં જઈ બિરાજે છે તથા અનંત અવ્યાબાધ સહજાનંદ શાંતસ્વરૂપમાં સર્વ કાળને માટે સ્થિતિ કરે છે. ઉપર કહ્યો તે આયુષ્યનો છેલ્લો અંતર્મુહૂર્તનો કાળ તે ચૌદમું અયોગી કેવળી નામનું ગુણસ્થાનક છે.

" મન વચન કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્‌ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહા ભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. "
(અપૂર્વ અવસર કાવ્યમાંથી)

શુક્લધ્યાનના ત્રીજા અને ચોથા પાયાના અપૂર્વ બળથી મન, વચન અને કાયાના યોગને રૂંધી, આત્માના પ્રદેશોને ચાર સમયમાં આખા લોકમાં ફેલાવી, પાછા સમયમાં ખેંચી લઈ સમુદ્દઘાતરૂપ ક્રિયા કરીને સિદ્ધ થાય છે ત્યારે એ સિદ્ધ ભગવંત લોકાગ્રે રહેલી સિદ્ધભૂમિમાં પરમ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ, પરમ દેદીપ્યમાન આત્મજ્યોતિ અને ચૈતન્ય-ઘન સ્વરૂપે ઉત્કૃષ્ટતાએ સર્વકાળને માટે શોભે છે.

" એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદરુપ જો.
પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. "
(અપૂર્વ અવસર–૭૩૮)

આ રીતે સર્વોત્કૃષ્ટ શુદ્ધિ અને સર્વોત્કૃષ્ટ સિદ્ધિને દેનાર સત્પુરૂષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમરૂપ ત્રણેય નિમિત્તોનું અત્યંત, વચનાતીત માહાત્મ્ય જોઇ ગયા. મિથ્યાત્વના નાશથી પરમપદની પ્રાપ્તિ કરાવવામાં સત્પુરૂષ અને તેમનાં વચનોનો અચિંત્ય ઉપકાર કયા પ્રકારે અને કેટલો છે તેની સિદ્ધિ પણ થઇ.

એ ત્રણેય નિમિત્તો ત્રિકાળ જયવંત વર્તો !

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# શ્રી સદ્‌ગુરુમહિમાદર્શક વચનો

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુર્ગુરુર્દેવો મહેશ્વરઃ;
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ.

ધ્યાનમૂલં ગુરુમૂર્તિઃ પૂજામૂલં ગુરુપદમ્;
મંત્રમૂલં ગુરુવાક્યં મોક્ષમૂલં ગુરુકૃપા.

અખંડ મંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્;
તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ.

અજ્ઞાનતિમિરાન્ધાનાં જ્ઞાનાંજનશલાકયા;
ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ.

પરાત્પર ગુરવે નમઃ પરંપરાચાર્ય ગુરવે નમઃ;
પરમ ગુરવે નમઃ સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્‌ગુરવે નમોનમઃ.

આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે; સત્શ્રુત અને સત્સમાગમ. પ્રત્યક્ષ સત્પુરૂષોનો સમાગમ ક્વચિત્ ક્વચિત્ જીવને પ્રાપ્ત થાય છે, પણ જો જીવ સદ્દૃષ્ટિવાન હોય તો સુત્શ્રુતના ઘણા કાળના સેવનથી થતો લાભ પ્રત્યક્ષ સત્પુરૂષના સમાગમથી બહુ અલ્પકાળમાં પ્રાપ્ત કરી શકે છે; કેમ કે પ્રત્યક્ષ ગુણાતિશયવાન નિર્મળ ચેતનના પ્રભાવવાળાં વચન અને વૃત્તિ ક્રિયાચેષ્ટિતપણું છે.

જીવને તેવો સમાગમયોગ પ્રાપ્ત થાય એવું વિશેષ પ્રયત્ન કર્ત્તવ્ય છે. તેવા યોગના અભાવે સત્શ્રુતનો પરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે. શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવા શાસ્ત્રોનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.

શ્રીમદ્ રાજચંદ્ર ( ૮૨૫ )

अज्ञानोपास्तिरज्ञानं, ज्ञानं ज्ञानिसमाश्रयः ।
ददाति यत्तु यस्यास्ति, सुप्रसिद्धमिदं वचः ।।

( ઈષ્ટોપદેશ, શ્રી પૂજ્યપાદ સ્વામી )

અજ્ઞાનીના આશ્રયથી અજ્ઞાન અને જ્ઞાનીના આશ્રયથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેની પાસે જે હોય, તે જ તે આપી શકે એ વચન સુપ્રસિદ્ધ છે.

गुरुपदेशादभ्यासात्संवित्तेः स्वपरान्तरम् ।
जानाति यः स जानाति, मोक्षसौख्यं निरन्तरम् ।।

( ઈષ્ટોપદેશ, શ્રી પૂજ્યપાદ સ્વામી )

શ્રીગુરુના ઉપદેશથી અભ્યાસ કરતાં કરતાં સ્વ અને પરના ભેદને જાણે છે તે મોક્ષસુખને જાણે છે.

जन्मांतरसंस्कारात् स्वयमेव किल प्रकाशते तत्त्वं ।
सुप्तोत्थितस्य पूर्वं प्रत्ययवन्निरूपदेशमपि ।।

જેમ નિદ્રામાંથી ઊઠેલા માણસને પૂર્વે એટલે સૂતાં પહેલાં અનુભવેલાં કાર્યો ઉપદેશ વિના, કોઈના કહ્યા સિવાય યાદ આવે છે, તેમ જન્માંતરના સંસ્કારવાળા પુરૂષને ઉપદેશ સિવાય પોતાની મેળે જ નિશ્ચે તત્ત્વજ્ઞાન પ્રકાશિત થાય છે.

अथवा गुरूप्रसादादिहैव समुन्मिषति नूनम् ।
गुरुचरणोपास्तिकृतः प्रशमजुषः शुद्ध चित्तस्यः ।।

અથવા જન્માંતરના સંસ્કાર સિવાય પણ ગુરુચરણની સેવા કરવાવાળા, શાંતરસ સેવનારા અને શુદ્ધ મનવાળાને ગુરુના પ્રસાદથી આ જ ભવમાં નિશ્ચે કરી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે.

तत्र प्रथमे त-त्वग[illegible] [illegible]पादका गुरुर्भवति ।
दर्शयिता स्वपरस्मिन् गुरुमेव सदा भजेत्तस्मात् ।।

પૂર્વ જન્મમાં પ્રથમ આત્મજ્ઞાનપ્રાપ્તિમાં ઉપદેશદાતા ગુરુ હોય છે અને બીજા ભવોમાં પણ તત્ત્વજ્ઞાન દેખાડનાર ગુરુ છે. આ કારણથી તત્ત્વજ્ઞાન માટે ગુરુની જ સદા સેવા કરવી.

—શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય : યોગશાસ્ત્ર

नवनोकषायवर्गं मिथ्यात्वं त्यज भावशुद्धया ।
चैत्यप्रवचनगुरुणां कुरु भक्ति जिनाज्ञया ॥

હે ભવ્ય! તું હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ એ નવ નોકષાય તથા મિથ્યાત્વને તજીને જિનઆજ્ઞા અનુસાર ચૈત્ય, પ્રવચન અને શ્રીગુરુની શુદ્ધ ભાવથી ભક્તિ કર.

आत्मा चारित्रवान् दर्शनज्ञानेन संयुतः आत्मा ।
सः ध्यातव्या नित्यं ज्ञात्वा गुरुप्रसादेन ॥

આત્મા ચારિત્રવાન તથા જ્ઞાનદર્શન સહિત છે. એવા આત્માને પરમકૃપાળુ શ્રી સદ્ગુરુની કૃપાપ્રસાદી પામી જાણવો જોઇએ. જાણીને તેનું જ નિત્ય ધ્યાન કરવું જોઇએ.

શ્રી કુંદકુંદાચાર્ય : અષ્ટપ્રાભૃત.

न गुरुः शुद्ध चिद्रूपस्वरुपप्रतिपादकः ।
लब्धो मन्ये कदाचितं विनाऽसौ लभ्यते कथम् ॥

મને લાગે છે કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માનું નિરુપણ કરનાર શ્રી સદ્ગુરુ કદી મળ્યા નથી. તે સદ્ગુરુ વિના આ શુદ્ધ જ્ઞાનાત્માની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણ : તત્ત્વજ્ઞાન તરંગિણી.

ગુરુ નાનક સાહેબ :

સતગુરુ સેવે સદા સુખ પાએ,
સતગુરુ અલખ દિયા લખાએ.
ગુરુ કા ધ્યાન કર પ્યારે। બિના ઈસકે નહીં છૂટના ॥

*

સંત તુલસી સાહેબ :

તુલસી યા સંસાર મેં, પાંચ રતન હૈં સાર।
સાધ સંગ સતગુરુ શરન, દીનદયા ઉપકાર ॥

*

સંત કબીર સાહેબ :

ગુરુ બિન ચેલા જ્ઞાન ન લહે।
ગુરુ બિન યહ જગ કૌન ભરોસા, કાકે સંગ હવૈ રહિયે ॥

*

સંત પીપા સાહેબ :

જો બ્રહ્માંડે સોઈ પિંડે, જો ખોજે સો પાવૈ।
'પીપા' પ્રનવૈ પરમ તત્ત હી, સતગુરુ હોઈ લખાવૈ ॥

*

મહાત્મા શ્રીચંદ્ર :

ગુરુ અવિનાશી ખેલ રચાયા,
અગમ નિગમકા પંથ બતાયા.
નિરાશ મઠ નિરંતર ધ્યાન,
નિર્ભય નગરી દીપક ગુરુજ્ઞાન.
અમૃત પ્યાલા ઉદક મન દિયા,
જો પીવે સો શીતલ ભયા.

મહાત્મા સુંદરદાસ :

સુંદર સતગુરુ સહજ મેં કીયે પેલી પાર;
ઔર ઉપાય ન તિરસકે, ભવસાગર સંસાર.

*

સંત જ્ઞાનેશ્વર :

જ્યાં ગુરુની કૃપા હોય ત્યાં શું સાધ્ય ન થાય?

જેમ ચિંતામણિની પ્રાપ્તિથી સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય છે, તેમ શ્રી ગુરુ નિવૃત્તિનાશના યોગથી મારી સમસ્ત ભાવનાઓ સિદ્ધિને પામી છે.

*

સ્વામી વિવેકાનંદ :

શ્રી ગુરુની આવશ્યકતા સંબંધમાં તેમના વિચારોનો સાર આ પ્રમાણે છે :—

આત્માની જાગૃતિ અને આત્માનો વિકાસ બીજા આત્માની વેગવતી પ્રેરણાથી થાય છે; અન્ય પ્રકારે એટલે માત્ર ગ્રંથો વાંચવાથી કે વચનો સાંભળવાથી થતાં નથી. જે પુરૂષના આત્મામાંથી પ્રેરણાબળનો સંચાર થાય છે તેને ગુરુ કહે છે અને પ્રેરણાને અંતરમાં ઝીલનારને શિષ્ય કહે છે. શ્રી ગુરુમાં પ્રેરણાબળ આપવાની શક્તિ અને શિષ્યમાં તેને ઝીલવાની યોગ્યતા હોવાં ઘટે છે.

*

गुरुरुपाय: । (शिवसूत्र २-६)

Guru is the means.

The difficulties one encounters on the journey (to the Divine) are innumerable. No man can surmount them by himself. It is the guidance and the power of the Guru working in the disciple that ferry him across.

The ultimate action that liberates by untying the knots in the heart and dissipating the last shades of ignorance, comes not from the puny effort of man but from the Divine Grace, which for the disciple acts through the Guru. The Guru is the indispensable means.

(આ અને હવે પછીનાં વચનો શ્રી માધવ પુંડળિક પંડિતે લખેલ "Gems From The Tantras" પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત કરી આપ્યા છે. શ્રી પંડિતને શ્રી અરવિંદ ઘોષ તથા 'માતા'નો પ્રત્યક્ષ સમાગમયોગ હતો. તેમણે યોગ, વેદ, તંત્ર અને ઉપનિષદ્ ઉપર ચાલીસથી વધારે પુસ્તકો લખ્યા છે.)

नरवद् दृश्यते लोके श्रीगुरुः पापकर्मणा ।
शिववद् दृश्यते लोके भवानि पुण्यकर्मणा ॥

( કુલાર્ણવ તંત્ર ૩ )

As human, the guru is seen by the sinner; as divine, by the meritful.

Though the Guru has a human body, it is not really the human element that functions as the Guru. It is the Divine realized by him or manifest in him or invoked through him that is the real Guru. Only those who have acquired the competence or are gifted by Grace to perceive this truth, are able to regard the Guru in human form as none other than the Divine. The others in ignorance see only the human exterior and look upon the Guru as but a man.

( Gems from the Tantras )

एकगुरुपास्तिः । ( પરશુરામ કલ્પસૂત્ર ૧-૨૦ )

**Resort to one Guru.**

The Guru is the spiritual father of the disciple; he takes the disciple in his own being, fills him with the consciousness, links the destiny of the novice with his own and thus makes him a permanent part of himself. The disciple surrenders to him wholly and his well-being and progress depend upon his faithfulness to the Guru who is carrying him on the Path. To seek for other Gurus, to open to other influences, cuts across this belt of security. Therefore must one stick to one ideal, one Deity, one Guru, once the choice has been made.

(Gems from the Tantras)

करस्पर्शं तु देवेशि प्रपञ्चमलिनादिकम् ।
लोहत्वं नाशयित्वा हि सुवर्णत्व करोति हि ॥
( જ્ઞાનાર્ણવ તંત્ર ૨૪-૪૧ )

The touch of the hand of the Guru destroys the impurities of the world and converts the base metal into gold.

There are many ways in which the Guru helps and uplifts the disciple. There is his constant influence which acts like the warmth of the hearth preparing the being of the disciple to catch the flame. There is his look which radiates his grace and casts a protective ring round the disciple. He teaches, he communicates knowledge by word / of mouth, by example. All these have value, great value indeed.

But the most valuable is the physical touch of his hand. There are certain obstinate physical and subtle-physical samskaras, associations and habits, which are difficult for the seeker to get rid of unaided. They can be removed only by the direct power of the Guru flowing through a physical channel. On this plane of physical matter, the importance of physical means cannot be gainsaid. Under certain circumstances physical means alone are fully effective. The means have to correspond to the plane of existence that is being worked upon.

The physical touch of the Guru sets into current a dynamis that strikes at the sources of the physical obstructions, eliminates them from the source and enables the spiritual Power to transform the human material into the divine.

**(Gems from the Tantras)**

વાચકોની નોંધ:—

# વાચકોની નોંધઃ—